سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ وَبِحَمْدِهٖ

અઝીમુશ્શાન (ભવ્ય) વઝીફો

હઝરત અબૂ અય્યૂબ અન્સારી (રદિ.)થી મરફૂઅન રિવાયત છે કે જ્યારે સૂરએ ફાતિહા, આયતુલ કુર્સી, આયત શહિદલ્લાહુ.... અને કુલિલ્લાહુમ્મ માલિકુલ મુલ્કિ....બિગયૂરિ હિસાબિન્.... સુધી નાઝિલ થઇ તો અર્શથી લટકીને (આ સૂરતોએ) ફરિયાદ કરી કે તમે અમને એવી કૌમ પર નાઝિલ ફરમાવી રહ્યા છો, જેઓ ગુનાહ કરે છે. અલ્લાહ તઆલાએ ઇરશાદ ફરમાવ્યો કે સોગંદ છે મારી ઇઝ્ઝત, જલાલ, પ્રતિષ્ઠાના કે જેઓ દરેક ફર્ઝ નમાઝના પછી તમારી તિલાવત કરશે હું એની મગફિરત ફરમાવીશ અને જન્નતુલ ફિરદૌસમાં સ્થાન–ઠેકાણું આપીશ અને દરરોજ એના તરફ સિત્તેર વખત નજરે રહમત (કૃપાભરી દષ્ટિ)થી નિહાળીશ અને એની સિત્તેર (૭૦) હાજરતો–જરૂરતોને પૂરી ફરમાવીશ, જેનો હલકો દરજ્જો મગફિરત છે. (દયલમી)

ફાયદો : અમુક રિવાયતોમાં વર્ણન છે કે હું એને દુશ્મનો પર ગલબો (સર્વોપરિતા) આપીશ.

પઢવાની રીત : અલ્હમ્દુ શરીફ, આયતુલ કુર્સી પઢીને આ આયત પઢે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

شَهِدَ اللّٰهُ اَنَّهٗ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۙ وَالْمَلٰٓئِكَةُ
وَاُولُوا الْعِلْمِ قَآئِمًا بِالْقِسْطِ ؕ لَآ اِلٰهَ اِلَّا هُوَ الْعَزِيْزُ
الْحَكِيْمُ ﴿١٨﴾ اِنَّ الدِّيْنَ عِنْدَ اللّٰهِ الْاِسْلَامُ ۟ وَمَا
اخْتَلَفَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ اِلَّا مِنْۢ بَعْدِ مَا
جَآءَهُمُ الْعِلْمُ بَغْيًا بَيْنَهُمْ ؕ وَمَنْ يَّكْفُرْ بِاٰيٰتِ اللّٰهِ
فَاِنَّ اللّٰهَ سَرِيْعُ الْحِسَابِ ﴿١٩﴾ (اٰلِ عمران ٣:١٨-١٩)

બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

શહિદલ્લાહુ અન્નહુ લા ઈલા-હ ઈલ્લા હુ-વ, વલ્ મલાઈકતુ વ ઉલુલ્ ઈલ્મિ કાઈમમ્ બિલ્ કિસ્તિ. લા ઈલા-હ ઈલ્લા હુવલ્ અઝીઝુલ્ હકીમ. ઈન્નદ્દીન ઈન્દલ્લાહિલ્ ઈસ્લામ, વ મખ્તલફલ્લઝીન ઉતુલ્ કિતાબ ઈલ્લા મિમ્ બઅ્દિ મા જાઅહુમુલ્ ઈલ્મુ બગ્યમ્ બય્નહુમ્, વ મંય્યક્ફુર્ બિઆયાતિલ્લાહિ ફ ઈન્નલ્લાહ સરીઉલ હિસાબ.

પછી આ આયત પઢે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَللّٰهُمَّ مٰلِكَ الْمُلْكِ تُؤْتِي الْمُلْكَ مَنْ تَشَآءُ وَتَنْزِعُ
الْمُلْكَ مِمَّنْ تَشَآءُ ۫ وَتُعِزُّ مَنْ تَشَآءُ وَتُذِلُّ مَنْ تَشَآءُ ؕ
بِيَدِكَ الْخَيْرُ ؕ اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿٢٦﴾ (اٰلِ عمران ٣:٢٦)

تُولِجُ الَّيْلَ فِي النَّهَارِ وَتُولِجُ النَّهَارَ فِي الَّيْلِ ۖ
وَتُخْرِجُ الْحَيَّ مِنَ الْمَيِّتِ وَتُخْرِجُ الْمَيِّتَ مِنَ
الْحَيِّ ۖ وَتَرْزُقُ مَنْ تَشَاءُ بِغَيْرِ حِسَابٍ ﴿٢٧﴾

(آل عمران ٣: ٢٦ تا ٢٧، پارہ ٣)

બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

અલ્લાહુમ્મ માલિકલ્ મુલ્કિ તુઅ્તિલ્ મુલ્ક મન્ તશાઉ વ તન્ઝિઉલ્ મુલ્ક મિમ્મન્ તશાઉ, વ તુઈઝ્ઝુ મન્ તશાઉ વ તુઝિલ્લુ મન્ તશાઉ, બિયદિકલ્ ખય્ર, ઈન્નક અલા કુલ્લિ શય્ઈન્ કદીર. તુલિજુલ્લયલ ફિન્નહારિ વ તુલિજુન્નહાર ફિલ્લય્લિ, વ તુખ્રિજુલ્ હય્ય મિનલ્ મય્યિતિ વ તુખ્રિજુલ્ મય્યિત મિનલ્ હય્ય, વ તર્ઝુકુ મન્ તશાઉ બિગય્રિ હિસાબ.

અબ્દાલ બનવાની યુકિત

હઝરત ઈમામ ગિઝાલી (રહ.)એ અહ્યાઉલ ઉલૂમમાં ફરમાવ્યું છે કે જે માણસ દરરોજ નીચે દર્શાવેલ દુઆ ત્રણ વખત પઢશે એના માટે અબ્દાલનો દરજ્જો લેખાશે.

નોટ : અબ્દાલ અવલિયાએ કિરામ (રહ.)માં એક ઉચ્ચ દરજ્જો છે. તે દુઆ આ છે :

اَللّٰهُمَّ اغْفِرْ لِاُمَّةِ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ط
اَللّٰهُمَّ ارْحَمْ اُمَّةَ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ط
اَللّٰهُمَّ تَجَاوَزْ عَنْ اُمَّةِ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ط

અલ્લાહુમ્મગ્ફિર્ લિ-ઉમ્મતિ મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલય્હિ

વ સલ્લમ્. અલ્લાહુમ્મર્રહમ્ ઉમ્મતિ મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલય્હિ વ સલ્લમ્. અલ્લાહુમ્મ તજાવઝ્ અન્ ઉમ્મતિ મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલય્હિ વ સલ્લમ્.

[**અર્થ** : હે અલ્લાહ ! મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ઉમ્મતની મગફિરત ફરમાવ. હે અલ્લાહ ! ઉમ્મતે મુહમ્મદી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર રહમ–દયા ફરમાવ. હે અલ્લાહ ! ઉમ્મતે મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને માફ ફરમાવ.]

(મઝાહિરે હક્ક જદીદ, ભાગ : ૪, પેજ : ૫૯, હિસ્સો–કિશ્ત : ૧૩૦)

અમલની ખૂબીનો કીમિયો

હકીમુલ ઉમ્મત હઝરત થાનવી (રહ.)એ પોતાના એક વઅઝ (તકરીર)માં અલ્પશક્તિ ધરાવનારાઓ માટે ઉપાય બતાવ્યો છે, જે નીચે દર્શાવેલ છે :

બે રકાત નફલ નમાઝ તૌબાની નિય્યતથી પઢીને આ દુઆ માંગે : ''હે અલ્લાહ ! હું આપનો અત્યંત નાફરમાન બંદો છું, ફરમાબરદારીનો ઈરાદો કરું છું, પરંતુ મારા ઈરાદાથી કંઈ થતુ નથી અને તારા ઈરાદાથી બધું કંઈક થઈ શકે છે. હું ઈચ્છું કે મારી ઈસ્લાહ–સુધારણા થઈ જાય, પરંતુ મારી હિમ્મત (શક્તિ) થતી નથી. આપના જ અખ્ત્યારમાં છે મારી સુધારણા. હે અલ્લાહ ! હું ઘણો નાલાયક છું, ઘણો ગુનેહગાર છું, હું લાચાર થઈ રહ્યો છું તું મારી મદદ ફરમાવ. મારું દિલ કમઝોર છે, ગુનાહોથી બચવાની તાકાત નથી, તું જ તાકાત આપ. મારી પાસે છુટકારાનો કોઈ માર્ગ નથી, તું જ મારા માટે છુટકારાનો ગૈબથી માર્ગ બતાવ. હે અલ્લાહ ! જે ગુનાહ મેં અત્યાર સુધી કર્યા હોય એને પોતાની રહમતથી માફ ફરમાવ, જો (કે) હું આ નથી કહેતો કે ભૂતકાળમાં આ ગુનાહોને ન કરીશ. હું જાણું છું કે ભૂતકાળ

માં ફરી કરીશ, પરંતુ ફરી માફ કરાવી લઈશ. (ઝખીરએ આખિરત)

આ જ રીતે દરરોજ પોતાના ગુનાહોની માફી અને કમઝોરી તથા આત્મા સુધારણાની દુઆ અને નાલાયકીનો સ્વીકાર કર્યા કરે તો ફક્ત દસ મિનિટ આ કામ કરી લો. લો ભાઈ દવા પણ ન પીઓ, પરહેઝી પણ છોડો. ફક્ત સૂતી વખતે મીઠાનો ઉપયોગ કર્યા કરો.

તમે થોડાક દિવસોમાં જોશો કે ઈન્શા અલ્લાહ ગૈબથી એવા ચિહ્નો પેદા થશે કે હિમ્મત પણ થશે, ઈઝ્ઝતમાં ડાઘ પણ ન લાગશે, પરેશાનીઓ પણ ન આવશે, ગૈબથી એવી શકલ પેદા થશે કે તમારા દિમાગમાં એનો ખ્યાલ પણ ન થશે.

ફરિશ્તાઓને આ કલિમાતના સવાબનો અંદાજ નથી

اَلْحَمْدُ لِلّٰهِ حَمْدًا كَثِيْرًا طَيِّبًا مُّبَارَكًا
فِيْهِ كَمَا يُحِبُّ رَبُّنَا وَيَرْضٰى ط

અલ્હમ્દુ લિલ્લાહિ હમ્દન્ કષીરન્ તય્યિબમ્ મુબારકન્ ફીહિ કમા યુહિબ્બુ રબ્બુના વ યરદા.

[**અર્થ :** તારા માટે જ સર્વ પ્રકારની તારીફ છે, એવી તારીફ જે પુષ્કળ હોય, પવિત્ર હોય, બરકતવંત હોય, એવી તારીફ જેવી અમારો પરવરદિગાર ઈચ્છે છે અને પસંદ કરે છે.] (ઝખીરએ આખિરત)

વિવરણ : હદીસ શરીફમાં આવ્યું છે કે એક માણસ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની મજલિસમાં હાજર થયા, જ્યારે તે માણસ બેઠા અને ઉપરોક્ત કલિમાત કહ્યા તો રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : સોગંદ તે પાક ઝાતના જેના કબજામાં મારા પ્રાણ

છે જેમ કે આ માણસે આ કલિમાત કહ્યા તો દસ (૧૦) ફરિશ્તાઓ એની તરફ લપક્યા. દરેક ઈર્ષા કરતો હતો કે હું એને લખી લઉં, પરંતુ એમની સમજમાં આ ન આવ્યું કે એને કઈ રીતે લખીએ ? (એટલે એનો કેટલો સવાબ લખીએ ?) ચુનાન્ચેઃ રબ્બુલ ઈઝ્ઝતના સામે આ કલિમાતને રજૂ કર્યા તો અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે આ (કલિમાત)ને એવા જ લખી લ્યો જેવા મારા બંદાએ કહ્યા છે. (હું પોતે એનો સવાબ આપીશ.)

ફરિશ્તાઓ આખું વર્ષ આ હમ્દનો સવાબ લખતા રહે છે

ઝરકશી (રહ.)એ "સિબ્લુલ્ ખયૂરાત" કિતાબથી નકલ કર્યું છે કે એક માણસે હજ કરી અને કા'બાતુલ્લાહની ચોખટ (ઉંબરો) પકડીને નીચે દર્શાવેલ કલિમાતે હમ્દ–કલિમાત પઢયા અને ચાલ્યો ગયો. બીજા વર્ષે ફરી હજ્જ માટે આવ્યો અને આ વખતે પણ ચોખટ (ઉંબરો) મુબારક પકડીને આ હમ્દ (નીચે દર્શાવેલ) પઢવાનો ઈરાદો કર્યો તો ગૈબી ફરિશ્તાએ અવાજ આપ્યો : 'તેં ગયા વર્ષે (આ કલિમાત) પઢીને નેકી લખનાર ફરિશ્તાઓને થકવી દીધા કે તેઓ હજુ સુધી આ કલિમાતનો સવાબ લખવાથી ફારિગ થયા નથી.'

(અવ્રાદે ફઝ્લિય્યહ)

اَلْحَمْدُ لِلّٰهِ بِجَمِيْعِ مَحَامِدِهٖ كُلِّهَا مَا عَلِمْتُ مِنْهَا وَمَا لَمْ اَعْلَمْ عَلٰى جَمِيْعِ نِعَمِهٖ كُلِّهَا مَا عَلِمْتُ مِنْهَا وَمَا لَمْ اَعْلَمْ وَعَدَدَ خَلْقِهٖ كُلِّهِمْ مَّا عَلِمْتُ مِنْهُمْ وَمَا لَمْ اَعْلَمْ ط

سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ وَبِحَمْدِهٖ

એક પદ્મ (દસ ખરબ)થી વધુ તસ્બીહ પઢવાનો સવાબ

હઝરત હસન બસરી (રહ.) ફરમાવે છે કે, મને આ વાત પહોંચી છે કે આસમાનમાં અલ્લાહ તઆલાનો એક ફરિશ્તો છે, જેને એક લાખ માથા છે અને દરેક માથામાં એક લાખ મોઢાં છે અને દરેક મોઢાંમાં એક લાખ ઝુબાનો છે અને દરેક ઝુબાનમાંથી એક અલગ ભાષામાં અલ્લાહની તસ્બીહ પવિત્રતા બયાન કરે છે. આ ફરિશ્તાએ અલ્લાહ તઆલાથી પૂછયું : શું તેં કોઇ એવી મખ્લૂક પણ પૈદા કરી છે, જે મારાથી વધુ પ્રમાણમાં તારી તસ્બીહ બયાન કરતી હોય ? તો અલ્લાહ તઆલાએ ઇરશાદ ફરમાવ્યો : હાં, જમીનમાં મારો એક બંદો છે, જે તસ્બીહ–પવિત્રતા બયાન કરવામાં તારાથી આગળ (વધીને) છે. તો ફરિશ્તાએ વિનંતી કરી કે હે પરવરદિગાર ! શું તમે મને પરવાનગી આપશો કે હું એની પાસે હાજર થાઉં ? ફરમાવ્યું : જઇ શકે છે. તો તે ફરિશ્તો આ બંદા પાસે પહોંચ્યો અને એની તસ્બીહ પવિત્રતાને સાંભળી તો બંદો કહી રહ્યો હતો :

سُبْحَانَ اللّٰهِ عَدَدَ مَاسَبَّحَهُ الْمُسَبِّحُوْنَ
مُنْذُ قَطُّ اِلَى الْاَبَدِ اَضْعَافًا مُّضَاعَفَةً
اَبَدًا سَرْمَدًا اِلٰى يَوْمِ الْقِيَامَةِ ط وَالْحَمْدُ

لِلّٰهِ عَدَدَ مَا حَمِدَهُ الْحَامِدُوْنَ مُنْذُ قَطُّ اِلَى
الْاَبَدِ اَضْعَافًا مُضَاعَفَةً كَذٰلِكَ ط وَلَآ اِلٰهَ
اِلَّا اللّٰهُ عَدَدَ مَا هَلَّلَهُ الْمُهَلِّلُوْنَ مُنْذُ قَطُّ
اِلَى الْاَبَدِ كَذٰلِكَ ط وَاللّٰهُ اَكْبَرُ عَدَدَ مَا كَبَّرَهُ
الْمُكَبِّرُوْنَ مُنْذُ قَطُّ اِلَى الْاَبَدِ كَذٰلِكَ ط
وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ عَدَدَ مَا مَجَّدَهُ
الْمُمَجِّدُوْنَ مُنْذُ قَطُّ اِلَى الْاَبَدِ كَذٰلِكَ ط

સુબ્હાનલ્લાહિ અ-દ-દ મા સબ્બહુલ્ મુસાબ્બિહુ-ન મુન્ઝુ કત્તુ ઈલલ્ અ-બ-દિ અઝ્આફમ્ મુઝાઅફતન્ અબદન્ સરમદન્ ઈલા યવ્મિલ્ કિયામતિ, વલ્ હમ્દુ લિલ્લાહિ અ-દ-દ મા હમિદહુલ્ હામિદૂ-ન મુન્ઝુ કત્તુ ઈલલ્ અ-બ-દિ અઝ્આફન્ કઝાલિક્. વલા ઈલા-હ ઈલ્લલ્લાહુ અ-દ-દ મા હલ્લ લહુલ્ મુહલ્લિલુ-ન મુન્ઝુ કત્તુ ઈલલ્ અ-બ-દિ કઝાલિક્. વલ્લાહુ અક્બરુ અ-દ-દ મા કબ્બરહુલ્ મુકબ્બિરુ-ન મુન્ઝુ કત્તુ ઈલલ્ અ-બ-દિ કઝાલિક્, વલા હવ્લ વલા કુવ્વ-ત ઈલ્લા બિલ્લાહિ અ-દ-દ મા મજ્જદહુલ્ મુમજ્જિદુ-ન મુન્ઝુ કત્તુ ઈલલ્ અ-બ-દિ કઝાલિક્.

[**અર્થ** : એટલી ગણતરીમાં "સુબ્હાનલ્લાહ" પઢું છું, જેટલી ગણતરીમાં અલ્લાહની તસ્બીહ–પવિત્રતા કરનારાઓએ કહી છે. અઝલ (અનાદિકાળ)થી અબદ (હંમેશ) સુધી બમણી–બે ગણી હંમેશા હંમેશ માટે કિયામત સુધી અને "અલ્હમ્દુ લિલ્લાહ" પઢું છું, જેટલી મિક્દાર–સંખ્યામાં

અલ્લાહની હમ્દ–તારીફ કરનારાઓએ પઢયું છે. શરૂથી આ જ રીતે હંમેશ સુધી બે ગણુ. ''લા ઈલા–હ ઈલ્લલ્લાહુ'' પઢું છું એટલી ગણતરીમાં જેટલી ગણતરી–પ્રમાણમાં એની તહ્લીલ (લા ઈલા–હ ઈલ્લલ્લાહ) પઢનારાઓએ શરૂથી હંમેશ સુધી પઢયું છે. આ જ રીતે (એટલે કિયામત સુધી અને ''અલ્લાહુ અકબર'' પણ એટલી ગણતરીમાં પઢું છું, જેટલી ગણતરીમાં એની મહાનતા બયાન કરનારાઓએ મહાનતા બયાન ફરમાવી છે. શરૂથી હંમેશ સુધી આ જ રીત (બે ગણુ–બમણું કિયામત સુધી) અને ''લા હવૂલ વલા કુવ્વ–ત ઈલ્લા બિલ્લાહ'' કહું છું એટલી ગણતરીમાં જેટલી એની બુઝુર્ગી બયાન કરનારાઓએ એની બુઝુર્ગી બયાન ફરમાવી છે શરૂથી હંમેશ સુધી આ જ રીતે (બે ગણુ–બમણું) કિયામત સુધી.

ફાયદો : આ હદીસથી માલુમ થયું કે આ તસ્બીહ કહેનાર ફરિશ્તાની ઘણી ઝુબાનો છે, જેના વડે અલગ અલગ ભાષામાં અલ્લાહ તઆલાની તસ્બીહ કહે છે અને આ પણ માલુમ થયું કે જો ઉપરોક્ત કલિમાતથી અલ્લાહની તસ્બીહ–પવિત્રતા અને વખાણ–હમ્દ બયાન કરે તો તે આ રીતે ફરિશ્તાની તસ્બીહના બરાબર બલકે કેટલીક ઘણી વધુ તસ્બીહ બયાન કરી શકે છે. ઘણો જ મોટો અમલ છે. અલ્લાહ તઆલા આપણા બધાને મા'મૂલ–નિયમ બનાવવાની તૌફિક આપે.

(તારીખે કઝ્વીન ઈમામ રાફિઈ રહ.)

દરેક ભલાઈથી માલામાલ–સંપન્ન

ખૂબ નાની–ટૂંકી (દુઆ) પરંતુ ખૂબ લાભદાયક છે. આ (દુઆ) પઢનાર ઈન્શા અલ્લાહ દરેક ભલાઈથી સર્વ પ્રકારની ભલાઈથી માલામાલ–સંપન્ન થઈ જશે. દુઆ આ પ્રમાણે છે :

يَابَدِيْعَ الْعَجَائِبِ بِالْخَيْرِ يَابَدِيْعُ ط

યા બદીઅલ્ અજાઈબી બિલ્ ખયરિ યા બદીઉ.

[**અર્થ** : હે અનોખી વસ્તુઓને ભલાઈના સાથે પેદા કરનાર ! હે નવી વસ્તુઓને પેદા કરનાર !] (ઝખીરએ આખિરત)

કિયામતના દિવસે અલ્લાહની રહમતથી માલામાલ-સંપન્ન

ફઝીલત : હદીસ શરીફમાં છે કે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, જે માણસ (નીચે દર્શાવેલ દુઆ) સવાર-સાંજ નમાઝ પછી ત્રણ ત્રણ વાર પઢશે તો એને કિયામતના દિવસે અલ્લાહ તઆલા પોતાની રહમતથી માલામાલ-સંપન્ન કરશે. દુઆ આ પ્રમાણે છે :

رَضِيْتُ بِاللّٰهِ رَبًّا وَّبِالْاِسْلَامِ دِيْنًا وَّبِمُحَمَّدٍ نَّبِيًّا ط

રદિતુ બિલ્લાહિ રબ્બંવ્ વબિલ્ ઈસ્લામિ દીનંવ્ વબિ મુહમ્મદિન્નબિય્યા.

[**અર્થ** : અમે રાઝી થયા અલ્લાહના પરવરદિગાર હોવા પર અને ઈસ્લામના દીન હોવા પર અને હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના નબી હોવા પર.]

(ઝખીરએ આખિરત)

દિલમાં અને ચહેરા પર નૂર પૈદા કરવા માટે

દિલમાં અને ચહેરા પર નૂર પૈદા કરવા માટે નીચે દર્શાવેલ

આયત દરરોજ એક વખત પઢીને પોતાના પર દમ કરે.

اَللّٰهُ نُوْرُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ مَثَلُ نُوْرِهٖ كَمِشْكٰوةٍ فِيْهَا
مِصْبَاحٌ ؕ اَلْمِصْبَاحُ فِيْ زُجَاجَةٍ ؕ اَلزُّجَاجَةُ كَاَنَّهَا كَوْكَبٌ
دُرِّيٌّ يُّوْقَدُ مِنْ شَجَرَةٍ مُّبٰرَكَةٍ زَيْتُوْنَةٍ لَّا شَرْقِيَّةٍ وَّلَا
غَرْبِيَّةٍ ۙ يَّكَادُ زَيْتُهَا يُضِيْٓءُ وَلَوْ لَمْ تَمْسَسْهُ نَارٌ ؕ نُوْرٌ عَلٰى
نُوْرٍ ؕ يَهْدِى اللّٰهُ لِنُوْرِهٖ مَنْ يَّشَآءُ ؕ وَيَضْرِبُ اللّٰهُ الْاَمْثَالَ
لِلنَّاسِ ؕ وَاللّٰهُ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ۙ ﴿۳۵﴾ (النور ۲۴:۳۵، پاره ۱۸)

● ● ●

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ
عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ؕ
اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ
عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ؕ

● ● ●

જે માણસ આ (નીચે દર્શાવેલ) દુઆ પઢશે તો જાણે એણે માં-બાપનો હક અદા કરી દીધો

એક રિવાયતમાં વર્ણન છે કે, જે માણસ પોતાના માં-બાપ તરફથી હજ કરે તો એમને (માં-બાપ)ને એક હજનો સવાબ

મળે છે અને હજ કરનારને નવ (૯) હજ્જનો સવાબ મળે છે.

અલ્લામહ અયની (રહ.)એ શર્હે બુખારીમાં એક હદીસ નકલ કરી છે કે જે માણસ એક વખત આ દુઆ પઢે અને ત્યાર બાદ આમ કહે કે હે અલ્લાહ ! આ દુઆનો સવાબ મારા માં–બાપને પહોંચાડી દે તો એણે માં–બાપનો હક અદા કરી દીધો. દુઆ આ છે :

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ رَبِّ السَّمٰوٰتِ وَرَبِّ الْاَرْضِ وَرَبِّ الْعٰلَمِيْنَ وَلَهُ الْكِبْرِيَآءُ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ط لِلّٰهِ الْحَمْدُ رَبِّ السَّمٰوٰتِ وَرَبِّ الْاَرْضِ وَرَبِّ الْعٰلَمِيْنَ وَلَهُ الْعَظَمَةُ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ هُوَ الْمَلِكُ رَبُّ السَّمٰوٰتِ وَرَبُّ الْاَرْضِ وَرَبُّ الْعٰلَمِيْنَ وَلَهُ النُّوْرُ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ط (فضائل صدقات: صفحہ ۲۱۵)

يَا حَيُّ يَا قَيُّوْمُ لَآ اِلٰهَ اِلَّا اَنْتَ. اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِهٖ وَسَلِّمْ ط (نزہۃ المجالس)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ مِّلْأَ السَّمٰوٰتِ وَمِلْأَ الْاَرْضِ وَمِلْأَ الْعَرْشِ الْعَظِيْمِ ط

માં-બાપ માટે ખૈર-ભલાઈની દુઆ

નીચે દર્શાવેલ આયતમાં માં-બાપ માટે દુઆ માગવાની રીત શીખવી છે. એમના માટે આ રીતે દઆ માગો :

رَبِّ ارْحَمْهُمَا كَمَا رَبَّيٰنِيْ صَغِيْرًا ﴿٢٤﴾ (بنی اسرائیل ۱۷:۲۴)

રબ્બિર્ હમ્હુમા કમા રબ્બયાની સગીરા.

(સૂરએ બની ઈસ્રાઈલ, રુકૂઅ ૩)

[**અર્થ** : હે પરવરદિગાર ! એમના પર (માં-બાપ) પર રહમ-દયા ફરમાવ, જેમ કે એમણે મને બાળપણથી પાલવ્યો.]

(ઝખીરએ આખિરત)

કુટુંબના પરહેઝગાર થવા માટે અને પોતાને પરહેઝગારીના ઉચ્ચ દરજ્જા પર પહોંચાડવા માટેની દુઆ

પોતાના કુટુંબના પરહેઝગાર થવા માટે અને પોતાને તકવા-પરહેઝગારીના ઉચ્ચ દરજ્જા પર પહોંચાડવા માટેની દુઆ :

رَبَّنَا هَبْ لَنَا مِنْ اَزْوَاجِنَا وَذُرِّيّٰتِنَا قُرَّةَ اَعْيُنٍ
وَّاجْعَلْنَا لِلْمُتَّقِيْنَ اِمَامًا ﴿٧٤﴾ (الفرقان ۲۵:۷۴، پارہ ۱۹)

રબ્બના હબ્લના મિન્ અઝ્વાજિના વઝુર્રિય્યાતિના કુર્રત અઅ્યુનિંવ્ વજ્અલ્ના લિલ્ મુત્તકીન ઈમામા.

(અલ ફુરકાન, આયત ૭૪)

ઈમાનવાળાઓની આ જ દુઆ હોવી જોઈએ

નીચે દર્શાવેલ દુઆ આપ (સલ્લલ્લાહુ અલયહિ વ

સલ્લમ)થી નકલ છે. ઈમાનવાળાઓની આ જ હાલત હોવી જોઈએ.

اَللّٰهُمَّ اجْعَلْنِيْ مِنَ الَّذِيْنَ اِذَا اَحْسَنُوْا اِسْتَبْشَرُوْا وَاِذَا اَسَاءُوْا اِسْتَغْفَرُوْا ط

અલ્લાહુમ્મજ્ અલ્ની મિનલ્લઝીન ઈઝા અહ્સનુ ઈસ્તબ્સરુ વ ઈઝા અસાઊ ઈસ્તગ્ફરુ. (ઈબ્ને માજહ, શુઅ્બુલ ઈમાન)

[**અર્થ** : હે અલ્લાહ ! મને એ બંદાઓમાંથી બનાવી લે, જેઓ નેકી કરે તો ખુશ થાય અને જ્યારે ખરાબ કામ કરે તો મગફિરત તલબ કરે.]

બેનમાઝીનો ઈબ્રતનાક કિસ્સો

"દુર્રતુન્ નાસિહીન" કિતાબના લેખકે લખ્યું છે કે એક માણસ જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો કે શયતાન એનો સહયાત્રી થઈ ગયો, એ માણસે તે દિવસની ફજર, ઝોહર, અસર, મગરિબ, ઈશા પાંચેવ નમાઝો પઢી ન હતી, જ્યારે સુવાનો વખત થયો. એણે ઈચ્છયું કે મારો સાથી (શયતાન) મારી સાથે સૂવે, પરંતુ શયતાને એનાથી દૂર ભાગવાનું ઈચ્છયું. આ માણસે કહ્યું : તું મારાથી દૂર કેમ ભાગે છે ? શયતાને કહ્યું કે મેં ઉમ્રભરમાં અલ્લાહની એક વખત નાફરમાની કરી હતી, જે કારણે મારા ઉપર ફિટકાર કરવામાં આવી, પરંતુ તેં એક દિવસમાં અલ્લાહની પાંચ વખત નાફરમાની કરી, મને બીક છે કે અલ્લાહ તઆલા નારાજ થઈને તારા ઉપર કોઈ અઝાબ મોકલે તો તારી નાફરમાનીના કારણે હું પણ માર્યો જઈશ. (ઝખીરએ આખિરત)

હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : મુસલમાન અને કાફિરના વચમાં ફર્ક–તફાવત કરનારી વસ્તુ નમાઝ છોડવું છે અને ફરમાવ્યું કે જે માણસ

જાણીબુઝીને નમાઝ છોડી દે અલ્લાહ તઆલાના બંધનથી મુક્ત થઈ જાય છે.

હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે નમાઝ દીનનો પાયો–સ્તંભ છે. બસ, જે માણસે નમાઝને કાયમ–મજબૂત કરી એણે દીનને અવમૂલ્યન કર્યો.

ઈબાદતોમાં સૌથી ઉચ્ચ દરજ્જો અને મહત્ત્વ પૂર્ણ ઈબાદત નમાઝ છે. કુર્આન શરીફમાં અસંખ્ય ઠેકાણે એને કાયમ–પાબંદી કરવાનો હુકમ વર્ણન છે અને એને એવી ઈબાદત ઠેરવી છે કે બુરાઈ બેશરમી, નિર્લજ્જતા અને ખરાબ કામોથી રોકનાર છે. કિયામતના દિવસે સૌથી પહેલાં એના વિશે પૂછપરછ થશે.

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી સવાલ કરવામાં આવ્યો કે કયો અમલ શ્રેષ્ઠ છે ? ફરમાવ્યું : વખત પર નમાઝ પઢવી.

હઝરત અબ્દુલ્લાહ શફીક (રદિ.) ફરમાવે છે કે સહાબએ કિરામ (રદિ.) નમાઝ છોડવાને કુફ્રનો અમલ સમજતા હતા.

બેનમાઝી ચારેવ ઈમામોના નઝદીક–મત મુજબ સખત સજાને પાત્ર છે.

મહામૂલો ઝિક્ર

હદીસ : હઝરત સઅદ બિન વક્કાસ (રદિ.)થી રિવાયત છે કે તે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના સાથે એક અવરત પાસે તશરીફ લઈ ગયા, જેની સામે ખજૂરના ઠળીયા અથવા કાંકરીઓ પડેલી હતી, જેના પર તે તસ્બીહ પઢી રહી હતી. આપ (સલ.)એ ઈરશાદ ફરમાવ્યો : હું એવો અમલ ન બતાવું, જે આનાથી સરળ અને અફઝલ પણ હોય,

પછી આ કલિમાત બયાન ફરમાવ્યા :

سُبْحَانَ اللّٰهِ عَدَدَ مَاخَلَقَ فِي السَّمَآءِ، سُبْحَانَ اللّٰهِ عَدَدَ مَاخَلَقَ فِي الْاَرْضِ، سُبْحَانَ اللّٰهِ عَدَدَ مَابَيْنَ ذٰلِكَ، سُبْحَانَ اللّٰهِ عَدَدَ مَاهُوَ خَالِقٌ، وَاللّٰهُ اَكْبَرُ مِثْلَ ذٰلِكَ وَالْحَمْدُلِلّٰهِ مِثْلَ ذٰلِكَ وَلَآاِلٰهَ اِلَّااللّٰهُ مِثْلَ ذٰلِكَ، وَلَاحَوْلَ وَلَاقُوَّةَ اِلَّابِاللّٰهِ مِثْلَ ذٰلِكَ ط (ابوداؤد والترمذی وقال حدیث حسن والنسائی وابن حبان والحاکم وقال صحیح الاسناد)

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ

سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط

ઈમાન મજબૂત સાબિત રહેશે

જે માણસ નીચે દર્શાવેલ આયતોને પઢયા કરશે એનું ઈમાન મજબૂત રહેશે અને દિલ પવિત્ર થશે અને દુનિયા અને આખિરતની મુસીબતોથી સુરક્ષિત રહેશે.

اِنَّ فِيْ خَلْقِ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَاخْتِلَافِ الَّيْلِ وَالنَّهَارِ لَاٰيٰتٍ لِّاُولِي الْاَلْبَابِ ۚ ﴿١٩٠﴾ الَّذِيْنَ يَذْكُرُوْنَ اللّٰهَ قِيٰمًا وَّقُعُوْدًا وَّعَلٰى جُنُوْبِهِمْ وَيَتَفَكَّرُوْنَ فِيْ خَلْقِ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ رَبَّنَا مَا خَلَقْتَ هٰذَا بَاطِلًا ۚ سُبْحٰنَكَ فَقِنَا عَذَابَ النَّارِ ﴿١٩١﴾ رَبَّنَآ اِنَّكَ مَنْ تُدْخِلِ النَّارَ فَقَدْ

اَخۡزَيۡتَهٗ ؕ وَمَا لِلظّٰلِمِيۡنَ مِنۡ اَنۡصَارٍ ﴿۱۹۲﴾ رَبَّنَاۤ اِنَّنَا سَمِعۡنَا
مُنَادِيًا يُّنَادِىۡ لِلۡاِيۡمَانِ اَنۡ اٰمِنُوۡا بِرَبِّكُمۡ فَاٰمَنَّا ۖ رَبَّنَا
فَاغۡفِرۡ لَنَا ذُنُوۡبَنَا وَكَفِّرۡ عَنَّا سَيِّاٰتِنَا وَتَوَفَّنَا مَعَ الۡاَبۡرَارِ ۚ ﴿۱۹۳﴾
رَبَّنَا وَاٰتِنَا مَا وَعَدۡتَّنَا عَلٰى رُسُلِكَ وَلَا تُخۡزِنَا يَوۡمَ الۡقِيٰمَةِ ؕ
اِنَّكَ لَا تُخۡلِفُ الۡمِيۡعَادَ ﴿۱۹۴﴾ (آل عمران ۳: ۱۹۰-۱۹۴، پارہ ۴)

اَلتَّحِيَّاتُ لِلّٰهِ وَالصَّلَوَاتُ وَالطَّيِّبَاتُ،
اَلسَّلَامُ عَلَيۡكَ اَيُّهَا النَّبِيُّ وَرَحۡمَةُ اللّٰهِ
وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَيۡنَا وَعَلٰى عِبَادِ اللّٰهِ
الصَّالِحِيۡنَ، اَشۡهَدُ اَنۡ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ
وَاَشۡهَدُ اَنَّ مُحَمَّدًا عَبۡدُهٗ وَرَسُوۡلُهٗ ط

રોઝીની વૃદ્ધિનો અમલ

જનાબ રસૂલે મકબૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જે વ્યક્તિ ઈસ્તિગફારનો વઝીફો હંમેશા પઢતો રહ્યો તો અલ્લાહ તઆલા એને દરેક કષ્ટ–તાણથી સુરક્ષિત રાખે છે અને એવી જગ્યાએથી રોઝી આપે છે, જ્યાંથી તેને વહેમ પણ ન હોય. (અબૂ દાવૂદ, નસાઈ)

ઈસ્તિગફાર આ છે :

أَسْتَغْفِرُ اللّٰهَ رَبِّيْ مِنْ كُلِّ ذَنْبٍ
أَذْنَبْتُهُ وَأَتُوْبُ إِلَيْهِ ط

અસ્તગ્ફિરુલ્લાહ રબ્બી મિન્ કુલ્લિ ઝમ્બીન્ અઝ્નબ્તુહૂ વ અતૂબુ ઈલય્હ.

સમગ્ર દુનિયાવાળાઓના બરાબર નેકીઓ

رَبَّنَا اغْفِرْ لِيْ وَلِوَالِدَيَّ وَلِلْمُؤْمِنِيْنَ
يَوْمَ يَقُوْمُ الْحِسَابُ ع ﴿٤١﴾ (الابراهيم ١٤:٤١)

રબ્બનગ્ફિર્લી વલિ વાલિ દય્ય વ લિલ્ મુઅ્મિનીન યવ્મ યકૂમુલ્ હિસાબ.

[અર્થ : હે મારા પરવરદિગાર ! મને બખ્શી દે અને મારા માં–બાપને બખ્શી દે અને સર્વ ઈમાનવાળાઓની કિયામતના દિવસે મગફિરત કરી આપજે.]

(સૂરએ ઈબ્રાહીમ, આયત ૪૧)

અથવા આ દુઆ પઢે :

اَللّٰهُمَّ اغْفِرْلِيْ وَلِلْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنَاتِ
وَالْمُسْلِمِيْنَ وَالْمُسْلِمَاتِ ط (حزب اعظم، دوسری منزل، بروز اتوار)

અલ્લાહુમ્મગ્ફિરલી વલિલ્ મુઅ્મિનીન વલ્ મુઅ્મિનાતિ વલ્ મુસ્લિમીન વલ્ મુસ્લિમાત. (હિઝ્બ અઅ્ઝમ, દુસરી મંઝિલ)

[**અર્થ** : હે અલ્લાહ ! મને બખ્શી દે અને તમામ મુઅમિન પુરુષો અને તમામ મુઅમિન સ્ત્રીઓની મગફિરત ફરમાવ અને મુસલમાન પુરુષો અને મુસલમાન સ્ત્રીઓને માફ કરી દે.]

ફઝીલત : હઝરત ઉબાદહ બિન સામિત (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જે બંદો ઈમાનવાળા પુરુષો અને સ્ત્રીઓ માટે અલ્લાહ તઆલાથી મગફિરત માગશે એના માટે દરેક મુઅમિન પુરુષ અને દરેક મુઅમિન સ્ત્રી પૈકી એક એક નેકી લખવામાં આવશે. (મુઅઝમે કબીર લિત્તબરાની, બહવાલા–મઆરિફુલ હદીસ, પેજ ૩૨૫, ભાગ ૫)

બીજી હદીસ શરીફમાં વર્ણન છે કે જે માણસ ઉપરોક્ત દુઆ સત્તાવીસ (૨૭) વખત પઢશે અથવા દુઆએ મગફિરત કરશે તે અલ્લાહ તઆલાના તે પ્રિય બંદાઓમાં શામિલ થઈ જશે, જેમની દુઆઓ કબૂલ થાય છે અને જેમની બરકતથી દુનિયાવાળાઓને રોઝી પ્રાપ્ત થાય છે. (મુઅઝમે કબીર, તબરાની, બહવાલા મઆરિફુલ હદીસ, પેજ ૩૨૬, ભાગ ૫)

દીન પર અડગ રહેવાની દુઆ

يَا مُقَلِّبَ الْقُلُوْبِ ثَبِّتْ قَلْبِيْ عَلٰى دِيْنِكَ ط

યા મુકલ્લિબલ્ કુલૂબિ સબ્બિત્ કલ્બી અલા દીનિક.

[**અર્થ** : હે દિલોના પલટનાર ! મારું દિલ પોતાના દીન પર જમાવ.] (તિરમિઝી, નસાઈ, હાકિમ, અહમદ, અબૂ યઅ્લા અન ઉમ્મે અલમન રદિ.)

ઈસ્લામ પર મૃત્યુ થવાની દુઆ

આ હઝરત યૂસુફ (અલૈ.)ની છેલ્લી દુઆ છે :

فَاطِرَ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ اَنْتَ وَلِيّٖ فِي الدُّنْيَا
وَالْاٰخِرَةِ ۚ تَوَفَّنِيْ مُسْلِمًا وَّاَلْحِقْنِيْ بِالصّٰلِحِيْنَ ﴿۱۰۱﴾

(سورۂ یوسف ۱۲ : ۱۰۱، پارہ ۱۳)

ફાતિરસ્સમાવાતિ વલ્ અર્દિ, અન્ત વલિય્યી ફીદ્ દુન્યા વલ્ આખિરતિ તવફ્ફની મુસ્લિમંવ્ વઅલ્હિક્ની બિસ્સાલિહીન. (સૂરએ યૂસુફ, પા. ૧૩, રુકૂઅ ૧૧)

[**અર્થ** : હે આસમાન અને જમીનને પેદા કરનાર ! દુનિયા આખિરતમાં તું જ મારો રફીક–સાથી છે. તું મને પોતાની ફરમાંબરદારીની હાલતમાં (દુનિયાથી) ઉઠાવી લે અને મને પોતાના નેક બંદાઓમાં શામિલ ફરમાવ.]

દરેક પ્રકારની ભલાઈની દુઆ

اَللّٰهُمَّ لَا تَدَعْ لَنَا ذَنْبًا اِلَّا غَفَرْتَهٗ وَلَا هَمًّا اِلَّا فَرَّجْتَهٗ
وَلَا دَيْنًا اِلَّا قَضَيْتَهٗ وَلَا حَاجَةً مِّنْ حَوَائِجِ الدُّنْيَا
وَالْاٰخِرَةِ هِيَ لَكَ رِضًا اِلَّا قَضَيْتَهَا يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ ط

અલ્લાહુમ્મ લા તદઅ્ લના ઝમ્બન્ ઈલ્લા ગફ્રતહૂ વલા હમ્મન્ ઈલ્લા ફર્રજ્તહૂ વલા દય્નન્ ઈલ્લા કઝય્તહૂ વલા હાજતમ્ મિન્ હવાઈઝિદ્ દુન્યા વલ્ આખિરતિ ઈલ્લા કઝય્તહા યા અરહમર્રાહિમીન.

[**અર્થ** : હે અલ્લાહ ! અમારો કોઈ ગુનાહ માફ કર્યા વગર અને કોઈ ફિક્ર–ચિંતા દૂર કર્યા વગર અને કોઈ કર્ઝ–દેણું અદા કર્યા વગર ન છોડ. હે તમામ રહમ–દયા કરનારાઓથી વધીને રહમ કરનાર !]

(તબરાની ફીલ કબીર, વ ફી કિતાબુદ્દુઆ અન અનસીન રદિ.)

દોઝખથી સુરક્ષિત રહેવા માટે

જે માણસ આ સાતેવ ''હા–મીમ'' પઢયા કરશે એના પર દોઝખના સાતેવ દરવાઝા બંધ થઈ જશે.

حٰمٓ ۚ ﴿١﴾ تَنْزِيْلُ الْكِتٰبِ مِنَ اللّٰهِ الْعَزِيْزِ الْعَلِيْمِ ۙ ﴿٢﴾ (المؤمن ٤٠)

حٰمٓ ۚ ﴿١﴾ تَنْزِيْلٌ مِّنَ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۚ ﴿٢﴾ (حم السجدة ٤١)

حٰمٓ ۚ ﴿١﴾ عٓسٓقٓ ﴿٢﴾ (الشورىٰ ٤٢)

حٰمٓ ۚ ﴿١﴾ وَالْكِتٰبِ الْمُبِيْنِ ۙ ﴿٢﴾ (الزخرف ٤٣)

حٰمٓ ۚ ﴿١﴾ وَالْكِتٰبِ الْمُبِيْنِ ۙ ﴿٢﴾ اِنَّآ اَنْزَلْنٰهُ فِيْ لَيْلَةٍ مُّبٰرَكَةٍ
اِنَّا كُنَّا مُنْذِرِيْنَ ﴿٣﴾ (الدخان ٤٤)

حٰمٓ ۚ ﴿١﴾ تَنْزِيْلُ الْكِتٰبِ مِنَ اللّٰهِ الْعَزِيْزِ الْحَكِيْمِ ﴿٢﴾ (الجاثية ٤٥)

حٰمٓ ۚ ﴿١﴾ تَنْزِيْلُ الْكِتٰبِ مِنَ اللّٰهِ الْعَزِيْزِ الْحَكِيْمِ ﴿٢﴾ (الاحقاف ٤٦)

હા–મીમ તન્ઝીલુલ્ કિતાબિ મિનલ્લાહિલ્ અઝીઝીલ્ અલીમ.
હા–મીમ. તન્ઝીલુમ્ મિનર્રહ્માનિર્રહીમ.

હા-મીમ. ઐન-સીન-કાફ.
હા-મીમ. વલ્ કિતાબિલ્ મુબીન.
હા-મીમ. વલ્ કિતાબિલ્ મુબીન. ઈન્ના અન્ઝલ્નાહુ ફી લય્લતિમ્ મુબારકતિન્ ઈન્ના કુન્ના મુન્ઝિરીન.
હા-મીમ. તન્ઝીલુલ્ કિતાબિ મિનલ્લાહિલ્ અઝીઝીલ્ હકીમ.
હા-મીમ. તન્ઝીલુલ્ કિતાબિલ્લાહિલ્ અઝીઝીલ્ હકીમ.
(ઝખીરએ આખિરત)

દીન, પ્રાણ, અવલાદ, ઘરવાળાઓ અને માલની હિફાઝત-સુરક્ષા માટેની દુઆ

بِسْمِ اللّٰهِ عَلٰى دِيْنِىْ وَنَفْسِىْ وَوَلَدِىْ وَاَهْلِىْ وَمَالِىْ ط (تين بار)

બિસ્મિલ્લાહિ અલા દીની વ નફ્સી વ વલદી વ અહ્લી વ માલી. (ત્રણ વખત પઢે) (ઝખીરએ આખિરત)

મગફિરતની દુઆ

رَبِّ اغْفِرْ وَارْحَمْ وَاَنْتَ خَيْرُ الرّٰحِمِيْنَ ط

રબ્બિગ્ ફિર્ વર્હમ્ વ અન્ત ખયરુર્રાહિમીન. (ઝખીરએ આખિરત)

[અર્થ : હે અલ્લાહ ! મારી મગફિરત ફરમાવ અને મારા ઉપર રહમ-દયા કર અને તું સૌથી વધુ રહમ કરનાર છે.]

પ્યારા મહબૂબ (સલ.) તરફથી ઉમ્મતના માટે વિર્દ-વઝાઈફનો હદિયો

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

وَنَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ

لَاشَرِيْكَ لَهٗ وَنَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ط
اَرْسَلَهٗ بِالْهُدٰى وَدِيْنِ الْحَقِّ لِيُظْهِرَهٗ عَلَى الدِّيْنِ
كُلِّهٖ وَلَوْكَرِهَ الْمُشْرِكُوْنَ ط عَلٰى هٰذِهِ الشَّهَادَةِ
نَحْيٰى وَعَلَيْهَا نَمُوْتُ وَعَلَيْهَا نَبْعَثُ اِنْ شَآءَ اللّٰهُ
تَعَالٰى ط لَآاِلٰهَ اِلَّااللّٰهُ عَدَدَ خَلْقِهٖ وَزِنَةَ عَرْشِهٖ
وَرِضٰى نَفْسِهٖ وَمِدَادَ كَلِمَاتِهٖ ط اَللّٰهُمَّ صَلِّ عَلٰى
مُحَمَّدٍ كُلَّمَا ذَكَرَهُ الذَّاكِرُوْنَ وَصَلِّ عَلٰى مُحَمَّدٍ
كُلَّمَاغَفَلَ عَنْ ذِكْرِهِ الْغَافِلُوْنَ ط
لَآاِلٰهَ اِلَّااللّٰهُ الْعَظِيْمُ الْحَلِيْمُ ط لَآاِلٰهَ اِلَّااللّٰهُ رَبُّ
الْعَرْشِ الْعَظِيْمِ ط لَآاِلٰهَ اِلَّااللّٰهُ رَبُّ السَّمٰوٰتِ وَرَبُّ
الْاَرْضِ وَرَبُّ الْعَرْشِ الْكَرِيْمِ ط
حَسْبُنَااللّٰهُ لِدِيْنِنَا ط حَسْبُنَااللّٰهُ لِدُنْيَانَا ط حَسْبُنَا
اللّٰهُ لِمَا اَهَمَّنَا ط حَسْبُنَااللّٰهُ لِمَنْ بَغٰى عَلَيْنَا ط حَسْبُنَا
اللّٰهُ لِمَنْ حَسَدَنَا ط حَسْبُنَااللّٰهُ لِمَنْ كَادَنَا بِسُوْءٍ ط
حَسْبُنَااللّٰهُ عِنْدَالْمَوْتِ ط حَسْبُنَااللّٰهُ عِنْدَالْقَبْرِ ط

حَسْبُنَا اللّٰهُ عِنْدَ الْمَسَائِلِ ط حَسْبُنَا اللّٰهُ عِنْدَ الصِّرَاطِ ط حَسْبُنَا اللّٰهُ عِنْدَ الْحِسَابِ ط حَسْبُنَا اللّٰهُ عِنْدَ الْمِيْزَانِ ط حَسْبُنَا اللّٰهُ عِنْدَ الْجَنَّةِ وَالنَّارِ ط حَسْبُنَا اللّٰهُ عِنْدَ اللِّقَاءِ ط حَسْبُنَا اللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ عَلَيْهِ تَوَكَّلْتُ وَاِلَيْهِ اُنِيْبُ ط رَضِيْنَا بِاللّٰهِ تَعَالٰى رَبًّا وَّبِالْاِسْلَامِ دِيْنًا وَّبِمُحَمَّدٍ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ نَبِيًّا وَّرَسُوْلًا ط

બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ

વનશ્હદુ અંલ્લા ઈલા-હ ઈલ્લલ્લાહુ વહ્દહૂ લા શરીક લહૂ વનશ્હદુ અન્ન મુહમ્મદન્ અબ્દુહૂ વ રસૂલુહ્. અર્સલહુ બિલ્ હુદા વદિનિલ્ હક્કિ લિયુઝ્હિરહુ અલદ્દિનિ કુલ્લિહી વલવ્ કરીહલ્ મુશ્રિકુન. અલા હાઝિહિશ્શહાદતિ નહ્યા વ અલયહા નમૂતુ વ અલયહા નબ્અષુ ઈન્શાઅલ્લાહુ તઆલા. લા ઈલા-હ ઈલ્લલ્લાહુ અ-દ-દ ખલ્કિહિ વ ઝિનત અર્સિહી વ રિદા નફ્સિહી વ મિદાદ કલિમાતિહી. અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્ કુલ્લમા ઝકરહુઝ્ઝાકિરૂન વ સલ્લિ અલા મુહમ્મદિન કુલ્લમા ગફલ અન્ ઝિક્રિહીલ્ ગાફિલૂન.

લા ઈલા-હ ઈલ્લલ્લાહુલ્ અઝીમુલ્ હલીમ. લા ઈલા-હ ઈલ્લલ્લાહુ રબ્બુલ્ અર્શિલ્ અઝીમ. લા ઈલા-હ ઈલ્લલ્લાહુ

રબ્બુસ્સમાવાતિ વ રબ્બુલ્ અર્દિ વ રબ્બુલ્ અર્શિલ્ કરીમ.

હસ્બુનલ્લાહુ લિદીનિના, હસ્બુનલ્લાહુ લિદુન્યાના હસ્બુનલ્લાહુ લિમા અહમ્મના, હસ્બુનલ્લાહુ લિમમ્ બગા અલયના, હસ્બુનલ્લાહુ લિમન્ હસદના, હસ્બુનલ્લાહુ લિમન્ કાદના બિસૂ-અ્. હસ્બુનલ્લાહુ ઈન્દલ્ મવ્ત. હસ્બુનલ્લાહુ ઈન્દલ્ કબ્રિ, હસ્બુનલ્લાહુ ઈન્દલ્ મસાઈલિ, હસ્બુનલ્લાહુ ઈન્દસ્સિરાત, હસ્બુનલ્લાહુ ઈન્દલ્ હિસાબ, હસ્બુનલ્લાહુ ઈન્દલ્ મિઝાન, હસ્બુનલ્લાહુ ઈન્દલ્ જન્નતિ વન્નાર, હસ્બુનલ્લાહુ ઈન્દલ્ લિકાઅ્, હસ્બુનલ્લાહુ લા ઈલા-હ ઈલ્લા હુ-વ અલયહિ તવક્કલ્તુ વ ઈલયહિ ઊનીબ, રદીના બિલ્લાહિ તઆલા રબ્બંવ્ વ બિલ્ ઈસ્લામિ દિનંવ્ વબિ મુહમ્મદિન્ સલ્લલ્લાહુ તઆલા અલયહિ વ સલ્લમ નબિય્યંવ્ વ રસૂલા. (ઝખીરએ આખિરત)

[**અર્થ** : બેહદ કૃપાળુ, દયાળુ અલ્લાહના નામથી (શરૂ કરું છું) ઝાત, ખૂબીઓ, ઈબાદતો, અહકામોમાં અમે ગવાહી આપીએ છીએ કે અલ્લાહ તઆલાના સિવાય કોઈ મા'બૂદ નથી, તે એકલો છે, એનો કોઈ ભાગીદાર નથી અને બેશક, અમો ગવાહી આપીએ છીએ કે હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) અલ્લાહ તઆલાના બંદા અને રસૂલ છે. અલ્લાહ તઆલાએ એમને હિદાયત અને સાચો દીન (ધર્મ) આપીને મોલ્યા જેથી એને સર્વ ધર્મો પર વર્ચસ્વ કરે, ભલે મુશ્રિકોને નાપસંદ થાય. અમે ઈન્શા અલ્લાહ આ જ ગવાહી પર જીવીશું અને મરીશું અને આ જ ગવાહી પર બીજી વખત જીવતા થઈશું.

હું લા ઈલા-હ ઈલ્લલ્લાહ પઢું છું, એની મખલૂકની સંખ્યા મુજબ અને હું લા ઈલા-હ ઈલ્લલ્લાહ પઢું છું એના અર્શના

વજન બરાબર અને હું લા ઇલા–હ ઇલ્લલ્લાહ પઢું છું એની રઝામંદી મુતાબિક અને હું લા ઇલા–હ ઇલ્લલ્લાહ પઢું છું એની પાક ઝાતની તારીફ કરતી અમર્યાદિત શાહી મુજબ.

હે મારા અલ્લાહ ! અમારા પયગમ્બર મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર રહમત નાઝિલ ફરમાવ, જે કોઇ તેમના પર સલામ મોકલે અને હે મારા અલ્લાહ ! હઝરત મુહમ્મદ (સલ.) પર તેટલા વખત રહમત નાઝિલ ફરમાવ, જેટલા વખત ગાફિલોએ એની યાદથી ગફલત કરી. અલ્લાહના સિવાય કોઇ મા'બૂદ નથી, જે મહાન સહનશીલ છે. અલ્લાહના સિવાય કોઇ મા'બૂદ નથી, જે મહાન અર્શનો માલિક છે, અલ્લાહના સિવાય કોઇ ઇબાદતના લાયક નથી, જે આસમાનો અને જમીનનો માલિક છે, જે ઇઝ્ઝતવાન અર્શનો માલિક છે.

અલ્લાહ અમને કાફી છે અમારા દીન (ધર્મ)માં. અલ્લાહ અમને કાફી છે અમારી દુનિયામાં, અલ્લાહ અમને કાફી છે તેમાં જે વસ્તુ અમને ગમ–ચિંતામાં વ્યસ્ત કરે, અલ્લાહ અમને કાફી છે એમના મુકાબલામાં જેઓ અમારા પર ઝુલ્મ કરે, અલ્લાહ અમને કાફી છે એમના પર જેઓ અમારા પર ઇર્ષા કરે, અલ્લાહ અમને કાફી છે એમના મુકાબલામાં જેઓ અમારા વિરુદ્ધ બુરાઇના પેંતરા રચે. અલ્લાહ અમને કાફી છે મૃત્યુના સમયે પણ. અલ્લાહ અમને કાફી છે કબરમાં પણ, અલ્લાહ અમને કાફી છે કબરના સવાલાત થતી વેળા પણ. અલ્લાહ અમને કાફી છે પુલસિરાત પર પણ, અલ્લાહ અમને કાફી છે હિસાબના વખતે પણ, અલ્લાહ અમને કાફી છે અમલના ત્રાજવા પાસે પણ, અલ્લાહ અમને કાફી છે જન્નત અને દોઝખના નજીક–પાસે પણ, અલ્લાહ અમને કાફી છે અલ્લાહ તઆલાના દીદાર વખતે પણ, અલ્લાહ તઆલા અમને કાફી

છે, જેના સિવાય કોઇ મા'બૂદ નથી મેં એના પર જ ભરોસો–વિશ્વાસ કર્યો અને એના જ તરફ આકર્ષાવું છું.

અમે અલ્લાહ તઆલાના રબ હોવા પર રાઝી છે અને ઇસ્લામના દીન (ધર્મ) હોવા પર રાઝી છે અને મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના નબી અને રસૂલ હોવા પર રાઝી છે.]

એક સર્વગ્રાહી–જામિઅ્ દુઆ

اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُکَ خَیْرَالْمَسْئَلَةِ وَخَیْرَالدُّعَاءِ وَخَیْرَ النَّجَاحِ وَخَیْرَالْعَمَلِ وَخَیْرَالثَّوَابِ وَخَیْرَالْحَیٰوةِ وَخَیْرَالْمَمَاتِ وَثَبِّتْنِیْ وَثَقِّلْ مَوَازِیْنِیْ وَحَقِّقْ اِیْمَانِیْ وَارْفَعْ دَرَجَتِیْ وَتَقَبَّلْ صَلٰوتِیْ وَاغْفِرْ خَطِیْئَتِیْ وَاَسْئَلُکَ الدَّرَجٰتِ الْعُلٰی مِنَ الْجَنَّةِ ط (اٰمِیْنَ)

اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُکَ فَوَاتِحَ الْخَیْرِ وَخَوَاتِمَهٗ وَجَوَامِعَهٗ وَاَوَّلَهٗ وَاٰخِرَهٗ وَظَاهِرَهٗ وَبَاطِنَهٗ وَالدَّرَجَاتِ الْعُلٰی مِنَ الْجَنَّةِ ط (اٰمِیْنَ) اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُکَ خَیْرَ مَا اٰتِیْ وَخَیْرَ مَا اَفْعَلُ وَخَیْرَمَا اَعْمَلُ وَخَیْرَ مَابَطَنَ

وَخَيْرَ مَاظَهَرَ وَالدَّرَجَاتِ الْعُلٰى مِنَ الْجَنَّةِ ط (اٰمِيْنَ)

اَللّٰهُمَّ اِنِّىْ اَسْئَلُكَ اَنْ تَرْفَعَ ذِكْرِىْ وَتَضَعَ وِزْرِىْ وَتُصْلِحَ اَمْرِىْ وَتُطَهِّرَ قَلْبِىْ وَتُحَصِّنَ فَرْجِىْ وَتُنَوِّرَ قَلْبِىْ وَتَغْفِرَلِىْ ذَنْبِىْ وَاَسْئَلُكَ الدَّرَجَاتِ الْعُلٰى مِنَ الْجَنَّةِ ط (اٰمِيْنَ)

اَللّٰهُمَّ اِنِّىْ اَسْئَلُكَ اَنْ تُبَارِكَ لِىْ فِىْ سَمْعِىْ وَفِىْ بَصَرِىْ وَفِىْ رُوْحِىْ وَفِىْ خَلْقِىْ وَفِىْ خُلُقِىْ وَفِىْ اَهْلِىْ وَفِىْ مَحْيَاىَ وَفِىْ مَمَاتِىْ وَفِىْ عَمَلِىْ وَتَقَبَّلْ حَسَنَاتِىْ وَاَسْئَلُكَ الدَّرَجَاتِ الْعُلٰى مِنَ الْجَنَّةِ ط (اٰمِيْنَ)

અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુક ખય્રલ્ મસ્અલતિ વ ખય્રદ્ દુઆઈ વ ખય્રન્ નજાહિ વ ખય્રન્ અમલિ વ ખય્રસ્સવાબિ વ ખય્રલ્ હયાતિ વ ખય્રલ્ મમાતિ વસબ્બિત્ની વસક્કિલ્ મવાઝિની વહક્કિક્ ઈમાનિ વર્ફઅ્ દરજતિ વતકબ્બલ્ સલાતિ વગ્ફિર્ ખતિઅતિ વઅસ્અલુકદ્ દરજાતિલ્ ઊલા મિનલ્ જન્નહ્, આમીન.

અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુક ફવાતિહલ્ ખય્રિ વ ખવાતિમહૂ વ ઝવામિઅહૂ વ અવ્વલહૂ વ આખિરહૂ વ ઝાહિરહૂ વ બાતિનહૂ વદ્દરજાતિલ્ ઊલા મિનલ્ જન્નતિ,

આમીન. અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુક ખય્ર મા આતિ વ ખય્ર મા અફ્અલુ વ ખય્ર મા અઅ્મલુ વ ખય્ર મા બતન વ ખય્ર મા ઝહર વદ્દરજાતિલ્ ઊલા મિનલ્ જન્નહ્, આમીન.

અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુક અન્ તર્ફઅ ઝિક્રી વતઝઅ વિઝ્રી વ તુસ્લિહિ અમ્રિ વતુતહ્હિર કલ્બિ વ તુહસ્સિન ફર્જિ વ તુનવ્વિર કલ્બિ વતગ્ફિરલી ઝમ્બી વ અસ્અલુક દરજાતિલ્ ઊલા મિનલ્ જન્નહ્, આમીન.

અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુક અન્ તુબારિક લિ ફી સમ્ઈ વ ફી બસરિ વ ફી રુહી વ ફી ખલ્કિ વ ફી ખુલૂકિ વ ફી અહ્લિ વ ફી મહ્યાય વ ફી મમાતિ વ ફી અમલિ વ તકબ્બલ્ હસનાતિ વ અસ્અલુક દરજાતિલ્ ઊલા મિનલ્ જન્નહ્, આમીન.

[**અર્થ** : હે અલ્લાહ ! હું તારાથી સર્વોત્તમ–બેહતરીન સવાલ, સર્વોત્તમ દુઆ, સર્વોત્તમ સફળતા, સર્વોત્તમ અમલ, સર્વોત્તમ બદલો–અજર તથા સર્વોત્તમ ઝિંદગી અને સર્વોત્તમ મૃત્યુ માગું છું. હે અલ્લાહ ! મને સાબિત કદમી–વચનની દઢતા અતા ફરમાવ અને મારી નેકીઓનું પલ્લું ભારે ફરમાવ અને મારું ઈમાન સાબિત–દઢ રાખ અને મારો દરજ્જો ઉચ્ચ–બુલંદ ફરમાવ અને મારી નમાઝ કબૂલ ફરમાવ અને મારા ગુનાહ માફ ફરમાવ અને હું તારાથી જન્નતના ઉચ્ચ દરજ્જા માગું છું, (આમીન).

હે અલ્લાહ ! હું તારાથી ભલાઈની શરૂઆત અને અંત તથા ભલાઈને સંગ્રહ કરનારી વસ્તુઓ તથા ભલાઈનો પહેલો અને છેલ્લો (દરજ્જો) તથા ભલાઈનો બાહ્ય અને આંતરિક–બાહ્ય તેમજ જન્નતના ઉચ્ચ દરજ્જા તલબ કરું (માગું) છું, (આમીન).

હે અલ્લાહ ! હું તારાથી પોતાના દરેક તે અમલ–કામની ભલાઈ માગું છું, જેને હું ઈખ્તિયાર–પસંદ કરું અને જેને હું ધારણ કરું અને જેના પર હું અમલ કરું છું અને દરેક તે વસ્તુની ભલાઈનો સવાલ કરું છું, જે બાતિન–આંતરિક અને બાહ્ય છે અને જન્નતના ઉચ્ચ દરજાતનો સવાલ કરું છું, (આમીન).

હે અલ્લાહ ! હું તારાથી એ વાતનો સવાલ કરું છું કે તું મારી ચર્ચા બુલંદ–ઉચ્ચ ફરમાવ અને મારો ભાર હલકો કર અને તું મારા દરેક કામ ઠીક ફરમાવી દે અને મારા દિલને પવિત્ર ફરમાવી દે અને મારી શરમગાહને પવિત્ર–પાક રાખ અને મારા દિલને મુનવ્વર–ઉજ્જવળ કરી દે અને મારા ગુનાહને માફ કરી દે અને હું તારાથી જન્નતના ઉચ્ચ દરજાતનો સવાલ કરું છું કે તું મારી સાંભળવાની શક્તિમાં અને મારી જોવાની શક્તિમાં અને મારી રૂહમાં મારી શકલ અને મારા જીવન ચરિત્રમાં અને મારા કુટુંબમાં અને મારી ઝિંદગી–જીવનમાં અને મારી મૌતમાં અને મારા આ'માલમાં બરકત અતા ફરમાવ અને મારી નેકીઓ કબૂલ ફરમાવ અને હું આપની જન્નતના ઉચ્ચ દરજાતનો સવાલ કરું છું, (આમીન).]

(હાકિમ, તબરાની ફીલ કબીર, તબરાની ફીલ અવ્સત અન ઉમ્મિ સલમા રદિ.)

હદીસે પાકની એક અજીબ–અનોખી દુઆ

اَللّٰهُمَّ اَرِنَا الْحَقَّ حَقًّا وَّارْزُقْنَا اتِّبَاعَهٗ ط
وَاَرِنَا الْبَاطِلَ بَاطِلًا وَّارْزُقْنَا اجْتِنَابَهٗ ط

અલ્લાહુમ્મ અરિનલ્ હક્ક હક્કંવ્ વર્ઝુક્નત્તિબાઅહૂ વ અરિનલ્ બાતિલ બાતિલંવ્ વર્ઝુક્નઝ્ તિનાબહૂ.

[**અર્થ** : હે અલ્લાહ ! અમને હકને હક (સાચુ) બતાવ અને

એના પર અમલની તૌફિક નસીબ ફરમાવ અને બાતિલને બાતિલ (જૂઠ્ઠ) બતાવ અને એનાથી બચવાની તૌફિક નસીબ ફરમાવ.]

હઝરત મૌલાના શાહ હકીમ મુહમ્મદ અખતર સાહબ (દા.બ.) મજલિસમાં વધુ પડતા આ દુઆ શીખવે છે અને આ દુઆ વિષે ફરમાવે છે કે આ દુઆને વધુ પ્રમાણમાં પઢતા રહો તથા મા'મૂલ બનાવી લો. હઝરત ફરમાવે છે કે હદીસ શરીફમાં આવ્યું છે કે (કોઈ સજીવને ત્યાં સુધી મૌત આવતી નથી જ્યાં સુધી દુનિયામાં પોતાની રોઝી પૂરી ન કરી લે). હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ આ દુઆમાં હક પર ચાલવા અને ગુનાહોથી બચવાની તૌફિકને રિઝ્ક–રોઝીથી વર્ણવતા ફરમાવ્યું છે કે હે મારી ઉમ્મતના લોકો ! તમે અલ્લાહથી નેક અમલ અને હક પર ચાલવાની તૌફિકને રિઝ્ક–રોઝીની શકલમાં માગો, તો જ્યાં સુધી તમે પોતાની રોઝી (રૂહાની રોઝી) પૂરી ન કરી લેશો એટલે પૂરેપૂરા ફરમાબરદાર ન બનશો, પૂરેપૂરા ગુનાહોથી ન બચશો અને મુત્તકી ન બની જશો અલ્લાહના દોસ્ત–વલી ન બની જશો ત્યાં સુધી તમને મૌત ન આવશે એટલે જ્યાં સુધી તમે અલ્લાહના પ્યારા નથી બની જતા અને મગફિરતના હકદાર નથી થઈ જતા ત્યાં સુધી તમને મૌત ન આવશે. બસ, જો દીન અને દુનિયાની ભલાઈ ઈચ્છતા હોય તો આ દુઆને પોતાનો મા'મૂલ બનાવી લો.

(ઝખીરએ આખિરત)

કિયામતના દિવસે ચમકદાર ચહેરો

જે માણસ નીચે દર્શાવેલ આયતે કરીમા નમાઝ પછી અગિયાર વખત પઢી આંગળીઓ પર દમ કરીને પેશાની પર મસળી–ફેરવી દે તો ઈન્શા અલ્લાહ કિયામતમાં એનો ચહેરો ચમકશે. આયત આ પ્રમાણે છે : (આ'માલે કુર્આની, પેજ ૩૧, હઝરત થાનવી રહ.)

إِنَّهُ هُوَ الْبَرُّ الرَّحِيمُ ﴿٢٨﴾ (الطّور٥٢: ٢٨، پاره٢٧)

ઈન્નહૂ હુવલ્ બર્રુર્રહીમ.

(સૂ. તૂર, આયત ૨૮)

જો આ શંકા હોય કે આના પર કંઈક કરવામાં આવ્યું છે

જો કોઈ માણસ પર શંકા હોય કે એનું દિમાગી સંતુલન બગડી રહ્યું છે અથવા પોતાની હાલત–દશા લથડી રહી છે અથવા શંકા હોય કે કોઈએ એના પર કંઈક (જાદૂ) કરી દીધું છે તો નીચે દર્શાવેલ આયત એકતાલીસ (૪૧) વાર પઢી પાણી પર દમ કરી પીવડાવે. આયત નીચે પ્રમાણે છે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيمِ

ذِي قُوَّةٍ عِنْدَ ذِي الْعَرْشِ مَكِينٍ ﴿٢٠﴾ مُّطَاعٍ ثَمَّ
أَمِينٍ ﴿٢١﴾ وَمَا صَاحِبُكُمْ بِمَجْنُونٍ ﴿٢٢﴾ وَلَقَدْ رَآهُ
بِالْأُفُقِ الْمُبِينِ ﴿٢٣﴾ وَمَا هُوَ عَلَى الْغَيْبِ بِضَنِينٍ ﴿٢٤﴾
وَمَا هُوَ بِقَوْلِ شَيْطَانٍ رَّجِيمٍ ﴿٢٥﴾ فَأَيْنَ
تَذْهَبُونَ ﴿٢٦﴾ إِنْ هُوَ إِلَّا ذِكْرٌ لِّلْعَالَمِينَ ﴿٢٧﴾ لِمَنْ
شَاءَ مِنْكُمْ أَنْ يَسْتَقِيمَ ﴿٢٨﴾ وَمَا تَشَاءُونَ إِلَّا أَنْ
يَشَاءَ اللّٰهُ رَبُّ الْعَالَمِينَ ﴿٢٩﴾ (التكوير٨١: ٢٠-٢٩)

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

ઝી કુવ્વતિન્ ઈન્દ ઝિલ્ અર્શિ મકીન. મુતાઈન્ ષમ્મ

અમીન. વમા સાહિબુકુમ્ બિમઝ્નૂન. વ લકદ્ રઆહૂ બિલ્ઉફૂકિલ્ મુબીન. વમા હુવ અલલ્ ગય્બિ બિઝનીન. વમા હુવ બિકવ્લિ શય્તાનિર્રજીમ. ફઅય્ન તઝ્હબુન. ઈન્ હુવ ઈલ્લા ઝિક્રુલ્ લિલ્ આલમીન. લિમન્ સા-અ મિન્કુમ્ અંય્યસ્તકીમ. વમા તશાઊન ઈલ્લા અંય્યસા અલ્લાહુ રબ્બુલ્ આલમીન. (સૂરએ તક્વીર, આયત ૨૦ થી ૨૯)

દાઝેલા પર આ દુઆ પઢીને દમ કરે

اَذْهِبِ الْبَأْسَ رَبَّ النَّاسِ اِشْفِ
اَنْتَ الشَّافِيْ لَا شَافِيَ اِلَّا اَنْتَ ط

અઝ્હિબિલ્ બઅ્સ રબ્બન્નાસિ ઈશ્ફી અન્તશ્શાફી લા શાફીય ઈલ્લા અન્ત.

[**અર્થ** : હે સમગ્ર ઇન્સાનોના પરવરદિગાર ! તકલીફ દૂર ફરમાવ, તુ શિફા આપ (કારણ કે) તારા સિવાય કોઇ શિફા આપનાર નથી.]

(નસાઈ, અહમદ અન્ મુહમ્મદ બિન હાતિબ, ઝખીરએ આખિરત)

શયતાનની શરારત-દુષ્ટતા તથા લકવાથી સુરક્ષિત રહેશે

જે માણસ નીચે દર્શાવેલ આયત સૂતી વખતે પઢશે તો લકવા અને શયતાનની દુષ્ટતા-શરારતથી સુરક્ષિત રહેશે.

اِنَّ رَبَّكُمُ اللّٰهُ الَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ
وَالْاَرْضَ فِيْ سِتَّةِ اَيَّامٍ ثُمَّ اسْتَوٰى عَلَى
الْعَرْشِ قف يُغْشِي الَّيْلَ النَّهَارَ يَطْلُبُهٗ حَثِيْثًا

وَّالشَّمْسَ وَالْقَمَرَ وَالنُّجُوْمَ مُسَخَّرٰتٍۭ بِاَمْرِهٖ ؕ
اَلَا لَهُ الْخَلْقُ وَالْاَمْرُ ؕ تَبٰرَكَ اللّٰهُ رَبُّ
الْعٰلَمِيْنَ ﴿۵۴﴾ (الاعراف ۷:۵۴، پارہ ۸)

ઈન્ન રબ્બકુમુલ્લાહુલ્લઝી ખલકસ્સમાવાતિ વલ્ અર્દ ફી સિત્તતી અય્યામિન્ સુમ્મસ્તવા અલલ્ અર્શિ, યુગ્શિલ્લય્લન્નહાર યત્લુબૂહુ હસીસંવ્ વશશમ્સ વલ્ કમર વન્નુજૂમ મુસખ્ખરાતિમ્ બિઅમ્રિહી અલા લહુલ્ ખલ્કુ વલ્ અમ્રુ તબારકલ્લાહુ રબ્બુલ્ આલમીન.

(પારહ ૮, સૂ. અઅ્રાફ, આ. ૫૪, ઝખીરએ આખિરત)

ઉમ્ર, રોઝીમાં બરકત તથા દુશ્મન પર વર્ચસ્વ પામવા વગેરેની દુઆ

સવાર–સાંજ ત્રણ વખત આ કલિમાત કહ્યા કરે :

سُبْحَانَ اللّٰهِ مِلْءَ الْمِيْزَانِ وَمَبْلَغَ
الْعِلْمِ وَمُنْتَهَى الرِّضَا وَزِنَةَ الْعَرْشِ ؕ

સુબ્હાનલ્લાહિ મિલ્અલ્ મિઝાનિ વ મબ્લગલ્ ઇલ્મિ વ મુન્તહર્ રિદા વ ઝિનતલ્ અર્શ.

જાદૂ વગેરેનો અસર ખતમ કરવા માટેની આયત

જો કોઈને શંકા હોય કે આના પર જાદૂ કરવામાં આવ્યો છે અથવા એવી નિશાનીઓ સ્પષ્ટ થઈ રહી હોય તો જાદૂનો અસર ખતમ કરવા માટે અગિયાર દિવસ સુધી નીચે દર્શાવેલ આયત સો (૧૦૦) વખત પઢીને પોતાના ઉપર દમ કરી દે. આ દુઆ

દરમિયાન કોઈ બીજો અમલ ન પઢે.

قُلْنَا لَا تَخَفْ اِنَّكَ اَنْتَ الْاَعْلٰى ﴿٦٨﴾ وَاَلْقِ مَا فِيْ
يَمِيْنِكَ تَلْقَفْ مَا صَنَعُوْا ؕ اِنَّمَا صَنَعُوْا كَيْدُ سٰحِرٍ ؕ
وَلَا يُفْلِحُ السَّاحِرُ حَيْثُ اَتٰى ﴿٦٩﴾ (طٰهٰ ٢٠:٦٨-٦٩، پارہ ١٦)

કુલ્ના લા તખફ્ ઈન્નક અન્તલ્ અઅ્લા. વ અલ્કિ મા ફી યમીનિક તલ્કફ્ મા સનઉ. ઈન્નમા સનઉ કયદુ સાહિરિન્ વલા યુફ્લિહુસ્સાહિરુ હયસુ અતા.

(પા. ૧૬, સૂ. તા–હા, આ. ૬૮–૬૯, ઝખીરએ આખિરત)

કુંડાળાની રીત

શાહ અ. અઝીઝ (રહ.) ફરમાવે છે કે જો કોઈ ડરની જગ્યા હોય અથવા કોઈ જલાલી–પ્રભાવશાળી અથવા જમાલી–રૂપ સંબંધી અમલ પઢે (અથવા જિન્નાત, જાદૂ અને શયતાન વગેરેની બીક હોય તો) એવા માણસે જોઈએ કે પોતાની આજુ બાજુ કુંડાળુ કરે જે આ બધી આફતો–સંકટો માટે અનુભવસિદ્ધ અમલ છે. રીત આ છે કે **''આયતુલ કુર્સી''** એક વખત અને **''કુલ યા અય્યુહલ્ કાફિરૂન''** અને **''કુલહુ વલ્લાહુ અહદ''** અને **''કુલ અઊઝુ બિરબ્બિલ્ ફલક''** અને **''કુલ અઊઝુ બિરબ્બિન્નાસ''** એક એક વખત પઢીને પોતાની ચારેવ બાજુ કુંડાળુ કરે અને ચાકુ–છરીથી લીટી ખેંચે.

(ઝખીરએ આખિરત)

હુઝૂર (સલ.)ની શફાઅત વાજિબ થઈ જશે

નીચે દર્શાવેલ દુરૂદ શરીફ હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ

(રદિ.)થી મરફૂઅન મરવી છે. બીજી એક હદીસમાં વર્ણન છે કે જે માણસ મારા માટે વસીલાની દુઆ કરશે એના પર મારી શફાઅત (સિફારિશ) ઉતરશે એટલે કે પ્રમાણિત–નક્કી થઈ જશે. (ફઝાઈલે દુરૂદ, ઝખીરએ આખિરત)

બીજા ઠેકાણે ઈરશાદ છે કે વાજિબ થઈ જશે.

દુરૂદ શરીફ નીચે પ્રમાણે છે :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى (سَيِّدِنَا) مُحَمَّدٍ وَّاَبْلِغْهُ الْوَسِيْلَةَ وَالدَّرَجَةَ الرَّفِيْعَةَ مِنَ الْجَنَّةِ ط اَللّٰهُمَّ اجْعَلْ فِى الْمُصْطَفَيْنَ مَحَبَّتَهٗ وَفِى الْمُقَرَّبِيْنَ مَوَدَّتَهٗ وَفِى الْاَعْلَيْنَ ذِكْرَهٗ اَلسَّلَامُ عَلَيْهِ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ ط

جَزَى اللّٰهُ عَنَّا سَيِّدَنَا مُحَمَّدًا بِمَا هُوَ اَهْلُهٗ ط

નિમ્નલિખિત દુરૂદ શરીફ પઢનારનું આપ (સલ.)એ ખાસ સ્વાગત કર્યું

આ નીચે દર્શાવેલ દુરૂદ શરીફ પઢનારનું હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ખાસ સ્વાગત કર્યું, એને નઝદીક બેસાડયો. આના પર સહાબએ કિરામ (રદિ.)ને

તઅજ્જુબ–અચંબો થયો તો આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે આ માણસ આ દુરૂદ પઢયા કરતા હતા : (અલ્ કવ્લુલ્ બદીઅ્, મુખ્તસર અલ્ હિઝ્બુલ્ આ'ઝમ)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى (سَيِّدِنَا) مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ
(سَيِّدِنَا) مُحَمَّدٍ كَمَا تُحِبُّ وَتَرْضٰى لَهٗ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના મુહમ્મદિંવ્ વ અલા આલિ સય્યિદિના મુહમ્મદિન્ કમા તુહિબ્બુ વતર્દા લહૂ.

[**અર્થ** : હે અલ્લાહ ! પોતાની ખાસ રહમત નાઝિલ ફરમાવ હઝરત સય્યિદિના મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર અને આપની અવલાદ પર એવી રહમત જેને તું એમના માટે પસંદ ફરમાવે અને જેનાથી તું રાઝી (ખુશ) થાય.]

અનુભવસિદ્ધ તિર્યાક–વઝીફો

બુઝુર્ગોમાંથી એક બુઝુર્ગે હઝરત શૈખ શિહાબુદ્દીન ઈબ્ને અરસલાન (જેઓ મહાન ઝાહિદ–ત્યાગી અને આલિમ હતા) ને સ્વપ્નમાં જોયા અને એમનાથી પોતાની બીમારીની ફરિયાદ કરી અને પોતાની તકલીફ જણાવી તો એમણે ફરમાવ્યું : તું અનુભવસિદ્ધ વઝીફાથી ગાફિલ છે. આ દુરૂદ શરીફ પઢયા કર. સૂઈને ઉઠયા પછી આ બુઝુર્ગે આ દુરૂદ શરીફ વધુ પ્રમાણમાં પઢયું અને એમની બીમારી દૂર થઈ ગઈ. (ફઝાઈલે દુરૂદ શરીફ)

દરેક પ્લેગી–મરકી અને જીવલેણ બીમારી માટે અનુભવસિદ્ધ છે. દુરૂદ શરીફ આ છે :

اَللّٰهُمَّ صَلِّ وَسَلِّمْ وَبَارِكْ عَلٰى رُوْحِ
سَيِّدِنَا مُحَمَّدٍ فِى الْاَرْوَاحِ وَصَلِّ وَسَلِّمْ

عَلٰى قَلْبِ سَيِّدِنَا مُحَمَّدٍ فِى الْقُلُوْبِ وَصَلِّ وَسَلِّمْ عَلٰى جَسَدِ سَيِّدِنَا مُحَمَّدٍ فِى الْاَجْسَادِ وَصَلِّ وَسَلِّمْ عَلٰى قَبْرِ سَيِّدِنَا مُحَمَّدٍ فِى الْقُبُوْرِ ط

[**અર્થ** : હે અલ્લાહ ! પોતાની ખાસ રહમત, સલામ અને બરકત નાઝિલ ફરમાવ તું હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની રૂહ પર. સર્વ અંબિયાની રૂહોના દરમિયાન અને ખાસ રહમત અને સલામ નાઝિલ ફરમાવ સય્યિદિના મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના કલ્બ–દિલ મુબારક પર, સર્વ અંબિયા (નબીઓ)ના દિલોના દરમિયાન અને ખાસ રહમત અને સલામ નાઝિલ ફરમાવ હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના પવિત્ર જિસ્મ–બદન પર સર્વ અંબિયા–નબીઓના જિસ્મ દરમિયાન અને ખાસ રહમત અને સલામ નાઝિલ ફરમાવ સય્યિદિના મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની કબર પર, સર્વ નબીઓની કબરો દરમિયાન.]

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ مِّلْأَ السَّمٰوٰتِ وَمِلْأَ الْاَرْضِ وَمِلْأَ الْعَرْشِ الْعَظِيْمِ ط

સવાબ નો મહાસાગર

(૧)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

(શરૂ અલ્લાહના નામથી જે બેહદ મહેરબાન, મોટો રહમકર્તા છે.)

ફઝીલત : ઈબ્ને મસઊદ (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે દોઝખ (જહન્નમ) ના ૧૯ જેટલા ફરિશ્તા છે. તેમનાથી નજાત-છુટકારો મેળવવા માટે "બિસ્મિલ્લાહ ...." પઢતા રહો, કારણ કે "બિસ્મિલ્લાહ..."નાં પણ ૧૯ શબ્દો છે. દરેક શબ્દ આ ફરિશ્તાઓના અઝાબથી બચવા માટેની ઢાલ છે. (દુર્રે મન્સૂર ભાગ-૧,પેજ-૯)

(૨)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۙ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۙ مٰلِكِ يَوْمِ الدِّيْنِ ؕ اِيَّاكَ نَعْبُدُ وَاِيَّاكَ نَسْتَعِيْنُ ؕ اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ۙ صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ ۙ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ ع (الفاتحہ)

ફઝીલત : ત્રણ વખત સૂરએ ફાતિહા (અલ્હમ્દુ શરીફ...) પઢવાનો સવાબ બે વખત કુર્આન શરીફ પઢવા બરાબર મળે છે.

(તફસીરે મઝહરી, ભાગ-૨, પેજ-૧૫)

(૩)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ اَلْحَيُّ الْقَيُّوْمُ ۚ لَا تَاْخُذُهٗ سِنَةٌ
وَّلَا نَوْمٌ ؕ لَهٗ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ؕ مَنْ ذَا
الَّذِيْ يَشْفَعُ عِنْدَهٗٓ اِلَّا بِاِذْنِهٖ ؕ يَعْلَمُ مَا بَيْنَ اَيْدِيْهِمْ
وَمَا خَلْفَهُمْ ۚ وَلَا يُحِيْطُوْنَ بِشَيْءٍ مِّنْ عِلْمِهٖٓ اِلَّا بِمَا
شَآءَ ۚ وَسِعَ كُرْسِيُّهُ السَّمٰوٰتِ وَالْاَرْضَ ۚ وَلَا يَـُٔوْدُهٗ
حِفْظُهُمَا ۚ وَهُوَ الْعَلِيُّ الْعَظِيْمُ ﴿٢٥٥﴾ (البقرة:٢٥٥)

ફઝીલત : (૧) ચાર વખત આયતુલ કુર્સી પઢવાનો સવાબ એક કુર્આન શરીફ પઢવા બરાબર (સવાબ મળે) છે.

(તફસીરે મવાહિબુર્રહમાન, બાગ-૧, પેજ-૧૧)

(૨) હઝરત અબૂ ઉમામહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : " જે માણસ દરેક ફર્ઝ નમાઝ પછી "આયતુલ કુર્સી" પઢશે તો એને જન્નતમાં દાખલ થવાથી મૌત સિવાય કોઈ ચીઝ રોકી શકતી નથી. અર્થાત : તેના અને જન્નતનાં દરમિયાન માત્ર મૌત જ આડરૂપ હશે. (મરતાવેંત તે જન્નતમાં દાખલ થઈ જશે.)

(નસાઈ, ઇબ્ને હિબ્બાન, અલ અહાદીસુસ્સહીહા- ૯૬૮)

(૪)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اٰمَنَ الرَّسُوْلُ بِمَآ اُنْزِلَ اِلَيْهِ مِنْ رَّبِّهٖ وَالْمُؤْمِنُوْنَ ؕ كُلٌّ
اٰمَنَ بِاللّٰهِ وَمَلٰٓئِكَتِهٖ وَكُتُبِهٖ وَرُسُلِهٖ ۟ لَا نُفَرِّقُ بَيْنَ اَحَدٍ
مِّنْ رُّسُلِهٖ ۟ وَقَالُوْا سَمِعْنَا وَاَطَعْنَا ۗ غُفْرَانَكَ رَبَّنَا
وَاِلَيْكَ الْمَصِيْرُ ﴿٢٨٥﴾ لَا يُكَلِّفُ اللّٰهُ نَفْسًا اِلَّا وُسْعَهَا ؕ لَهَا مَا
كَسَبَتْ وَعَلَيْهَا مَا اكْتَسَبَتْ ؕ رَبَّنَا لَا تُؤَاخِذْنَآ اِنْ نَّسِيْنَآ
اَوْ اَخْطَاْنَا ۚ رَبَّنَا وَلَا تَحْمِلْ عَلَيْنَآ اِصْرًا كَمَا حَمَلْتَهٗ عَلَى
الَّذِيْنَ مِنْ قَبْلِنَا ۚ رَبَّنَا وَلَا تُحَمِّلْنَا مَا لَا طَاقَةَ لَنَا بِهٖ ۚ
وَاعْفُ عَنَّا ۟ وَاغْفِرْ لَنَا ۟ وَارْحَمْنَا ۟ اَنْتَ مَوْلٰىنَا
فَانْصُرْنَا عَلَى الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿٢٨٦﴾ (البقرہ۲:۲۸۶)

ફઝીલત : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિ.) બયાન કરે છે કે જનાબે રસૂલે ખુદા (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : "જેણે સૂરએ બકરહની છેલ્લી બે આયતો રાતે પઢી લીધી તે સર્વે બાબતોથી ફારિગ થઈ ગયો."

(બુખારી, મુસ્લિમ શરીફ)

(એટલે કે રાતની ઈબાદતો, આફતો અને શયતાન વગેરેથી.)

(૫)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

شَهِدَ اللّٰهُ اَنَّهٗ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۙ وَالْمَلٰٓئِكَةُ وَاُولُوا الْعِلْمِ قَآئِمًا
بِالْقِسْطِ ؕ لَآ اِلٰهَ اِلَّا هُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿١٨﴾ ؕ ★ (آل عمران ٣:١٨)

★ وَاَنَا الشّٰهِدُ اَيْ رَبِّيْ

ફઝીલત : હઝરત અબૂ વાઈલ (રહ.)એ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિ.)થી રિવાયત કરીને બયાન કર્યું કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ સૂરએ આલિ ઈમરાનની ઉપરોક્ત આયત "શહિદલ્લાહુ અન્નહૂ લા ઈલા-હ ...." પઢયા કરતો હોય તો એને કિયામતના દિવસે બારગાહે ઈલાહીમાં લાવવામાં આવશે. પછી અલ્લાહ તઆલા ફરમાવશે : "મારા બંદાએ મારાથી અહદ કર્યો હતો–તે વચનબદ્ધ થયો હતો અને હું વચનપાલનનો સૌથી વધુ હકદાર છું. મારા બંદાને જન્નતમાં દાખલ કરી દો."

(અલ્લામહ ઈબ્ને અબ્દુલ બર્ર (રહ.) કૃત "જામિઉ બયાનિલ ઈલ્મિ વ ફદ્લિહ." ૧/૯૯,
સંદર્ભ : મવલાના મુફ્તી મુહમ્મદ તકી ઉસ્માની સા. કૃત "તરાશે" પૃષ્ઠ : ૫૪/૫૫)

(૬)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِنَّ فِيْ خَلْقِ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَاخْتِلَافِ الَّيْلِ وَالنَّهَارِ
لَاٰيٰتٍ لِّاُولِي الْاَلْبَابِ ﴿١٩٠﴾ ۚ الَّذِيْنَ يَذْكُرُوْنَ اللّٰهَ قِيٰمًا
وَّقُعُوْدًا وَّعَلٰى جُنُوْبِهِمْ وَيَتَفَكَّرُوْنَ فِيْ خَلْقِ السَّمٰوٰتِ
وَالْاَرْضِ ۚ رَبَّنَا مَا خَلَقْتَ هٰذَا بَاطِلًا ۚ سُبْحٰنَكَ فَقِنَا

عَذَابَ النَّارِ ﴿١٩١﴾ رَبَّنَآ اِنَّكَ مَنْ تُدْخِلِ النَّارَ فَقَدْ
اَخْزَيْتَهٗ ؕ وَمَا لِلظّٰلِمِيْنَ مِنْ اَنْصَارٍ ﴿١٩٢﴾ رَبَّنَآ اِنَّنَا سَمِعْنَا
مُنَادِيًا يُّنَادِيْ لِلْاِيْمَانِ اَنْ اٰمِنُوْا بِرَبِّكُمْ فَاٰمَنَّا ۖ رَبَّنَا
فَاغْفِرْ لَنَا ذُنُوْبَنَا وَكَفِّرْ عَنَّا سَيِّاٰتِنَا وَتَوَفَّنَا مَعَ الْاَبْرَارِ ﴿١٩٣﴾ ۚ
رَبَّنَا وَاٰتِنَا مَا وَعَدْتَّنَا عَلٰى رُسُلِكَ وَلَا تُخْزِنَا يَوْمَ الْقِيٰمَةِ ؕ
اِنَّكَ لَا تُخْلِفُ الْمِيْعَادَ ﴿١٩٤﴾ فَاسْتَجَابَ لَهُمْ رَبُّهُمْ اَنِّيْ لَآ
اُضِيْعُ عَمَلَ عَامِلٍ مِّنْكُمْ مِّنْ ذَكَرٍ اَوْ اُنْثٰى ۚ بَعْضُكُمْ مِّنْ
بَعْضٍ ۚ فَالَّذِيْنَ هَاجَرُوْا وَاُخْرِجُوْا مِنْ دِيَارِهِمْ وَاُوْذُوْا فِيْ
سَبِيْلِيْ وَقٰتَلُوْا وَقُتِلُوْا لَاُكَفِّرَنَّ عَنْهُمْ سَيِّاٰتِهِمْ وَلَاُدْخِلَنَّهُمْ
جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ۚ ثَوَابًا مِّنْ عِنْدِ اللّٰهِ ؕ وَاللّٰهُ
عِنْدَهٗ حُسْنُ الثَّوَابِ ﴿١٩٥﴾ لَا يَغُرَّنَّكَ تَقَلُّبُ الَّذِيْنَ كَفَرُوْا
فِي الْبِلَادِ ؕ ﴿١٩٦﴾ مَتَاعٌ قَلِيْلٌ ۖ ثُمَّ مَاْوٰىهُمْ جَهَنَّمُ ؕ وَبِئْسَ
الْمِهَادُ ﴿١٩٧﴾ لٰكِنِ الَّذِيْنَ اتَّقَوْا رَبَّهُمْ لَهُمْ جَنّٰتٌ تَجْرِيْ مِنْ
تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا نُزُلًا مِّنْ عِنْدِ اللّٰهِ ؕ وَمَا عِنْدَ
اللّٰهِ خَيْرٌ لِّلْاَبْرَارِ ﴿١٩٨﴾ وَاِنَّ مِنْ اَهْلِ الْكِتٰبِ لَمَنْ يُّؤْمِنُ

بِاللّٰهِ وَمَآ اُنْزِلَ اِلَيْكُمْ وَمَآ اُنْزِلَ اِلَيْهِمْ خٰشِعِيْنَ لِلّٰهِ ۙ لَا
يَشْتَرُوْنَ بِاٰيٰتِ اللّٰهِ ثَمَنًا قَلِيْلًا ؕ اُولٰٓئِكَ لَهُمْ اَجْرُهُمْ عِنْدَ
رَبِّهِمْ ؕ اِنَّ اللّٰهَ سَرِيْعُ الْحِسَابِ ﴿۱۹۹﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا
اصْبِرُوْا وَصَابِرُوْا وَرَابِطُوْا ۟ وَاتَّقُوا اللّٰهَ لَعَلَّكُمْ
تُفْلِحُوْنَ ﴿۲۰۰﴾ ع (آل عمران ۳: ۱۹۰-۲۰۰، پارہ ۴)

ફઝીલત : હઝરત ઉસ્માન (રદિ.) થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જે માણસ સૂરએ આલિ ઇમરાનની અંતિમ (છેલ્લી) દસ (૧૦) આયતો (ઇન્ન ફી ખલ્કિસ્સમાવાતિ .....થી સૂરતના અંત સુધી) રાતે પઢી લેશે તો તેને રાતભર નમાઝ પઢવાનો સવાબ મળશે. (મિશ્કાત શરીફ)

(૭)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ وَجَعَلَ
الظُّلُمٰتِ وَالنُّوْرَ ؕ ثُمَّ الَّذِيْنَ كَفَرُوْا بِرَبِّهِمْ يَعْدِلُوْنَ ﴿۱﴾
هُوَ الَّذِيْ خَلَقَكُمْ مِّنْ طِيْنٍ ثُمَّ قَضٰٓى اَجَلًا ؕ وَاَجَلٌ
مُّسَمًّى عِنْدَهٗ ثُمَّ اَنْتُمْ تَمْتَرُوْنَ ﴿۲﴾ وَهُوَ اللّٰهُ فِي
السَّمٰوٰتِ وَفِي الْاَرْضِ ؕ يَعْلَمُ سِرَّكُمْ وَجَهْرَكُمْ وَيَعْلَمُ مَا
تَكْسِبُوْنَ ﴿۳﴾ (الانعام ۶: ۳، پارہ ۷)

ફઝીલત: ચાળીસ હજાર (૪૦,૦૦૦) ફરિશ્તાઓ કયામત સુધી....

(૧) હદીષ : હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જે માણસ સૂરએ અન્આમની શરૂઆતની ત્રણ આયતો પઢશે તો એના માટે ચાળીસ હજાર ફરિશ્તાઓ કિયામત સુધી ઈબાદત કરશે. એમની એ ઈબાદતોનો બધો સવાબ આ આયતો પઢનારના નામ-એ-આમાલ (કર્મપત્ર)માં લખવામાં આવશે. ઉપરાંત, એક ફરિશ્તો સાતમા આકાશમાંથી લોખંડની ગદા લઈને ઉતરે છે. જ્યારે શયતાન પઢનાર વ્યક્તિના દિલમાં વસવસા નાખે છે તો એ ફરિશ્તો એ ગદાથી શયતાનને બરાબર ફટકારે છે. જેથી એ પઢનાર અને શયતાનની વચ્ચે સિત્તેર (૭૦) પડદા આડવાડ બની જાય છે. અલ્લાહ તઆલા કિયામતના દિવસે એને ફરમાવશે : "તું મારા છાંયડા તળે ચાલ, મારા છાંયડા સિવાય બીજો કોઈ છાંયડો નથી. જન્નતના ફળ ખા, મારી હૌઝે કવષરનું પાણી પી, સલસબીલની નહેરમાં ગુસલ કર, તું મારો બંદો છે અને હું તારો રબ."

(હાશિયતુસ્સાવી અલા તફસીરિલ જલાલૈન - ૨/૧૬૪)

(૨) આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જે કોઈ ઉપરની ત્રણ આયતો સવારના સમયે પઢશે તો અલ્લાહ તઆલા સિત્તેર હજાર ફરિશ્તા તેની હિફાઝત માટે મુકર્રર કરી આપશે અને સાતમા આસમાનથી એક ફરિશ્તો પોતાની સાથે લોખંડનો હથોડો લઈને ઊતરશે. જ્યારે પણ શયતાન તેના દિલમાં કોઈ બુરાઈ પેદા કરવા ઈચ્છશે તો તે હથોડાથી તેને મારશે, તેમજ પઢનાર અને શયતાન વચ્ચે સિત્તેર હજાર (૭૦,૦૦૦) પડદા થઈ જશે. ઉપરાંત, કિયામતના દિવશે આ પઢનારને કોઈ હિસાબ કે અઝાબ થશે નહીં.

(રૂહુલ બયાન, ભાગ-૩)

(૮)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

فَسُبْحٰنَ اللّٰهِ حِيْنَ تُمْسُوْنَ وَحِيْنَ تُصْبِحُوْنَ ﴿١٧﴾ وَلَهُ الْحَمْدُ
فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ وَعَشِيًّا وَّحِيْنَ تُظْهِرُوْنَ ﴿١٨﴾ يُخْرِجُ
الْحَيَّ مِنَ الْمَيِّتِ وَيُخْرِجُ الْمَيِّتَ مِنَ الْحَيِّ وَيُحْيِ الْاَرْضَ
بَعْدَ مَوْتِهَا ؕ وَكَذٰلِكَ تُخْرَجُوْنَ ﴿١٩﴾ ع (الروم ٣٠: ١٧ تا ١٩، پاره ٢١)

ફઝીલત : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : જે માણસ સવારે (સૂરએ રૂમ, પારહ ૨૧ની) ઉપરની ત્રણ આયતો પઢી લેશે તો એ દિવસે જે (વિર્દ–વઝાઈફ વગેરે) છૂટી જશે એનો સવાબ પામી લેશે અને જે માણસ સાંજે આ આયતો પઢી લેશે તો એ રાતે જે (વિર્દ–વઝાઈફ વગેરે) છૂટી જશે એનો સવાબ મેળવી લેશે. (અબૂ દાવૂદ)

(૯)

هُوَ الْاَوَّلُ وَالْاٰخِرُ وَالظَّاهِرُ وَالْبَاطِنُ ۚ وَهُوَ بِكُلِّ شَيْءٍ
عَلِيْمٌ ﴿٣﴾ (الحديد ٥٧: ٣، پاره ٢٧)

ફઝીલત : આ આયતને એક વખત પઢવાથી ઈન્શાઅલ્લાહ એક હજાર આયતો પઢવા બરાબર સવાબ મળશે. (આખિરતનો તોહફો)

(૧૦)

اَعُوْذُ بِاللّٰهِ السَّمِيْعِ الْعَلِيْمِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ ط

પછી નીચેની આયતો એકવાર પઢે :

هُوَ اللّٰهُ الَّذِىْ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ عٰلِمُ الْغَيْبِ وَالشَّهَادَةِ ۚ هُوَ الرَّحْمٰنُ الرَّحِيْمُ ﴿٢٢﴾ هُوَ اللّٰهُ الَّذِىْ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ اَلْمَلِكُ الْقُدُّوْسُ السَّلٰمُ الْمُؤْمِنُ الْمُهَيْمِنُ الْعَزِيْزُ الْجَبَّارُ الْمُتَكَبِّرُ ط سُبْحٰنَ اللّٰهِ عَمَّا يُشْرِكُوْنَ ﴿٢٣﴾ هُوَ اللّٰهُ الْخَالِقُ الْبَارِئُ الْمُصَوِّرُ لَهُ الْاَسْمَآءُ الْحُسْنٰى ط يُسَبِّحُ لَهٗ مَا فِى السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿٢٤﴾ ع (الحشر ٥٩: ٢٢ تا ٢٤، پاره ٢٨)

ફઝીલત : હઝરત મઅકલ ઈબ્ને યસાર (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ સવારે ત્રણ વાર "અઊઝુ બિલ્લાહિસ્સમીઈલ અલીમિ મિનશશયતાનિર્રજીમ" પઢશે, પછી સૂરએ હશ્રની છેલ્લી ત્રણ આયતો એક વાર પઢશે તો અલ્લાહ તઆલા તેના પર સિત્તેર હજાર (૭૦,૦૦૦) ફરિશ્તા નિયુક્ત ફરમાવી દે છે, જે સાંજ સુધી એના માટે ઈસ્તિગફાર કરતા રહે છે અને જો તે આ દિવસે મૃત્યુ પામશે તો શહીદ મરશે અને જો કોઈ આ પ્રમાણે સાંજે પઢી લેશે તો તેને પણ આ જ દરજ્જો પ્રાપ્ત થશે. અર્થાત : સિત્તેર હજાર ફરિશ્તા સવાર સુધી તેના માટે ઈસ્તિગફાર કરતા રહેશે અને જો તે આ રાતે મરણ પામશે તો શહીદ તરીકે મરણ પામશે. (મિશ્કાત શરીફ : ૧૮૮)

(૧૧)

اياتها ٥ | ٩٧ سُوْرَةُ الْقَدْرِ مَكِّيَّةٌ ٢٥ | ركوعها ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِنَّآ اَنْزَلْنٰهُ فِيْ لَيْلَةِ الْقَدْرِ ۝١

وَمَآ اَدْرٰىكَ مَا لَيْلَةُ الْقَدْرِ ۝٢

لَيْلَةُ الْقَدْرِ ۙ خَيْرٌ مِّنْ اَلْفِ شَهْرٍ ۝٣

تَنَزَّلُ الْمَلٰٓئِكَةُ وَالرُّوْحُ فِيْهَا بِاِذْنِ رَبِّهِمْ ۚ

مِنْ كُلِّ اَمْرٍ ۝٤ سَلٰمٌ ۛ هِيَ حَتّٰى مَطْلَعِ الْفَجْرِ ۝٥

(القدر ٩٧: ١ تا ٥، پاره ٣٠)

ફઝીલત : ચાર વખત "સૂરએ કદ્ર" પઢવાનો સવાબ એક કુર્આન શરીફ પઢવા બરાબરનો સવાબ મળશે.

(દયલમી, મુસ્નદે અહમદનો હાશિયો, ભાગ-૧, પેજ ૨૮૨)

(કન્ઝુલ ઉમ્માલ, બેહિશ્તી ઝેવર, ભાગ-૧)

(૧૨)

اياتها ٨ | ٩٩ سُوْرَةُ الزِّلْزَالِ مَدَنِيَّةٌ ٩٣ | ركوعها ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِذَا زُلْزِلَتِ الْاَرْضُ زِلْزَالَهَا ۙ ۝١ وَاَخْرَجَتِ الْاَرْضُ

اَثْقَالَهَا ۙ ۝٢ وَقَالَ الْاِنْسَانُ مَا لَهَا ۚ ۝٣ يَوْمَئِذٍ تُحَدِّثُ

اَخْبَارَهَا ۙ﴿۴﴾ بِاَنَّ رَبَّكَ اَوْحٰى لَهَا ؕ﴿۵﴾ يَوْمَئِذٍ يَّصْدُرُ النَّاسُ
اَشْتَاتًا ۙ لِّيُرَوْا اَعْمَالَهُمْ ؕ﴿۶﴾ فَمَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ خَيْرًا
يَّرَهٗ ؕ﴿۷﴾ وَمَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ شَرًّا يَّرَهٗ ﴿۸﴾ (القدر ۹۷: ۱ تا ۵)

ફઝીલત : (૧) બે વખત સૂરએ ઝિલઝાલ પઢવાનો સવાબ એક કુર્આન શરીફ પઢવા બરાબર છે. (તિર્મિઝી શરીફ, ભાગ-૨, પેજ-૧૭)

(૨) હદીસ શરીફમાં છે કે જે કોઈ જુમ્આની રાતે મગરિબની નમાઝ પછી બે રકા'ત (નફિલ) પઢે અને દરેક રકા'તમાં સૂરએ ફાતિહા એકવાર, સાથે સૂરહ ઈઝા ઝુલઝિલતિલ્ અર્દુ....૧૫ વાર પઢતો રહે તો અલ્લાહપાક એને માટે પ્રાણ નીકળવાની ક્રિયા સહેલી કરી દેશે. વળી, કબરના અઝાબથી એને પનાહ દેશે. પુલસિરાત પસાર કરવાનું ય એને માટે આસાન બનશે. (શર્હુસ્સુદૂર)

(૧૩)

اٰياتها ۱۱ ﴿۱۰۰﴾ سُوْرَةُ الْعٰدِيٰتِ مَكِّيَّةٌ ۱۴ رکوعها ۱

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَالْعٰدِيٰتِ ضَبْحًا ۙ﴿۱﴾ فَالْمُوْرِيٰتِ قَدْحًا ۙ﴿۲﴾ فَالْمُغِيْرٰتِ
صُبْحًا ۙ﴿۳﴾ فَاَثَرْنَ بِهٖ نَقْعًا ۙ﴿۴﴾ فَوَسَطْنَ بِهٖ جَمْعًا ۙ﴿۵﴾ اِنَّ
الْاِنْسَانَ لِرَبِّهٖ لَكَنُوْدٌ ۚ﴿۶﴾ وَاِنَّهٗ عَلٰى ذٰلِكَ لَشَهِيْدٌ ۚ﴿۷﴾ وَاِنَّهٗ
لِحُبِّ الْخَيْرِ لَشَدِيْدٌ ؕ﴿۸﴾ اَفَلَا يَعْلَمُ اِذَا بُعْثِرَ مَا فِي
الْقُبُوْرِ ۙ﴿۹﴾ وَحُصِّلَ مَا فِي الصُّدُوْرِ ۙ﴿۱۰﴾ اِنَّ رَبَّهُمْ بِهِمْ
يَوْمَئِذٍ لَّخَبِيْرٌ ﴿۱۱﴾ (العٰدیٰت ۱۰۰: ۱ تا ۱۱، پاره ۳۰)

ફઝીલત : (૧) આ સૂરતને એક વખત પઢવાનો સવાબ છેલ્લા (પાછલા) પંદર પારહ પઢવા બરાબર છે. (તફસીરે ઇતકાન)

(૨) બે વખત સૂરએ "આદિયાત" પઢવાથી એક કુર્આન શરીફ પઢવા બરાબર સવાબ મળે છે. (તફસીરે મવાહિબુર્રહમાન, ભાગ-૧, પેજ-૧૩)

(૧૪)

اٰيَاتُهَا ٨ ١٠٢ سُوْرَةُ التَّكَاثُرِ مَكِّيَّةٌ ١٦ رُكُوْعُهَا ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْهٰكُمُ التَّكَاثُرُ ۙ﴿١﴾ حَتّٰى زُرْتُمُ الْمَقَابِرَ ؕ﴿٢﴾ كَلَّا سَوْفَ
تَعْلَمُوْنَ ۙ﴿٣﴾ ثُمَّ كَلَّا سَوْفَ تَعْلَمُوْنَ ؕ﴿٤﴾ كَلَّا لَوْ تَعْلَمُوْنَ عِلْمَ
الْيَقِيْنِ ؕ﴿٥﴾ لَتَرَوُنَّ الْجَحِيْمَ ۙ﴿٦﴾ ثُمَّ لَتَرَوُنَّهَا عَيْنَ الْيَقِيْنِ ۙ﴿٧﴾
ثُمَّ لَتُسْـَٔلُنَّ يَوْمَئِذٍ عَنِ النَّعِيْمِ ﴿٨﴾ (التكاثر ١٠٢:١ تا ٨، پاره ٣٠)

ફઝીલત : સૂરએ "તકાસુર" એક વખત પઢવાનો સવાબ એક હજાર (૧,૦૦૦) આયતો પઢવા બરાબર છે. આ સૂરતને કબ્રસ્તાનમાં પઢવી સુન્નત છે. (બયહકી, મિશ્કાત શરીફ, પેજ-૧૯૦)

(૧૫)

اٰيَاتُهَا ٦ ١٠٩ سُوْرَةُ الْكٰفِرُوْنَ مَكِّيَّةٌ ١٨ رُكُوْعُهَا ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ يٰۤاَيُّهَا الْكٰفِرُوْنَ ۙ﴿١﴾ لَاۤ اَعْبُدُ مَا تَعْبُدُوْنَ ۙ﴿٢﴾ وَلَاۤ اَنْتُمْ
عٰبِدُوْنَ مَاۤ اَعْبُدُ ۚ﴿٣﴾ وَلَاۤ اَنَا عَابِدٌ مَّا عَبَدْتُّمْ ۙ﴿٤﴾ وَلَاۤ اَنْتُمْ
عٰبِدُوْنَ مَاۤ اَعْبُدُ ؕ﴿٥﴾ لَكُمْ دِيْنُكُمْ وَلِيَ دِيْنِ ﴿٦﴾ (الكفرون ١٠٩:١ تا ٦)

ફઝીલત : (૧) સૂરએ "કાફિરૂન" એક વખત પઢવાથી ચોથા ભાગનું કુર્આન શરીફ પઢવા બરાબર સવાબ મળે છે. (તિર્મિઝી શરીફ)

(૨) સૂરએ "કાફિરૂન" ચાર વખત પઢવાનો સવાબ એક કુર્આન શરીફ પઢવા બરાબર (નો સવાબ મળે) છે. (તિર્મિઝી શરીફ, ભાગ-૨, પેજ-૧૧૭)

(૧૬)

اياتها ٣ ١١٠ سُوْرَةُ النَّصْرِ مَدَنِيَّةٌ ١١٤ ركوعها ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِذَا جَآءَ نَصْرُ اللّٰهِ وَالْفَتْحُ ۙ﴿۱﴾ وَرَاَيْتَ النَّاسَ يَدْخُلُوْنَ فِيْ
دِيْنِ اللّٰهِ اَفْوَاجًا ۙ﴿۲﴾ فَسَبِّحْ بِحَمْدِ رَبِّكَ وَاسْتَغْفِرْهُ ؕ اِنَّهٗ
كَانَ تَوَّابًا ﴿۳﴾ (النصر ١١٠: ١ تا ٣، پاره ٣٠)

ફઝીલત : ચાર વખત પઢવાનો સવાબ એક કુર્આન પઢવા બરાબર છે. (તિર્મિઝી શરીફ, ભાગ-૨, પેજ -૧૧૭)

(૧૭)

اياتها ٤ ١١٢ سُوْرَةُ الْاِخْلَاصِ مَكِّيَّةٌ ٢٢ ركوعها ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ ۚ﴿۱﴾ اَللّٰهُ الصَّمَدُ ۚ﴿۲﴾ لَمْ يَلِدْ ۙ وَلَمْ يُوْلَدْ ۙ﴿۳﴾
وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ ﴿۴﴾ (الاخلاص ١١٢: ١ تا ٤، پاره ٣٠)

ફઝીલત : (૧) ત્રણ વખત સૂરએ ઈખ્લાસ (કુલ હુવલ્લાહ શરીફ) પઢવાનો સવાબ એક કુર્આન શરીફ પઢવા બરાબર મળે છે.

(બુખારી શરીફ, ભાગ-૨, પેજ-૭૫૦, મુસ્લિમ શરીફ, ભાગ-૧, પેજ -૨૭૧)

(૨) હુઝૂરે અકરમ (સલ.)એ ફરમાવ્યું : " જે કોઈ વ્યક્તિ ફર્ઝ નમાઝ પછી કુલ હુ-વલ્લાહુ અ-હદ પઢશે તો તેને મોત સિવાય બીજી કોઈ પણ વસ્તુ જન્નતમાં દાખલ થવામાંથી અટકાવી નહિ શકે." (જમ્ઉલ ફવાઈદ)

(૩) હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યોઃજે વ્યક્તિએ ફજરની નમાઝ પછી બાર વખત(સૂરએ)કુલ હુવલ્લાહુ અહદ.. પઢી તો જાણે તેણે આખું કુર્આન ચાર વખત પઢયું અને જો તેણે ગુનાહોથી પરહેઝ કર્યો તો તે દિવસે પૃથ્વીના (પટ પર વસતા) સર્વશ્રેષ્ઠ લોકોમાં તેનો શુમાર થશે.

(તબરાની કૃત "મુઅજમે સગીર" : ૧/૬૨, બયહકી કૃત "શુઅબુલ ઈમાન" : ૨૨૯૮)

(૪) જો કોઈ ઘરમાં જતી વેળા એ સૂરત પઢશે તો તેની તંગી દૂર થઈ રોઝી બહોળી થશે, ઈન્શા અલ્લાહ. (મુઅજમે કબીર તબરાની : ૨/૩૪૦)

(૧૮)

اياتها ٥ ١١٣ سُوْرَةُ الْفَلَقِ مَكِّيَّةٌ ٢٠ ركوعها ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ اَعُوْذُ بِرَبِّ الْفَلَقِ ۙ﴿١﴾ مِنْ شَرِّ مَا خَلَقَ ۙ﴿٢﴾ وَمِنْ شَرِّ
غَاسِقٍ اِذَا وَقَبَ ۙ﴿٣﴾ وَمِنْ شَرِّ النَّفّٰثٰتِ فِي الْعُقَدِ ۙ﴿٤﴾ وَمِنْ
شَرِّ حَاسِدٍ اِذَا حَسَدَ ﴿٥﴾ ع (الفلق ١١٣:١ تا ٥، પારો ૩૦)

اياتها ٦ ١١٤ سُوْرَةُ النَّاسِ مَكِّيَّةٌ ٢١ ركوعها ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ اَعُوْذُ بِرَبِّ النَّاسِ ۙ﴿١﴾ مَلِكِ النَّاسِ ۙ﴿٢﴾ اِلٰهِ النَّاسِ ۙ﴿٣﴾
مِنْ شَرِّ الْوَسْوَاسِ ۙ الْخَنَّاسِ ۙ﴿٤﴾ الَّذِيْ يُوَسْوِسُ فِيْ صُدُوْرِ
النَّاسِ ۙ﴿٥﴾ مِنَ الْجِنَّةِ وَالنَّاسِ ﴿٦﴾ ع (الناس ١١٤:١ تا ٦، પારો ૩૦)

ફઝીલત : (૧) હઝરત ઉકબહ ઇબ્ને આમિર (રદિ.)થી રિવાયત છે કે જનાબે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : કે

" શું હું તમને એવી સૂરતો શુખવું કે જે ઉત્તમ છે ? " ફરી તેમણે "કુલ અઉઝુ બિરબ્બિલ ફલક અને કુલ અઉઝુ બિરબ્બિન્નાસ" તેમને શિખવાડી ફરમાવ્યું કે,

"આજ સુધી કોઇએ એના જેવા શબ્દો સાથે પનાહ લીધી નથી." (અબૂ દાવૂદ શરીફ)

(૧૯)

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ ط

લા ઇલા-હ ઇલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ.

(અર્થ : અલ્લાહ તઆલાના સિવાય કોઇ પણ ઇબાદત કરવાને લાયક નથી અને હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અલ્લાહના રસૂલ છે.)

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ ط

લા ઇલા-હ ઇલ્લલ્લાહ

ફઝીલત : (૧) રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઇરશાદ છે કે જે માણસ દરરોજ એક સો (૧૦૦) વખત " લા ઇલા-હ ઇલ્લલ્લાહ " પઢશે તો અલ્લાહ તઆલા કિયામતના દિવસે તેને એવી હાલતમાં ઉઠાવશે કે તેનો ચહેરો રોશન, ચમકદાર અને ખૂબસૂરત હશે, જાણે ચૌદમી રાતનો ચાંદ. જે માણસ આ મુબારક કલિમહને દિવસે સો (૧૦૦) વખત પઢશે તો તે દિવસે તેનાથી અફઝલ (અને સારા) અમલવાળો તે જ માણસ હશે, જે એના કરતા વધારે વખત આ મુબારક કલિમહને પઢયો હશે. (ફઝાઇલે આ'માલ)

(૨) જે માણસ આ મુબારક કલિમહને દિવસે યા રાતે એક વખત પણ પઢશે તો અલ્લાહ તઆલા તેના તે દિવસના ગુનાહોને માફ ફરમાવી દેશે તથા તે ગુનાહોને અલ્લાહ તઆલા નેકીઓમાં બદલી નાખશે. (ફઝાઈલે આ'માલ)

(૨૦)

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ط

(અર્થ : હું ગવાહી આપું છું કે અલ્લાહ તઆલા સિવાય કોઈ પણ બંદગીને લાયક નથી અને હું ગવાહી આપું છું કે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તેના બંદા અને રસૂલ છે.)

●●●

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ
وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ط

ફઝીલત : (૧) જે માણસ સારી રીતે (એટલે કે સુન્નતો અને આદાબનો ખ્યાલ રાખીને) વુઝૂ કરે પછી આ કલિમો પઢે તો તે પઢનારનાં માટે જન્નતનાં આઠે આઠ દરવાજા ખુલી જાય છે. જે દરવાજેથી દિલ ચાહે તે દરવાજાથી જન્નતમાં દાખલ થાય.

ફાયદો : જન્નતમાં દાખલ થવા માટે તો ફક્ત એક દરવાજો પણ બસ (કાફી) છે. પછી આઠે આઠ દરવાજાઓનું ખુલી જવું એ માણસના એઝાઝ-ઈકરામના તોર પર છે. (ફઝાઈલે આ'માલ)

(૨) જે માણસ અઝાન સાંભળ્યા પછી આ દુઆ પઢે :

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ
وَاَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ، رَضِيْتُ بِاللّٰهِ
رَبًّا وَّبِمُحَمَّدٍ رَسُوْلًا وَّبِالْاِسْلَامِ دِيْنًا ط

—તો એ માણસનાં ગુનાહો માફ કરવામાં આવે છે. (મુસ્લિમ)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ فِى الْاَوَّلِيْنَ
وَالْاٰخِرِيْنَ وَفِى الْمَلَاِ الْاَعْلٰى اِلٰى يَوْمِ الدِّيْنِ ط

બજારમાં કલિમ-એ-શહાદતની ફઝીલત

હઝરત અલી (રદિ.)થી રિવાયત છે, હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : બજારમાં જતી વખતે અને બજારમાં દાખલ થતી વખતે આ દુઆ પઢયા કરો :

بِسْمِ اللّٰهِ وَبِاللّٰهِ اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ
وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ ط

ફઝીલત : (જ્યારે બંદો આ દુઆ પઢી લે છે તો) અલ્લાહ તઆલા ફરમાવે છે કે મારા બંદાએ મને એવા સમયે અને એવા સ્થળે યાદ કર્યો છે કે જેમાં બીજા લોકો ગાફિલ છે. (જેથી હે ફરિશ્તાઓ !) હું તમને ગવાહ બનાવું છું કે મેં આ માણસને બખ્શી દીધો છે.

(નુઝ્હહ : ૧/૧૧૯, સંદર્ભ : તરગીબુલ મુસ્લિમીન : ૨૧૪)

(૨૧)

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ

وَلَاحَوْلَ وَلَاقُوَّةَ اِلَّابِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ ط

સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુ લિલ્લાહિ વલા ઈલા-હ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર, વલા હવ્લ વલા કુવ્વ-ત ઈલ્લા બિલ્લાહિલ અલિય્યિલ અઝીમ.

અર્થ : (અલ્લાહ તઆલાની ઝાત પાક છે અને સઘળા વખાણ અલ્લાહ તઆલાને માટે જ છે અને અલ્લાહ તઆલાના સિવાય કોઈ ઈબાદત (બંદગી)ને લાયક નથી અને અલ્લાહ તઆલા ઘણો મોટો છે. નથી કોઈને કશી કુદરત અને નથી કોઈને કશી તાકત પરંતુ અલ્લાહ તઆલાને જ અને તે જ ઉચ્ચ અને મહાન છે.)

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ ط

ફઝીલત : (૧) એના પ્રત્યેક (દરેક) કલિમહના બદલામાં તમારા માટે એક છોડ રોપી દેવામાં આવે છે. (ફઝાઈલે આ'માલ)

(૨) સો (૧૦૦) વાર "સુબ્હાનલ્લાહ" પઢવું હઝરત ઈસ્માઈલ (અલૈ.)ની અવલાદમાંથી સો ગુલામ આઝાદ કરવા બરાબર છે. સો (૧૦૦) વખત "અલ્હમ્દુલિલ્લાહ" પઢવું સો જીન (પલાણ) કસેલા અને લગામ પહેરાવેલા ઘોડાઓ બરાબર છે. જેમના પર જિહાદ માટે (ગાઝીઓને) સવાર કરવામાં આવે. સો (૧૦૦) વાર "અલ્લાહુ અકબર" પઢવું ખુદાને ત્યાં એવા સો મકબૂલ ઊંટોના (સવાબ) બરાબર છે, (જેમને મક્કામાં ઝબહ કરવામાં આવે) અને "લા ઈલા-હ ઈલ્લલ્લાહ" તો જમીન અને આસમાન વચ્ચેની ફિઝા (અવકાશ)ને ભરી આપે છે. (ફઝાઈલે આ'માલ)

બજારમાં તસ્બીહની ફઝીલત

(૩) નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : બજાર ભૂલ અને ગફલતની જગ્યા છે. બસ, જે માણસ બજારમાં એક વખત તસ્બીહ سُبْحَانَ اللّٰهِ (સુબ્હાનલ્લાહ) પઢશે તો અલ્લાહ તઆલા એના બદલામાં એ માણસ માટે દસ લાખ નેકીઓ લખી આપશે.

(નુઝ્હહ : ૧/૧૧૯, સંદર્ભ : તરગીબુલ મુસ્લિમીન : ૨૧૫)

(૨૨)

لَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ

લા લવ્લ વલા કુવ્વ-ત ઈલ્લા બિલ્લાહિલ અલિય્યિલ અઝીમ.
(અર્થ : નથી કોઈને કશી કુદરત અને નથી કોઈને કશી તાકત, પરંતુ અલ્લાહ તઆલાને જ અને તે જ ઉચ્ચ અને મહાન છે.)

ફઝીલત : (૧) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને કૈસ (રદિ.) ફરમાવે છે કે અમે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) સાથે એક સફરમાં હતા. આપે મને સંબોધીને ફરમાવ્યું કે હે અબ્દુલ્લાહ ! શું હું તમને જન્નતના ખઝાનાઓમાંથી એક ખઝાનો ન બતાવું ? મેં અરજ કરી : જરૂર બતાવો, તો આપે ફરમાવ્યું :

لَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ

(અર્થ : નથી કોઈને કશી કુદરત અને નથી કોઈને કશી તાકત, પરંતુ અલ્લાહ તઆલાને જ.) (બુખારી, મુસ્લિમ શરીફ)

દસ (૧૦) વખત પઢવાથી ગુનાહોથી પાક-સાફ થઈ જશે

(૨) હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે હઝરત રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જે માણસ નીચેની દુઆને દસ (૧૦) વખત પઢશે તો તે માણસ ગુનાહોથી એવો પાક-સાફ થઈ ગયો કે જાણે આજે જ પોતાની માં ના પેટથી પેદા થયો, ને તે દુનિયાની સિત્તેર (૭૦) બલાઓથી બચેલો રહેશે, જેમાં રક્તપિત્ત, કોઢની બીમારીઓ તથા જિન્નાતની અસરનો સમાવેશ થાય છે. હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ સિત્તેર (૭૦) માંથી ફક્ત ત્રણનાં જ નામો જાહેર કર્યા. બાકી ૬૭ ભયંકરમાં ભયંકર રોગો છે, જેથી નીચેની દુઆ પઢનારને અલ્લાહ તઆલા બચાવશે, ઈન્શા અલ્લાહ. તે દુઆ આ રહી :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

لَاحَوْلَ وَلَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ ط

(વઝાઈફે અશરફિય્યહ, પેજ- ૧૦૫)

સઘળા ગુનાહોથી માફી :

(૩) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો કે પૃથ્વી (જમીન) પર ચાલનારો કોઈ પણ માણસ જ્યારે આ નીચેનો કલિમહ પઢે છે તો તેના તમામ સગીરહ (નાના) ગુનાહો માફ થઈ જાય છે, ચાહે તે સમંદરના કાંપ બરાબર કેમ ન હોય :

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ وَلَاحَوْلَ وَلَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ ط

(તિર્મિઝી શરીફ, નસાઈ)

(૨૩)

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ، لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ
يُحْيِيْ وَيُمِيْتُ بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط

લા ઈલા-હ ઈલ્લલ્લાહુ વહ્દહૂ લા શરી-ક લહૂ, લહુલ મુલ્કુ વ લહુલ હમ્દુ યુહ્યી વ યુમીતુ બિયદિહિલ્ ખયરુ વ હુ-વ અલા કુલ્લિ શયઈન કદીર.

(અર્થ : અલ્લાહ તઆલા સિવાય કોઈ બંદગીને લાયક નથી, તે એક છે, તેનો કોઈ શરીક (ભાગીદાર) નથી, તેની જ બાદશાહી છે અને તમામ પ્રકારની તારીફ તેના જ માટે છે. તે જ જિવાડે છે અને તે જ મારે છે (અને) તેના જ કબજામાં દરેક પ્રકારની ભલાઈ છે અને તે દરેક ચીજ કરવા શક્તિમાન છે.)

ફઝીલત : (૧) જે માણસ ઉપરના કલિમહને દસ વાર પઢશે તો એને એવો સવાબ મળે છે કે જેમ એણે હઝરત ઈસ્માઈલ (અલૈ.)ની અવલાદમાંના દસ (૧૦) ગુલામો આઝાદ કર્યા. (બુખારી શરીફ)

અપાર બખ્શિશ :

(૨) હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફરમાવે છે : " જે શખ્સ સૂતી વખતે આ (નીચે દર્શાવેલી) દુઆ પઢે, તો તેના સઘળા ગુનાહ માફ કરી દેવામાં આવે છે. ભલે, તે ગુનાહ દરિયાનાં ફીણ જેટલા (વધુ) હોય."

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ، لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ وَهُوَ
عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط لَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ ط
سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ ط

(નસાઈ, ઈબ્ને હિબ્બાન)

(૨૪)

اَللّٰهُمَّ اِنِّیْ اَعُوْذُبِکَ مِنْ اَنْ اُشْرِکَ بِکَ شَیْئًا وَّاَنَا اَعْلَمُ بِهٖ وَاَسْتَغْفِرُکَ لِمَا لَا اَعْلَمُ بِهٖ تُبْتُ عَنْهُ وَتَبَرَّأْتُ مِنَ الْکُفْرِ وَالشِّرْکِ وَالْمَعَاصِیْ کُلِّهَا اَسْلَمْتُ وَاٰمَنْتُ وَاَقُوْلُ لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ ط

અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુ બિ-ક મિન અન ઉશિર-ક બિ-ક શયઅંવ વ અ-ન અઅ્લમુ બિહી વ અસ્તગ્ફિરુ-ક લિમા લા અઅ્લમુ બિહી તુબ્તુ અન્હૂ વ તબર્રઅ્તુ મિનલ કુફ્રિ વશિર્કિ વલ મઆસી કુલ્લિહા અસ્લમ્તુ વ આમન્તુ વ અકૂલુ લા ઇલા-હ ઇલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ.

(અર્થ : હે અલ્લાહ ! હૂં તારી પનાહ માંગુ છું જાણીબૂઝીને કોઇ ચીજને તારી સાથે શરીક બનાવવાથી અને અજાણપણે (શિર્ક યા કોઇ ગુનાહ) થઇ જાય તો તેનાથી હૂં તારી માફી માંગુ છું (અને) એનાથી તવબા કરૂં છું અને હૂં બેઝાર થાઉં છું કુફ્ર, શિર્ક અને બધાં જ ગુનાહોથી, હું તારો તાબેદાર બની ગયો અને હું ઈમાન લાવ્યો અને હું સાચા દિલે ઇકરાર કરું છું કે અલ્લાહ તઆલાના સિવાય કોઇ બંદગીને લાયક નથી અને હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અલ્લાહ તઆલાના રસૂલ છે.)

* શિર્ક ઘણું જ ગુપ્ત હોય છે, કારણ કે તે અંધારી રાતમાં કાળા પત્થર પર કાળી કીડીની રફતારથી પણ વધુ બારીક છે. અર્થાત્ : જેવી રીતે અંધારી રાતમાં કાળા પત્થર પર કાળી કીડી ચાલતી હોય તે દેખાતી નથી એનાથી પણ વધુ ગુપ્ત રીતે શિર્ક દિલમાં દાખલ થઈ જાય છે અને એનાથી ઘણા ઓછા લોકો બચી શકે છે. શક્તિશાળી એટલે કે ઉમ્મતના ખાસ લોકો પણ બચી શકતા નથી તો કમઝોર ઈમાન ધરાવનારા લોકોના તો શું હાલ હશે ?

ફઝીલત : (૧) મજકૂર કલિમહને મા'મૂલ બનાવનારાઓ માટે શિર્કથી નજાતની ઝમાનત છે અને ઈખ્લાસની દૌલતથી માલામાલ થવાની બશારત છે. (આખિરત નો તોહફો)

(૨૫)

ફઝીલત : (૧) હઝરત અબૂ હુરયરહ (રદિ.) જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે, બે કલિમા જીભે (પઢવામાં) તો ઘણા સહેલા છે, પરંતુ ત્રાજવામાં ઘણા ભારે અને રહમાનને સૌથી વધુ વહાલા છે, એ બે કલિમા નીચે મુજબ છે :

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ

સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી

سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط

સુબ્હાનલ્લાહિલ્ અઝીમ

(બુખારી, મુસ્લિમ શરીફ)

(૨) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે જનાબે રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યુ:

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ

સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી

કહેનાર માટે એક ઝાડ જન્નતમાં રોપવામાં આવે છે. (બઝ્ઝાર)

(૩) ચાળીસ (૪૦) વર્ષની ઈબાદતનો સવાબ

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط

આ ફરિશ્તાઓની તસ્બીહ (૧ તસ્બીહ=૧૦૦ વખત) છે.(ફત્હુલ બારી શર્હે બુખારી શરીફ : ૧૧/૨૦૭). આ તસ્બીહને મગરિબની નમાઝ બાદ પઢવાથી ચાળીસ (૪૦) વર્ષની ઈબાદતનો સવાબ મળે છે.

("મો'મિનકી ઝિંદગી" : ૫૫. સ્ત્રોત : હઝ. મવ. મુફ્તી ઈસ્માઈલ વાડીવાલા સા. કૃત "હુઝૂર (સલ.)ની મુહબ્બત" : ૨૪)

(૨૬)

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ الْحَلِيْمُ الْكَرِيْمُ ط سُبْحَانَ اللّٰهِ رَبِّ السَّمٰوٰتِ السَّبْعِ وَرَبِّ الْعَرْشِ الْعَظِيْمِ ط

શબે કદ્રના બરાબર સવાબ

ફઝીલત : (૧) કુર્આને કરીમના ફરમાન અનુસાર શબે કદ્રમાં ઈબાદત કરવાનો સવાબ એક હજાર (૧,૦૦૦) મહિનાઓની ઈબાદતથી બેહતર છે. એક હજાર મહિનાઓની ત્રીસ હજાર રાતો થાય છે અને વર્ષોની સંખ્યા ત્યાસી (૮૩) વર્ષ, ચાર માસ થાય છે, જે માત્ર અલ્લાહ તઆલાનું ઈનામ જ ઈનામ છે. વળી, અલ્લાહ તઆલાની રહમતની કોઈ હદ નથી, એ કારણે જો અલ્લાહ તઆલા બીજા કોઈ અમલ ઉપર પણ શબે કદ્ર જેટલો સવાબ આપી દે તો એના રહમતના ખઝાનામાં કશી જ કમી થવાની નથી. જેમ કે, ઉપર લિખિત કલિમાત ત્રણ વાર પઢવાથી શબે કદ્રના બરાબર સવાબ મળે છે. આપ પણ એને મોઢે કરી લો અને આવડો મહાન સવાબ પ્રાપ્ત કરો. (કન્ઝુલ ઉમ્માલ : ૨/૨૨૬)

(૨૭)

يَا رَبِّ لَكَ الْحَمْدُ كَمَا يَنْبَغِيْ لِجَلَالِ وَجْهِكَ وَعَظِيْمِ سُلْطَانِكَ ط

ફઝીલત : ઉપરના કલિમાતને પઢવાથી અલ્લાહપાક બેહિસાબ સવાબ આપે છે. અલ્લાહની મુલાકાત ઉપર અલ્લાહ જ આ કલિમાતનો બદલો આપશે. (ઇબ્ને માજહ)

(૨૮)

اَلْحَمْدُلِلّٰهِ الَّذِىْ تَوَاضَعَ كُلُّ شَىْءٍ لِّعَظَمَتِهٖ وَالْحَمْدُ لِلّٰهِ الَّذِىْ ذَلَّ كُلُّ شَىْءٍ لِّعِزَّتِهٖ وَالْحَمْدُلِلّٰهِ الَّذِىْ خَضَعَ كُلُّ شَىْءٍ لِّمُلْكِهٖ وَالْحَمْدُلِلّٰهِ الَّذِىْ اِسْتَسْلَمَ كُلُّ شَىْءٍ لِّقُدْرَتِهٖ ط

ફઝીલત : હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે ઉપરના શબ્દો પઢી જે માણસ અલ્લાહ તઆલાથી જે કંઇ દુઆ માંગશે તે મળશે. તે માણસના આ'માલનામામાં એક હજાર (૧,૦૦૦) નેકીઓ લખી દેવામાં આવશે અને તે માણસ માટે અલ્લાહ તઆલા સિત્તેર હજાર (૭૦,૦૦૦) ફરિશ્તાઓ નક્કી કરશે, જે કિયામત સુધી તે માણસ માટે ઇસ્તિગફાર કરતા રહેશે.

(તબરાની)

(૨૯)

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَاشَرِيْكَ لَهٗ اَحَدًا صَمَدًا لَمْ يَلِدْ وَلَمْ يُوْلَدْ وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ ط

ફઝીલત : જે માણસ ઉપરોક્ત કલિમહને એક વાર પઢશે તો તેના આ'માલનામામાં વીસ લાખ નેકીઓ લખવામાં આવશે.

(ફઝાઇલે આ'માલ)

(૩૦)

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ اِلٰهًا وَّاحِدًا اَحَدًا صَمَدًا لَمْ يَتَّخِذْ صَاحِبَةً وَّلَا وَلَدًا وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ ط

ફઝીલત : હઝરત તમીમે દારી (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ આ (ઉપર દર્શાવેલા) કલિમાતને દસ (૧૦) વાર પઢશે તો એના માટે ૪ કરોડ નેકીઓ લખવામાં આવશે.

(મુસ્નદે અહમદ,તિર્મિઝી,અલ્લાહમ સુયૂતી રહ. કૃત જામિઉલ અહાદીસઃભાગ- ૭, પેજ–૭૦)

(૩૧)

اَسْتَغْفِرُ اللّٰهَ الَّذِىْ لَآ اِلٰهَ اِلَّا هُوَ الْحَىُّ الْقَيُّوْمُ وَاَتُوْبُ اِلَيْهِ ط

ફઝીલત : ઉપર દર્શાવેલ ઈસ્તિગફાર વિશે હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો ઈરશાદ છે કે જે વ્યક્તિ (રાતે સુવા માટે) પોતાના બિસ્તર પર આવે અને ત્રણ વાર આ (ઉપર દર્શાવેલા) કલિમાત કહે તો અલ્લાહ તઆલા એના સઘળા (સગીરહ) ગુનાહ માફ ફરમાવી દેશે, ચાહે તે સમુદ્રના કાંપ જેટલા હોય અથવા આલિજ સ્થળની રેતીના રજકણોના બરાબર હોય અથવા વૃક્ષોનાં પાંદડાંના બરાબર હોય અથવા દુનિયાનાં દિવસ-રાતના બરાબર હોય. (તિર્મિઝી શરીફ)

(૩૨)

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ ط

ફઝીલત : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે ઉપરના કલિમાત પઢનારના ગુનાહો જો દરિયાના ફીણ બરાબર હશે તો પણ માફ કરી દેવામાં આવશે. (તિર્મિઝી શરીફ,નસાઈ)

(૩૩)

اَللّٰهُمَّ اغْفِرْ لِيْ وَلِلْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنَاتِ ط

ફઝીલત : હઝરત ઉમ્મે સલમા (રદિ.)થી રિવાયત છે કે, હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો કે, જે માણસ દરરોજ એક વાર (ઉપર દર્શાવેલી દુઆ) પઢશે, તો એને દુનિયામાં વસતા તમામ મુઅમિનો પૈકી દરેક મુઅમિન તરફથી એક-એક નેકી મળશે. (તબરાની કૃત "મુઅ્જમે કબીર" ૨૩/૭૦, હદીસ નં, ૮૭૭)

(૩૪)

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ رَبِّ السَّمٰوٰتِ وَرَبِّ الْاَرْضِ وَرَبِّ الْعٰلَمِيْنَ وَلَهُ الْكِبْرِيَآءُ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ط اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ السَّمٰوٰتِ وَرَبِّ الْاَرْضِ وَرَبِّ الْعٰلَمِيْنَ وَلَهُ النُّوْرُ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ط

ફઝીલત : અલ્લામહ અયની (રહ.)એ શર્હે બુખારીમાં એક હદીસ નકલ ફરમાવી છે કે, જો કોઈ વ્યક્તિ એક વખત આ (ઉપર દર્શાવેલી) દુઆ પઢશે અને પછી દુઆ કરશે કે, હે અલ્લાહ ! આનો

સવાબ મારા વાલિદૈનને પહોંચાડી દે, તો જાણે તેણે પોતાના વાલિદૈનનો હક અદા કરી દીધો. તે દુઆ ઉપર પ્રમાણે છે.

(ફઝાઈલે સદકાત : ૨૦૬, શમાઈલે કુબ્રા ઉર્દૂ : ૪/૪૪૮)

(૩૫)

اَللّٰهُمَّ اَنْتَ رَبِّیْ لَآ اِلٰهَ اِلَّا اَنْتَ خَلَقْتَنِیْ وَاَنَا عَبْدُکَ وَاَنَا عَلٰی عَهْدِکَ وَوَعْدِکَ مَاسْتَطَعْتُ اَعُوْذُبِکَ مِنْ شَرِّ مَا صَنَعْتُ اَبُوْءُ لَکَ بِنِعْمَتِکَ عَلَیَّ وَاَبُوْءُ لَکَ بِذَنْبِیْ فَاغْفِرْ لِیْ فَاِنَّهٗ لَا یَغْفِرُ الذُّنُوْبَ اِلَّا اَنْتَ ط

ફઝીલત : હઝરત રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત છે કે, જે માણસ ઉપરનાં ઈસ્તિગફારને સવાબનો યકીન રાખીને દિવસે પઢશે અને તે જ દિવસે તેનો ઈન્તેકાલ થઈ જશે તો તે જન્નતી છે અને જે માણસ ઉપરોક્ત ઈસ્તિગફારને સવાબનો યકીન રાખીને રાતે પઢશે અને સવાર થતાં પહેલા એની વફાત થઈ જશે તો તે જન્નતી છે. (બુખારી શરીફ)

(૩૬)

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَاشَرِیْکَ لَهٗ وَاَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ وَاَنَّ عِیْسٰی عَبْدُاللّٰهِ وَرَسُوْلُهٗ وَابْنُ اَمَتِهٖ وَکَلِمَتُهٗ اَلْقَاهَا اِلٰی مَرْیَمَ وَرُوْحٌ مِّنْهُ وَالْجَنَّةُ حَقٌّ وَّالنَّارُ حَقٌّ ط

ફઝીલત : હઝરત ઉબાદહ બિન સામિત (રદિ.)ફરમાવે છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો કે : જે માણસે આ ગવાહી-સાક્ષી આપી કે જે ઉપર દર્શાવેલ દુઆમાં વર્ણવી છે, તો અલ્લાહ તઆલા એને જન્નતના આઠેય દરવાજાઓમાંથી જેમાંથી દાખલ થવાનું ઈચ્છશે એમાંથી દાખલ ફરમાવશે. તે દુઆ ઉપર પ્રમાણે છે. (હિસ્ને હસીન)

નોટ : સહીહ માન્યતા ધરાવનાર મુસલમાન જન્નતના જે દરવાજેથી ઈચ્છશે પ્રવેશી શકશે.

(૩૭)

اَلْحَمْدُ لِلّٰهِ حَمْدًا كَثِيْرًا طَيِّبًا مُّبَارَكًا فِيْهِ كَمَا يُحِبُّ رَبُّنَا وَيَرْضٰى ط

ફઝીલત : હદીસ શરીફમાં આવ્યું છે કે આ કલિમાત પઢવાનો સવાબ અલ્લાહ પોતે જ આપશે. ફરિશ્તાઓને પણ ખબર નથી કે આ કલિમાત પઢવાનો સવાબ કેટલો લખીએ ? (તિર્મિઝી શરીફ)

(૩૮)

جَزَى اللّٰهُ عَنَّا مُحَمَّدًا مَّا هُوَ اَهْلُهٗ ط

ફઝીલત : જે માણસ આ દુરૂદ શરીફને એક વખત પણ પઢશે તો સિત્તેર (૭૦) ફરિશ્તાઓ એક હજાર (૧,૦૦૦) દિવસ સુધી તે માણસના નામ-એ-આ'માલમાં સવાબ લખતાં લખતાં થાકી જશે.

(ફઝાઈલે આ'માલ)

(૩૯)

اَللّٰهُمَّ رَبَّ هٰذِهِ الدَّعْوَةِ التَّآمَّةِ وَالصَّلٰوةِ الْقَائِمَةِ صَلِّ عَلٰى مُحَمَّدٍ عَبْدِكَ وَرَسُوْلِكَ وَاَعْطِهِ الْوَسِيْلَةَ وَالشَّفَاعَةَ يَوْمَ الْقِيٰمَةِ ط

ફઝીલત : હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે માણસ મુઅઝ્ઝિનની અઝાન પછી આ દુરૂદ શરીફ પઢશે, તો એના માટે મારી શફાઅત વાજિબ થઈ જાય છે. (ઇબ્નુસ્સુન્ની, અલ્ કવ્લુલ્ બદીઅ : ૧૮૦)

(૪૦)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاَنْزِلْهُ الْمَقْعَدَ الْمُقَرَّبَ عِنْدَكَ يَوْمَ الْقِيٰمَةِ ط

ફઝીલત : હુઝૂર રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના ઈરશાદ મુજબ આ દુરૂદ શરીફ પઢનારા માટે હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની શફાઅત વાજિબ થશે, જેમાં એના "હુસ્ને ખાતિમહ"ની બશારત છે. (ઝરીઅતુલ વુસૂલ....૧૨૭)

(૪૧)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ فِى الْاَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ وَفِى الْمَلَاِ الْاَعْلٰى اِلٰى يَوْمِ الدِّيْنِ ط

ફઝીલત : આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જો બધા જ સમંદર રોશનાઈ (શાહી) બની જાય અને બધાં જ વૃક્ષો કલમ બની જાય અને સઘળા ફરિશ્તા લખનારા (લહિયા) બની જાય, તો (સમગ્ર) રોશનાઈ ખતમ થઈ જાય અને (બધી જ) કલમો તૂટી જાય, તો પણ આ દુરૂદ શરીફના સવાબને આંબી કે પહોંચી શકશે નહિ (આ દુરૂદનો હકીકી સવાબ તો અલ્લાહ તઆલા જ લખી શકશે-અર્પણ કરશે). (નુઝ્હતુલ્ મજાલિસ : ભાગ- ૨, પેજ–૨૦૯)

(૪૨)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ مِّلْأَ السَّمٰوٰتِ
وَمِلْأَ الْاَرْضِ وَمِلْأَ الْعَرْشِ الْعَظِيْمِ ط

ફઝીલત : આ દુરૂદ શરીફ પઢનારને આકાશ અને જમીન ભરીને તથા અર્શે અઝીમની બરાબર સવાબ મળે છે. (ઝરીઅતુલ્ વુસૂલ...૧૮૨)

(૪૩)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ عَبْدِكَ
وَعَلٰى اٰلِ مُحَمَّدٍ وَّبَارِكْ وَسَلِّمْ ط

ફઝીલત : જે માણસ દરરોજ આ દુરૂદ શરીફ પઢવાની પાબંદી કરશે તો એને જન્નતમાં ખાસ ફળ અને મેવા ખાવા મળશે.

(ઝરીઅતુલ્ વુસૂલ...૧૭૩)

(૪૪)

اَللّٰهُمَّ اجْعَلْ صَلَوٰتِكَ وَبَرَكَاتِكَ عَلٰى مُحَمَّدِ النَّبِيِّ

وَاَزْوَاجِهٖ اُمَّهَاتِ الْمُؤْمِنِيْنَ وَذُرِّيَّتِهٖ وَاَهْلِ بَيْتِهٖ
كَمَا صَلَّيْتَ عَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

ફઝીલત : હઝરત અલી (રદિ.)ની રિવાયતમાં છે કે, જે માણસ એવું ચાહે કે અમારા અહલે બૈત પર દુરૂદ મોકલે અને તેનું દુરૂદ કોઈ મોટા ત્રાજવા કે માપણામાં તોલવામાં આવે, તો તે આ દુરૂદ પઢે.

(અલ્ કવ્લુલ્ બદીઅ્ : ૪૩)

(૪૫)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِهٖ وَاَصْحَابِهٖ وَاَوْلَادِهٖ
وَاَزْوَاجِهٖ وَذُرِّيَّتِهٖ وَاَهْلِ بَيْتِهٖ وَاَصْهَارِهٖ وَاَنْصَارِهٖ
وَاَشْيَاعِهٖ وَمُحِبِّيْهِ وَاُمَّتِهٖ وَعَلَيْنَا مَعَهُمْ اَجْمَعِيْنَ
يَآ اَرْحَمَ الرَّاحِمِيْنَ ط

ફઝીલત : જે માણસ રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ના હૌઝે કવષરથી મોટા માપણા વડે (વિપુલ માત્રામાં કે પુષ્કળ પ્રમાણમાં) પાણી પીવા ચાહતો હોય તો એણે આ દુરૂદ શરીફ પઢતા રહેવું જોઈએ. (ઝરીઅતુલ્ લુસૂલ.....૯૭)

(૪૬)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدِ نِ النَّبِيِّ الْاُمِّيِّ وَعَلٰى اٰلِهٖ وَسَلِّمْ تَسْلِيْمًا ط

ફઝીલત : જે માણસ જુમ્આના દિવસે અસરની નમાઝ પઢી લીધા બાદ પોતાની જગ્યાએથી ઉભો થવા પહેલાં આ મુબારક દુરૂદ શરીફને એંસી (૮૦) વખત પઢશે તો અલ્લાહ તઆલા તેના એંસી

(૮૦) વરસના ગુનાહ માફ કરી દેશે તથા તેને એંસી (૮૦) વરસની ઈબાદતનો સવાબ મળશે. (ફઝાઈલે આ'માલ)

(૪૭)

اَللّٰهُمَّ صَلِّ عَلَى النَّبِيِّ مُحَمَّدٍ حَتّٰى لَا يَبْقٰى مِنْ صَلٰوتِكَ شَيْءٌ وَّبَارِكْ عَلَى النَّبِيِّ مُحَمَّدٍ حَتّٰى لَا يَبْقٰى مِنْ بَرَكَاتِكَ شَيْءٌ وَّارْحَمِ النَّبِيَّ حَتّٰى لَا يَبْقٰى مِنْ رَّحْمَتِكَ شَيْءٌ وَّسَلِّمْ عَلَى النَّبِيِّ مُحَمَّدٍ حَتّٰى لَا يَبْقٰى مِنْ سَلَامِكَ شَيْءٌ ط

ફઝીલત : હુઝૂર નબીએ અકરમ(સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ના ઈરશાદ અનુસાર આ દુરૂદ શરીફને પઢનારનો ચહેરો પુલ સિરાતથી પસાર થતી વખતે ચાંદથી વધુ ચમકદાર હશે.

(ઝરીઅતુલ્ લુસૂલ.....૧૮૫)

(૪૮)

اَللّٰهُمَّ لَكَ الْحَمْدُ كَمَا اَنْتَ اَهْلُهٗ فَصَلِّ عَلٰى مُحَمَّدٍ كَمَا اَنْتَ اَهْلُهٗ وَافْعَلْ بِنَا مَا اَنْتَ اَهْلُهٗ فَاِنَّكَ اَهْلُ التَّقْوٰى وَاَهْلُ الْمَغْفِرَةِ ط

ફઝીલત : અલ્લામહ મૂસલી (રહ.)એ બયાન કર્યું છે કે, જે માણસ અલ્લાહ તઆલાની બેહતરીન હમ્દ કરવા ચાહે અને અફઝલતરીન દુરૂદ પઢવા ચાહે તો તે આ હમ્દો-સલાત પઢે. (અબૂદાવૂદ શરીફ)

(૪૯)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰٓى
اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط
اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ
عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

ફઝીલત : આ દુરૂદ શરીફનું નામ ''દુરૂદે ઈબ્રાહીમ'' છે અને બધાં દુરૂદ શરીફો કરતાં આ દુરૂદ શરીફ સર્વશ્રેષ્ઠ છે. દરેક બુઝુર્ગે આ દુરૂદ શરીફ સર્વશ્રેષ્ઠ હોવાની ભલામણ કરી છે. અલ્લાહના નેક બંદાઆએ પોતાની કિતાબોમાં આ દુરૂદ શરીફની ઘણી જ તાકીદ કરેલી છે. નમાઝના કા'દહમાં પણ આ દુરૂદ શરીફ પઢવામાં આવે છે. (ફઝાઈલે દુરૂદ, ફઝાઈલે આ'માલ)

(૫૦)

اَللّٰهُمَّ اكْفِنِىْ بِحَلَالِكَ عَنْ حَرَامِكَ
وَاَغْنِنِىْ بِفَضْلِكَ عَنْ مَّنْ سِوَاكَ ط

અર્થ : હે અલ્લાહ તઆલા ! હરામથી બચાવી, પોતાના હલાલ વડે તું મારી કિફાલત ફરમાવ. તું મારા વતી જવાબદાર બની જા અને પોતાના ફઝલ વડે તું મને પોતાના ગેરથી બેનિયાઝ ફરમાવી દે.

(હદીસ : સઆદતે દારૈન, મવ. અશરફ અહમદ રાંદેરી સા. ની કિતાબ)

ફઝીલત : આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત છે કે

જે જુમ્આની નમાઝ પછી સૂરએ ઈખ્લાસ (કુલ હુવલ્લાહુ અહદ) સો (૧૦૦) વખત અને દુરૂદ શરીફ સો (૧૦૦) વખત અને સિત્તેર (૭૦) વાર ઉપરની દુઆ પઢશે તો અલ્લાહ તઆલા તે માણસની સો (૧૦૦) જરૂરતો પૂરી કરશે. જેમાંથી ત્રીસ (૩૦) દુનિયાની અને સિત્તેર (૭૦) આખિરતની. તે દુઆ ઉપર મુજબ છે.

(૫૧)

ઈમાને મુફસ્સલ

اٰمَنْتُ بِاللّٰهِ وَمَلٰٓئِكَتِهٖ وَكُتُبِهٖ وَرُسُلِهٖ وَالْيَوْمِ الْاٰخِرِ
وَالْقَدْرِ خَيْرِهٖ وَشَرِّهٖ مِنَ اللّٰهِ تَعَالٰى وَالْبَعْثِ بَعْدَ الْمَوْتِ-

આમન્તુ બિલ્લાહિ વ મલાઇ-કતિહી વ કુતુબિહી વ રુસુલિહી
વલ્ યવ્મિલ્ આખિરિ વલ્ કદ્રિ ખયરિહી વ શર્રિહી
મિનલ્લાહિ તઆલા વલ્બઅ્ષિ બઅ્દલ્ મવ્તિ.

(૧) હું અલ્લાહ તઆલા પર ઈમાન લાવ્યો.
(૨) હું અલ્લાહ તઆલાના ફરિશ્તાઓ પર ઈમાન લાવ્યો.
(૩) હું અલ્લાહ તઆલાની કિતાબો પર ઈમાન લાવ્યો.
(૪) હું અલ્લાહ તઆલાના પયગમ્બરો પર ઈમાન લાવ્યો.
(૫) અને કિયામતના દિવસ પર ઈમાન લાવું છું.
(૬) અને સારું તથા બુરું જે કાંઈ બને છે તે બધું અલ્લાહ તઆલા તરફથી જ બને છે. એ વાત પર હું ઈમાન લાવું છું.
(૭) મૃત્યુ પછી કિયામતના દિવસે હિસાબ-કિતાબ આપવા પર અને તેનો બદલો આપવા માટે ફરી સજીવન થવા પર હું ઈમાન લાવું છું.

ફઝીલત : મજકૂર સંપૂર્ણ સાતેય ઈમાનિય્યાત પર ઈમાન ધરાવવું જરૂરી છે. આ સાત ઈમાની બાબતો પૈકી જો કોઈ એક બાબતનો પણ ઈનકાર કરશે તો તે વ્યક્તિ મુઅમિન લેખાશે નહિ, બલ્કે કાફિર જ લેખાશે. અને જે વ્યક્તિ આ સાત ઈમાની બાબતોને યકીનનાં સાથે દિલ થી માનશે અને પછી તેનું મૃત્યુ થશે તો ઈન્શા અલ્લાહ જન્નતી છે. (આખિરત નો તોહફો)

(૫૨)

اَللّٰهُمَّ اَسْلَمْتُ نَفْسِىْ اِلَيْكَ وَوَجَّهْتُ وَجْهِىَ اِلَيْكَ وَفَوَّضْتُ اَمْرِىْ اِلَيْكَ وَاَلْجَئْتُ ظَهْرِىْ اِلَيْكَ رَغْبَةً وَّرَهْبَةً اِلَيْكَ لَامَلْجَأَ وَلَا مَنْجَا مِنْكَ اِلَّا اِلَيْكَ اٰمَنْتُ بِكِتَابِكَ الَّذِىْ اَنْزَلْتَ وَنَبِيِّكَ الَّذِىْ اَرْسَلْتَ ط

અર્થ : યા અલ્લાહ ! મેં મારી જાતને તારા હવાલે કરી અને મેં મારા રુખને અને મારી જાતને તારા તરફ એકધ્યાન કર્યાં અને મારા સર્વે કાર્યો તને સોંપ્યા અને મેં તારો જ આશરો લીધો. મારું વલણ અને મારી આશાઓ પણ તારી ઉપર જ અવલંબિત છે. તારો જ ડર મને લાગતો રહે છે અને તારી પકડ અને તારા અઝાબથી બચવા તારી ઝાત સિવાય કોઈ બચાવની જગ્યા નથી, ન કોઈ છુટકારાનો માર્ગ છે, પરંતુ તારા ગઝબથી બચવા માટે તારી રહમત વગર અને તારી પકડથી બચવા માટે તારી માફી વિના બીજો કોઈ આરો નથી. હું તારી ઉતારેલ કિતાબ પર અને તેં મોકલેલ નબી ઉપર ઈમાન રાખું છું.

ફઝીલત : હઝરત બરાઅ્ બિન આઝિબ (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલે અકરમ(સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું: જ્યારે તમે સૂવાનો ઈરાદો કરો તો નમાઝના જેવું વુઝૂ કરીને પથારી ઉપર જમણા પાસાએ સૂઈ જાવ અને ફરી આ કલામ પઢવાનું રાખો.

જે માણસ ઉપરનાં કલામ પઢી સૂઈ જશે, ને પછી કંઈ વાત ન કરશે તો એવો માણસ જો તે જ રાત્રે મરી જશે તો તેની મોત ફિતરતે સલીમહ ઉપર થશે.

તિર્મિઝીની રિવાયત છે કે જો એ માણસ એ જ રાતે મરી જશે તો જન્નતમાં જશે.

(૫૩)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

فَاطِرَ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ اَنْتَ وَلِيّٖ فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ ۚ تَوَفَّنِيْ مُسْلِمًا وَّاَلْحِقْنِيْ بِالصّٰلِحِيْنَ ﴿۱۰۱﴾ (سورۂ یوسف۱۲:۱۰۱، پارہ۱۳)

અર્થ : હે આસમાન અને જમીનને પેદા કરનાર ! દુનિયા અને આખિરતમાં તું જ મારો રફીક-સાથી છે. તું મને પોતાની ફરમાંબરદારીની હાલતમાં (દુનિયાથી) ઉઠાવી લે અને મને પોતાના નેક બંદાઓમાં શામિલ ફરમાવ.

ફઝીલત : આ હઝરત યૂસુફ (અલૈ)ની છેલ્લી દુઆ છે. જે માણસ આ આયતને પઢતો રહેશે તો ઈન્શા અલ્લાહ તેનું મૃત્યુ ઈસ્લામ ઉપર થશે.

(૫૪)

સલાતો સલામ

بِسْمِ اللّٰهِ وَالسَّلَامُ عَلٰى رَسُوْلِ اللّٰهِ ط

(ઇબ્ને માજહ, અલ્ મસાજિદ વલ જમાઅહ)

(૫૫)

اَلتَّحِيَّاتُ لِلّٰهِ وَالصَّلَوَاتُ وَالطَّيِّبَاتُ الْغَادِيَاتُ
الرَّاءِحَاتُ الزَّاكِيَاتُ الطَّاهِرَاتُ لِلّٰهِ ط

(તબરાની, અલ્ મુઅ્જમુલ્ કબીર)

(૫૬)

اَلتَّحِيَّاتُ لِلّٰهِ الزَّاكِيَاتُ لِلّٰهِ الطَّيِّبَاتُ الصَّلَوَاتُ لِلّٰهِ،
اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَاالنَّبِيُّ وَرَحْمَةُاللّٰهِ وَبَرَكَاتُهٗ ط
اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِاللّٰهِ الصَّالِحِيْنَ ط اَشْهَدُ اَنْ
لَّآاِلٰهَ اِلَّااللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ط

(મુઅત્તા માલિક, અન્દિદા લિસ્સલાત)

(૫૭)

بِسْمِ اللّٰهِ التَّحِيَّاتُ لِلّٰهِ الصَّلَوَاتُ لِلّٰهِ الزَّاكِيَاتُ لِلّٰهِ،
اَلسَّلَامُ عَلَى النَّبِيِّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ ط اَلسَّلَامُ عَلَيْنَا

وَعَلٰى عِبَادِاللّٰهِ الصَّالِحِيْنَ ط شَهِدْتُّ اَنْ لَّآاِلٰهَ اِلَّااللّٰهُ وَاَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ ط

(મુઅત્તા માલિક, અન્દિદા લિસ્સલાત)

(૫૮)

اَلتَّحِيَّاتُ لِلّٰهِ وَالصَّلَوَاتُ وَالطَّيِّبَاتُ اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَاالنَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ ط اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِاللّٰهِ الصَّالِحِيْنَ ط اَشْهَدُ اَنْ لَّآاِلٰهَ اِلَّااللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ط

(બુખારી, અલ્ અઝાન)

(૫૯)

اَلتَّحِيَّاتُ الطَّيِّبَاتُ الصَّلَوَاتُ الزَّاكِيَاتُ لِلّٰهِ، اَلسَّلَامُ عَلَى النَّبِيِّ وَرَحْمَةُ اللّٰهِ ط اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِاللّٰهِ الصَّالِحِيْنَ ط اَشْهَدُ اَنْ لَّآاِلٰهَ اِلَّااللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ط

(ઇબ્ને અબી શયબહ, અત્તશહ્હુદ ફિસ્સલાહ)

(૬૦)

اَلتَّحِيَّاتُ الطَّيِّبَاتُ الصَّلَوَاتُ الزَّاكِيَاتُ لِلّٰهِ، اَلسَّلَامُ

عَلَى النَّبِيِّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ ط اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِاللّٰهِ الصَّالِحِيْنَ ط اَشْهَدُ اَنْ لَّآاِلٰهَ اِلَّااللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ط

(બયહકી, અસ્સુનનુલ્ કુબ્રા, કિતાબુસ્સલાહ)

(૬૧)

اَلتَّحِيَّاتُ الصَّلَوَاتُ الطَّيِّبَاتُ الْمُبَارَكَاتُ لِلّٰهِ، اَيُّهَاالنَّاسُ اَشْهَدُ اَنْ لَّآاِلٰهَ اِلَّااللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ط اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَاالنَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ ط اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِاللّٰهِ الصَّالِحِيْنَ ط

(બયહકી, અસ્સુનનુલ્ કુબ્રા, કિતાબુસ્સલાહ)

(૬૨)

اَلتَّحِيَّاتُ الطَّيِّبَاتُ الصَّلَوَاتُ الزَّاكِيَاتُ لِلّٰهِ، اَشْهَدُ اَنْ لَّآاِلٰهَ اِلَّااللّٰهُ وَحْدَهٗ لَاشَرِيْكَ لَهٗ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُاللّٰهِ وَرَسُوْلُهٗ ط اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَاالنَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ ط اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِاللّٰهِ الصَّالِحِيْنَ اَلسَّلَامُ عَلَيْكُمْ ط

(મુઅત્તા માલિક, અન્નિદાઅ લિસ્સલાહ)

(૬૩)

اَلتَّحِيَّاتُ الطَّيِّبَاتُ الصَّلَوَاتُ الزَّاكِيَاتُ لِلّٰهِ، اَشْهَدُ اَنْ لَّآاِلٰهَ اِلَّااللّٰهُ وَحْدَهٗ لَاشَرِيْكَ لَهٗ وَاَشْهَدُاَنْ لَّآاِلٰهَ اِلَّااللّٰهُ وَحْدَهٗ لَاشَرِيْكَ لَهٗ وَاَنَّ مُحَمَّدًاعَبْدُهٗ وَرَسُوْلُهٗ ط اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَاالنَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ ط اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِاللّٰهِ الصَّالِحِيْنَ اَلسَّلَامُ عَلَيْكُمْ ط

(મુઅત્તા માલિક, અન્દિદાઅ લિસ્સલાહ)

(૬૪)

اَلتَّحِيَّاتُ الْمُبَارَكَاتُ الصَّلَوَاتُ الطَّيِّبَاتُ لِلّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَاالنَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ ط اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادَاللّٰهِ الصَّالِحِيْنَ ط اَشْهَدُ اَنْ لَّآاِلٰهَ اِلَّااللّٰهُ وَاَشْهَدُاَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ط

(ઇબ્ને માજહ, ઇકામતુસ્સલાહ વ સ્સુનન ફીહા)

(૬૫)

اَلتَّحِيَّاتُ لِلّٰهِ الطَّيِّبَاتُ الصَّلَوَاتُ لِلّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَاالنَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ ط اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِاللّٰهِ الصَّالِحِيْنَ ط اَشْهَدُاَنْ لَّآاِلٰهَ اِلَّااللّٰهُ وَحْدَهٗ لَاشَرِيْكَ لَهٗ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًاعَبْدُهٗ وَرَسُوْلُهٗ ط

(નસઈ, કયૂફત્તશહ્હુદ)

દરજાત બુલંદ કરવાવાળા મહાન અમલો

બજારમાં પઢવાનો મહાન અજર અને સવાબ દસ લાખ નેકીઓ, દસ લાખ.....

(૧) હઝરત ઉમર ઇબ્ને ખત્તાબ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ બજારમાં દાખલ થતી વખતે આ (નીચે દર્શાવેલી) દુઆ પઢી લેશે તો અલ્લાહ તઆલા એના હિસાબ (નામ-એ-આ'માલ)માં દસ લાખ નેકીઓ લખી આપશે, એની દસ લાખ ખતાઓ યા ગુનાહોને માફ ફરમાવી દેશે અને એના દસ લાખ દરજાત બુલંદ ફરમાવશે.

(તિરમિઝી શરીફ)

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ، لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ يُحْيِيْ وَيُمِيْتُ وَهُوَ حَيٌّ لَّا يَمُوْتُ بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط

(૨) એક હદીસ અનુસાર ઉપરોક્ત દુઆ પઢનાર માટે (ઉપરોક્ત ફઝાઇલ ઉપરાંત) જન્નતમાં એક મહેલ પણ બનાવી દેવાશે.

(મુસ્તદરકે હાકિમ, નવવી કૃત ''અલ અઝકાર'' પૃ : ૨૪૨, હદીસ નં : ૮૫૫)

જરા વિચારો, મારા ભાઇઓ ! ઉપરનો કલિમો બજારમાં રમઝાન વગરના દિવસોમાં એક વખત પઢે તો દસ લાખ નેકીઓ મળે છે, દસ લાખ ગુનાહો માફ થઇ જાય છે અને દસ લાખ દરજ્જાઓ બુલંદ થાય છે અને એક મહેલ, પરંતુ જે માણસ આ જ અમલને

રમઝાનના દિવસોમાં કરશે તો સવાબ અને અજરનો હિસાબ-કિતાબ બદલાઇ જશે.

جَزَى اللّٰهُ عَنَّا مُحَمَّدًا مَّا هُوَ اَهْلُهٗ ط

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ ۚ ﴿١﴾ اَللّٰهُ الصَّمَدُ ۚ ﴿٢﴾ لَمْ يَلِدْ ۙ وَلَمْ يُوْلَدْ ۙ ﴿٣﴾ وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ ۚ ﴿٤﴾ (الاخلاص ۱۱۲:۱-۴)

રાત્રે સૂતી વખતે ત્રીસ (૩૦) વખત પઢવાથી જન્નતમાં એક હજાર (૧,૦૦૦) મહેલ તૈયાર થશે :

હઝરત ઉસ્માન (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે માણસ સૂતી વખતે ત્રીસ (૩૦) વખત (સૂરએ) "કુલ હુવલ્લાહુ અહદ...." (સંપૂર્ણ સૂરત) પઢશે, તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં એક હજાર (૧,૦૦૦) મહેલ બનાવશે અને જે વ્યક્તિ આ સૂરત બસો (૨૦૦) વખત પઢશે તો અલ્લાહ તઆલા તેને એવો દરજ્જો

અતા ફરમાવશે, જેના પર તે રાજી થઇ જશે અને જે ઘરમાં (સૂરએ) ''કુલ હુવલ્લાહુ અહદ....'' પઢવામાં આવશે તો એ ઘરવાળાઓની સાથોસાથ તેના પાડોશીઓને પણ ફાયદો થશે.

(રવાહુ અબ્દુલ મજીદ ફી અમાલીહ)

● ● ●

સમગ્ર મખ્લૂકનાં બરાબર સવાબ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدِ اِلنَّبِيِّ عَدَدَ مَنْ صَلّٰى عَلَيْهِ مِنْ خَلْقِكَ وَصَلِّ عَلٰى مُحَمَّدِ اِلنَّبِيِّ كَمَا يَنْبَغِىْ لَنَا اَنْ نُّصَلِّىَ عَلَيْهِ وَصَلِّ عَلٰى مُحَمَّدِ اِلنَّبِيِّ كَمَا اَمَرْتَنَا اَنْ نُّصَلِّىَ عَلَيْهِ ط

ફઝીલત : જે માણસ ઉપરના દુરૂદ શરીફને દરરોજ સવારે દસ (૧૦) વખત પઢશે તો તે માણસ તેના કારણે તમામે તમામ મખ્લૂકના અમલોના જેટલો સવાબ હાસિલ કરે છે. (દુર્રે મન્ષૂર)

● ● ●

سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ وَبِحَمْدِهٖ

જન્નતોની સંખ્યા

જન્નતુલ ફિરદૌસ ચાર છે

અલ્લાહ તઆલા ફરમાવે છે :

وَلِمَنْ خَافَ مَقَامَ رَبِّهٖ جَنَّتٰنِ ۚ ﴿٤٦﴾ (الرحمٰن ٥٥:٤٦)

જે અલ્લાહ તઆલાની સામે રજૂ થવાથી ડરી ગયો (અને ગુનાહ કરવાથી રોકાઇ ગયો તો તેના માટે બે જન્નતો) છે, એક સોનાની અને એક ચાંદીની. એ પછી અલ્લાહ તઆલા ફરમાવે છે :

وَمِنْ دُوْنِهِمَا جَنَّتٰنِ ۚ ﴿٦٢﴾ (الرحمٰن ٥٥:٦٢)

આ પાછલી બે જન્નતોની નીચે બે જન્નતો બીજી પણ છે. આ આયતો ઉપરથી માલુમ પડે છે કે જન્નતોની સંખ્યા ચાર છે, જેમ કે આનાથી અલ્લામા ઇબ્ને કય્યિમ (રહ.)એ પણ ઇસ્તિદ્લાલ કર્યો છે. તેની દલીલમાં નીચેની હદીસ મુલાહિઝા ફરમાવવામાં આવે.

હદીસ : હઝરત અબૂ મૂસા અશ્અરી (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઇરશાદ ફરમાવ્યો : બે જન્નતો એવી છે, જેના વાસણ, જેના ઘરેણા અને જે કાંઇ તેમાં છે એ સોનાનું છે અને બે જન્નતો એવી છે, જેના વાસણ, જેના ઘરેણાં અને જે કાંઇ તેમાં છે એ ચાંદીનું બનેલું છે. જન્નતવાળાઓ વચ્ચે અને તેની વચ્ચે કે તેઓ પોતાના પરવરદિગારના દીદાર કરી શકે. ફક્ત એક કિબ્રિયાઇની ચાદર હશે. અલ્લાહના ચહેરા મુબારક ઉપર

જન્નતે અદનમાં.

ફાયદો : આ હદીસ શરીફથી માલુમ પડે છે કે જન્નતુલ ફિરદૌસની સંખ્યા ચાર છે, જેમાંની બે સોનાની હશે અને બે ચાંદીની. આ ચારે જન્નતો ઉંચા દરજ્જાના હશે. એટલા માટે કે તેમના અને અલ્લાહ તઆલાના દીદાર વચ્ચે કિબ્રિયાઇ ચાદર હશે. એ જન્નતવાળાઓ જ્યારે ચાહશે ત્યારે અલ્લાહ તઆલાનો દીદાર કરી શકશે. આપ બીજી કેટલીક રિવાયતોમાં વાંચશો કે અમુક જન્નતો એવી છે જેમાં અલ્લાહ તઆલાના દીદારનો એક સમય મુકર્રર હશે તો આ ઉપરથી માલુમ પડે છે કે એ જન્નતો તે ઉપરાંતની છે.

જન્નતુલ ફિરદૌસની શાનો-શૌકત

હદીસ : હઝરત અમ્ર બિન સલામહ (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઇરશાદ ફરમાવ્યો : અલ્લાહ તઆલાએ જન્નતુલ ફિરદૌસનું મેદાન પોતાના મુબારક હાથોથી બનાવ્યું. એ પછી તેના ઉપર શુદ્ધ સોનાની ઇંટ અને ખૂબ સુગંધિત મુશ્કની ઇંટથી તેનું ચણતર કર્યું. તેમાં ઉમદા અને ભાતભાતના મેવાઓના વૃક્ષ ઉછેર્યા. ઉમદા ખૂશ્બુ પેદા કરી તેમાં નહેરો ચલાવી. પછી આપણા પરવરદિગારે પોતાના અર્શ ઉપર દશ્યમાન થઇને તેની તરફ જોયું અને ફરમાવ્યું : "મને મારા ગલબાના સોગંદ ! તારામાં હમેશાં શરાબ પીનાર અને વ્યભિચાર પર ટકી રહેનાર દાખલ નહી થઇ શકશે.

જન્નતની નહેરો જબલુલ ફિરદૌસમાંથી નીકળે છે

હઝરત અબૂ હુરયરહ (રદિ.) ફરમાવે છે કે જન્નતમાં

ફિરદૌસ એક પર્વત છે. તેમાંથી જન્નતની નહેરો નીકળે છે.

અલ્લાહ તઆલા જન્નતુલ ફિરદૌસને દરેક રાત્રે પોતાની સુંદરતામાં અધિકતાનો હુકમ આપે છે

હદીસ : હઝરત હસન બિન અતિય્યહ ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો : "અલ્લાહ જબ્બાર અઝ્ઝ વ જલ્લ જન્નતુલ ફિરદૌસની તરફ દરેક રાત્રે સેહરીના સમયે નજર કરે છે અને (તેને) હુકમ આપે છે કે પોતાની સુંદરતા સહિત અધિક સુંદર થઈ જાય. નિઃશંક એ જ લોકો કામિયાબ છે જે મુઅમિન છે."

જન્નતુલ ફિરદૌસ અર્શની નીચે છે

હદીસ : હુઝૂર સરવરે કાએનાત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો : તમો અલ્લાહ તઆલાથી જન્નતુલ ફિરદૌસનો સવાલ કર્યા કરો કેમ કે એ જન્નતનો ઉમદા અને શ્રેષ્ઠ હિસ્સો છે. તેનાથી જન્નતની નહેરો ફૂટે છે અને એ જન્નતુલ ફિરદૌસવાળા (અર્શની નજીક હોવાના કારણે) અર્શની ચરચરાહટનો અવાજ પણ સાંભળશે.

ફાયદો : અલ્લામા કુર્તબી (રહ.) ફરમાવે છે કે કહેવામાં આવ્યું છે કે જન્નતો ૭ છે : (૧) દારુલ જલાલ (૨) દારુસ્સલામ (૩) દારુલ ખુલ્દ (૪) જન્નતે અદન (૫) જન્નતુલ મા'વા (૬) જન્નતે નઈમ (૭) જન્નતુલ ફિરદૌસ અને એમ પણ કહેવામાં આવ્યું છે કે જન્નતો ફકત ચાર છે : હઝરત અબૂ મૂસા અશઅરી (રદિ.)ની પાછલી હદીસની બિના પર અલ્લામા હુલૈમી (રહ.) પણ તેને જ અખત્યાર કર્યો અને ફરમાવ્યું છે કે

એ જન્નતો મુકર્રબીનની હશે અને બીજા દરજ્જાની બે જન્નતો હઝરત અસ્હાબુલ યમીનની પણ દરેક જન્નતમાં કંઈ દરજ્જાઓ, મંઝિલો અને દરવાજાઓ હશે.

જન્નતના નામ અને તેમની વિશેષતાઓ

એ'તેબારની બિના પર એક જન્નત છે, પરંતુ તેની ખૂબીઓના એ'તિબારથી તેના કેટલાએ નામો છે. જે રીતે બારી તઆલાના નામો, કુર્આનના નામો, નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના નામો, કિયામત અને દોઝખના નામો ઘણા છે પણ તેમાં હેતુ ઝાતે વાહિદ હોય છે. (પણ હાં તેના દરજ્જાઓ ઘણા છે.)

(૧) જન્નત

એ જન્નતનું મશહૂર નામ છે, જે આ ઘર અને તેની તમામ ભાત ભાતની નેઅમતો, લજ્જતો, રાહતો, શુરૂર અને આંખોની ઠંડક ઉપર વપરાય છે. અરબીમાં જન્નતને બાગ કહેવામાં આવે છે અને બાગ પણ એવો કે જેના વૃક્ષો અને છોડ ઘટાદાર હોય અને તેમાં દાખલ થનાર તેમાં સંતાઈ જાય.

(૨) દારુસ્સલામ

અલ્લાહ તઆલાએ જન્નતનું નામ દારુસ્સલામ પણ આપ્યું છે. જુઓ અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે :

لَهُمْ دَارُ السَّلٰمِ عِنْدَ رَبِّهِمْ (الانعام٦:١٢٧)

મુઅમિન માટે તેમના રબ પાસે દારુસ્સલામ છે અને એક જગ્યાએ ઈરશાદ ફરમાવ્યો :

وَاللّٰهُ يَدْعُوْٓا اِلٰى دَارِ السَّلٰمِ ؕ (يونس١٠:٢٥)

અને અલ્લાહ તઆલા (લોકોને) દારુસ્સલામ તરફ બોલાવે છે.

જન્નત આ નામની સૌથી અધિક હકદાર છે. કેમ કે એ પ્રત્યેક આફત અને મકરૂહ ચીજથી અમન અને સલામતીનું ઘર છે. એ અલ્લાહ તઆલાનું ઘર છે કેમ કે અલ્લાહ તઆલાનું એક નામ ''સલામ'' પણ છે, જેણે તેને સલામતીવાળું બનાવ્યું છે અને તેના નિવાસીઓને મા'મૂન અને સુરક્ષિત ફરમાવ્યું છે. એ જન્નતવાળાઓ પણ પરસ્પર ''સલામ''નો તોહફો પેશ કરશે અને ફરિશ્તાઓ પણ તેમની સામે જે દરવાજાઓથી દાખલ થશે તેઓ તેમને **''અસ્સલામુ અલયકુમ''** કહેશે અને રબ્બે રહીમની તરફથી પણ સલામ પેશ કરવામાં આવશે અને જન્નતીઓ દુરુસ્ત વાત કરશે, જેમાં કોઇ લહ્વ બેહૂદગી અને બેકારપણું નહી હોય.

(૩) દારુલ ખુલ્દ

જન્નતનું આ નામ એટલા માટે રાખવામાં આવ્યું છે કે જન્નતવાસીઓ તેમાં સદા કાળ માટે રહેશે અને તેમાંથી કયારેય નહી નીકળે. અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે :

عَطَآءً غَيْرَ مَجْذُوْذٍ ﴿١٠٨﴾ (هود١١:١٠٨)

અતા છે તારી રબ ખતમ ન થનારી. અમુક લોકો જે જન્નતના દવામને નથી માનતા તેઓ ગુમરાહીમાં છે. તેઓ કુર્આન શરીફને સહીહ તરીકાથી પઢીને હિદાયત હાસિલ કરે.

(૪) દારુલ મકામહ

અલ્લાહ તઆલા જન્નતવાળાઓની જબાની કુર્આને

પાકમાં ઈરશાદ ફરમાવે છે : અને કહેશે અલ્લાહનો લાખ લાખ શુક્ર છે કે જેણે અમારાથી ગમને દૂર કરી દીધો. બેશક, અમારો પરવરદિગાર મોટો બખ્શનાર અને મોટો કદરદાન છે, જેણે અમોને પોતાના ફઝલથી હંમેશ માટે રહેવાનું સ્થાન (દારુલ મકામહ)માં લાવીને ઉતાર્યા, જયાં ન અમને કોઈ કુલ્ફત પહોંચશે ન અમને કોઈ ખસ્તગી પહોંચશે.

હઝરત મકાતિલ આ આયતમાં દારુલ મકામહની તફસીર દારુલ ખુલૂદ સાથે કરે છે, જેમાં જન્નતી હમશા રહેશે. ન તેમને મૌત આવશે ન તો તેમને તેમાંથી કાઢી મુકવામાં આવશે.

(૫) જન્નતુલ મા'વા

અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે :

عِنْدَهَا جَنَّةُ الْمَأْوٰى ﴿١٥﴾ (النجم ٥٣:١٥)

(અર્થાત : સિદ્રતુલ મુન્તહાની પાસે જ જન્નતુલ મા'વા છે.) અરબી ભાષામાં મા'વા ઠેકાણાને કહે છે. અર્થાત રહેવાની જગ્યા કેવળ જન્નત છે. હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ તઆલા અન્હુથી રિવાયત છે કે આ જ એ જન્નત છે, જયાં સુધી હઝરત જિબ્રઈલ અને હઝરાત મલાઈકા જઈને રોકાય છે અને હઝરત મકાતિલ અને કલ્બી કહે છે કે એ તે જન્નત છે, જેમાં જઈને શહીદોની રૂહો રહે છે. કઅબ કહે છે કે જન્નતુલ મા'વા એ જન્નત છે, જેમાં પીળા રંગના પંખીઓ રહે છે. તેમાં જ શહીદોની રૂહો ચરતી ફરે છે. હઝરત આઈશા અને હઝરત ઝર બિન હુબૈશ ફરમાવે છે કે એ બીજી જન્નતોની જેમ એક છે પણ ખરું એ પણ છે કે એ પણ જન્નતના નામોમાંથી એક એવું નામ છે જેમ કે અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે :

وَأَمَّا مَنْ خَافَ مَقَامَ رَبِّهِ وَنَهَى النَّفْسَ عَنِ الْهَوَىٰ ﴿٤٠﴾ فَإِنَّ الْجَنَّةَ هِيَ الْمَأْوَىٰ ﴿٤١﴾ (النازعات ٧٩:٤٠-٤١)

અર્થાત : "માટે કરીને જે શખ્સ પોતાના રબની સમક્ષ રજૂ થવાથી ડરી ગયો અને નફસને તેની ઈચ્છાઓથી દૂર રાખ્યો તેના માટે જન્નત જ તેનું ઠેકાણું છે."

(૬) જન્નતે અદન

આ પણ જન્નતનું એક નામ છે અને સહીહ એ છે કે એ તમામ જન્નતોનું એકત્ર નામ છે અને તમામ જન્નતો જન્નતે અદન છે. અલ્લાહ તઆલા ફરમાવે છે :

جَنَّاتِ عَدْنٍ الَّتِي وَعَدَ الرَّحْمَٰنُ عِبَادَهُ بِالْغَيْبِ (مريم ١٩:٦١)

એ જન્નાતે અદનમાં જેનો રહમાને પોતાના બંદાઓને છૂપો વાયદો ફરમાવ્યો છે. તેઓ તેના વાયદા કરેલ ચીજ સુધી જરૂર પહોંચશે અને ઈરશાદ છે :

وَمَسَاكِنَ طَيِّبَةً فِي جَنَّاتِ عَدْنٍ (الصف ٦١:١٢)

(હમેશ માટેની) જન્નતોમાં પવિત્ર ઘરોમાં રહેશે.

ફાયદો : હઝરત અબ્દુલ માલિક બિન હબીબ કુર્તબી ફરમાવે છે કે દારુલ જલાલ અને દારુસ્સલામ અલ્લાહ અઝ્ઝ વ જલ્લની તરફથી મન્સૂબ છે પણ જન્નતે અદન જન્નતની વચ્ચેનો અને બુલંદ હિસ્સો છે અને એ તમામ જન્નતોથી ઉંચી છે. હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ તઆલા અન્હુ અને હઝરત સઈદ બિન અલ મુસય્યિબ રહ્મતુલ્લાહિ અલૈહ ફરમાવે છે કે એ અલ્લાહ તઆલાનું ઘર છે, જેનાથી તેનો અર્શ સજાવેલ છે. બાકીની જન્નતો તેની આસપાસ છે. એ સૌથી

અફઝલ અને બેહતર અને વધુ નજીક છે.

(૭) દારુલ હયવાન

અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે :

وَإِنَّ الدَّارَ الْآخِرَةَ لَهِيَ الْحَيَوَانُ (العنكبوت ٢٩:٦٤)

(બેશક, દારુલ આખિરત જ દારુલ હયવાન છે) મુફસ્સિરીન અનુસાર દારે આખિરતથી દારે હયવાન અને દારુલ હયાત મુરાદ છે. અર્થાત દાઇમી ઝિંદગી હશે મૌત નહીં હોય. આ આયતનો એક અર્થ એ પણ છે કે આખિરતની ઝિંદગી જ અસલ ઝિંદગી છે. તેમાં ન ક્યારેય ફુતૂર આવશે ન ક્યારેય ફના અર્થાત જન્નતની ઝિંદગી દુનિયાની ઝિંદગી જેવી નહી હોય.

(૮) ફિરદૌસ

إِنَّ الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ كَانَتْ لَهُمْ جَنَّاتُ الْفِرْدَوْسِ نُزُلًا ﴿١٠٧﴾ (الكهف ١٨:١٠٧)

"બેશક જે લોકો ઇમાન લાવ્યા અને તેમણે નેક કામ કર્યા તેમની મહેમાની માટે જન્નતુલ ફિરદૌસ (ફિરદૌસના બાગ) હશે. ફિરદૌસ એક એવું નામ છે, જે તમામ જન્નત ઉપર પણ બોલવામાં આવે છે." લયૂસ રહ્મતુલ્લાહ અલૈહ ફરમાવે છે કે ફિરદૌસ દ્રાક્ષની વાડીઓ વાલી જન્નત છે. હઝરત ઝહ્હાક ફરમાવે છે કે એ એવી જન્નત છે, જે વૃક્ષોથી લપેટાયેલી છે. (અર્થાત : ઘણા ઘટાદાર વૃક્ષોવાળી છે.)

જો કે ફિરદૌસ બોલીને તમામ જન્નત અર્થ લઈ શકાય છે, પરંતુ વાસ્તવમાં હકીકત એ છે કે જન્નત ઉપરાંત આ'લા તેમજ અરફા દરજ્જાનું નામ છે. આ કારણે જ જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

''અઝા આલતુલ્લાહ ફઅસ્લૂહુલ્ ફિરદૌસ.''

અર્થાત જ્યારે તમો અલ્લાહથી જન્નતનો સવાલ કરો તો તેનાથી જન્નતુલ ફિરદૌસ માગ્યા કરો.

(૯) જન્નાતુન્ નઈમ

અલ્લાહ તઆલાએ આ આયતમાં જન્નાતુન્નઈમનો ઉલ્લેખ કર્યો છે :

إِنَّ الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ لَهُمْ جَنَّاتُ النَّعِيمِ ﴿٨﴾

(લુકમાન ૩૧:૮)

તરજુમો : નિઃશંક જે લોકો ઈમાન લાવ્યા અને નેક અમલ કર્યા તેમના માટે જન્નાતુન્નઈમ (નેઅમતોવાળી જન્નતો) છે. આ પણ તમામ જન્નતોનું સામુહિક નામ છે, કેમ કે જન્નતના ખાવા, પીવા, લિબાસ અને સૂરતો, પવિત્ર હવાઓ, ખૂબસુરત દશ્યો, વિશાળ ભવનો વિગેરે જેવી બાહય અને આંતરિક નેઅમતો ધરાવે છે.

(૧૦) અલ્મકામુલ્ અમીન

અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે :

إِنَّ الْمُتَّقِينَ فِي مَقَامٍ أَمِينٍ ﴿٥١﴾ فِي جَنَّاتٍ وَعُيُونٍ ﴿٥٢﴾

(દુખાન ૪૪:૫૧-૫૨)

બેશક, ખુદાથી ડરનારાઓ અમીન (અમનની જગ્યામાં) રહેશે અર્થાત બાગો અને નહેરોમાં અલ્લાહ તઆલા વધુમાં ફરમાવે છે :

يَدْعُونَ فِيهَا بِكُلِّ فَاكِهَةٍ آمِنِينَ ﴿٥٥﴾ (الدخان ٤٤:٥٥)

ત્યાં ઈત્મિનાનથી દરેક જાતના મેવાઓ મંગાવતા હશે. આ બન્ને સ્થળે અલ્લાહ તઆલાએ મકાન અને ખોરાકના અમનને જમા ફરમાવ્યું છે. માટે કરીને તેઓ ન તો ઘરમાંથી નીકળ વાથી ડરશે ન નેઅમતોથી છૂટા પડયા અને ન તો મૌતથી ભય પામશે.

(૧૧) મકઅદે સિદ્ક

"ઈન્નલ મુત્તકીન ફી જન્નાત વ નહર ફી મકઅદ સિદ્ક" (સૂરએ અલ કમર : ૫૪–૫૫) બેશક, પરહેઝગાર લોકો બાગોમાં અને નહેરોમાં હશે એક મહદા મકામ (મકઅદે સિદ્ક)માં આ આયતે કરીમામાં અલ્લાહ તઆલાએ જન્નતોના નામ મકઅદે સિદ્ક ઝિક ફરમાવ્યો છે.

(૧૨) તૂબા

હઝરત સઈદ બિન મસજૂહ ફરમાવે છે કે હિન્દી ભાષામાં જન્નતનું નામ તૂબા છે.

જન્નતે અદન અને દારુસ્સલામની શ્રેષ્ઠતા

હદીસ : ઈબ્ને અબ્દુલ હકમ રહમતુલ્લાહિ અલૈહથી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ

સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

''જન્નત અદન અઅ્ઝમ મિનલ્ જન્નત બનસમઅ માયેદા અલ્ફ જુઝ્વ દારુસ્સલામ અઅ્ઝમ મિન્ અદન બતસમઅ માએતા અલફ જુઝ્અ.''

તરજુમો : જન્નતે અદન જન્નતના બાકીના દરજ્જાઓ ૯ લાખ ઘણી મોટી છે અને દારુસ્સલામ જન્નતે અદનથી ૯ લાખ ઘણી મોટી છે.

અલ્લાહ તઆલાએ અમુક જન્નતોને પોતાના હાથથી બનાવી

સૌથી અફઝલ જન્નત

જે રીતે અલ્લાહ તઆલાએ તમામ ફરિશ્તાઓમાં હઝરત જિબ્રઈલને તમામ ઈન્સાનોમાં હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને આકાશોમાં ઉપરવાળા આકાશને, શહેરોમાં મક્કાને મહીનાઓમાં અશ્હરે હરમને રાત્રિઓમાં લયૂલતુલ કદ્રને દિવસોમાં જુમ્અહને રાત્રિના તેના વચ્ચેના સમયમાં, સમયમાં નમાઝના સમયને ફઝીલત બખ્શી છે. એ જ પ્રકારે અલ્લાહ તઆલાએ જન્નતોમાંથી એક ઝાત પોતાના માટે ચૂંટી કાઢી છે. તેને પોતાના અર્શથી વિશેષતા બખ્શી, તેણે પોતાના હાથે છોડોના મૂળ વાવ્યા, એ જન્નત તમામ જન્નતોની સરદાર કહેવાય છે. અલ્લાહની ઝાત પાક છે, જે ચાહે છે સૃષ્ટિની તમામ વિવિધતાઓમાં કોઈ એકને શ્રેષ્ઠતાનો રૂતબો બખ્શે છે.

નોંધ : જન્નતના આ તમામ નામોના સંબંધોમાં તમામ તફસીલ હાદિયુલ અરવાહ પાન નં. ૧૩૧ થી ૧૩૮ થી સંકલિત છે અને કેટલાક સ્થાને ઈબ્ને કય્યિમ રહમતુલ્લાહિ

અલૈહના વર્ણન કરાયેલા લેખો અને હદીસોની જાંબાઝ કિતાબોમાંથી ઉલ્લેખિત કરી દેવામાં આવ્યા છે.

મરદોની સુંદરતા

હઝરત અબૂ હુરૈરહ રદિયલ્લાહુ તઆલા અન્હુ ફરમાવે છે કે મને એ ઝાતની કસમ જેણે કુર્આને પાક હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉપર નાઝિલ ફરમાવ્યું છે. જન્નતમાં રહેનાર તમામ (મરદ અને સ્ત્રીઓ હૂર અને ગિલમાનની) સુંદરતામાં એ પ્રકારે વધારો થતો રહેશે, જે રીતે તેમનો દુનિયામાં (છેલ્લી ઉંમરમાં) બદસુરતી અને બુઢાપામાં વધારો થાય છે. ઈરશાદે ખુદાવંદી છે.

كَأَنَّهُمْ لُؤْلُؤٌ مَّكْنُونٌ ﴿٢٤﴾ (الطور:٥٢:٢٤، پاره٢٧)

જાણે કે એ (ખિદમતગાર) કિશોરો સુરક્ષિત રાખવામાં આવેલ મોતી છે.

આ ઈરશાદની તફસીરમાં હઝરત કતાદા રહમતુલ્લાહિ અલૈહ ફરમાવે છે કે મને એ વાત મળી છે કે અર્ઝ કરવામાં આવ્યું. યા રસૂલલ્લાહ (સલ.) ! એ તો નોકર અને ખિદમતગાર છે. લુઅલુઅ મોતીની જેમ મખદૂમ કઈ રીતે હશે ? આપે ઈરશાદ ફરમાવ્યો :

''વલ્લઝી નફ્સી બિયદ અન ફઝલ મા બય્નહુમ કફ્દ્લિલ્ કમર લય્તુલ્ બદ્ર અલન્ નુજૂમ.''

મને એ ઝાતના સોગંદ જેના કબજામાં મારી જાન છે. તેમની દરમિયાન એવી ફઝીલત છે, જેવી પૂર્ણિમાના ચંદ્રની તારાઓ ઉપર હોય છે.

હદીસ : હઝરત અનસ બિન માલિક રદિયલ્લાહુ તઆલા

અન્હૂથી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો : "જન્નતમાં એક બજાર હશે, જન્નતીઓ પ્રત્યેક જુમ્આના દિવસે તેમાં આવતા રહેશે. ઉત્તર દિશામાંથી એક ખૂશ્બુ ફેલાશે, જે તેમના ચહેરાઓ અને પોશાક પર પડશે અને તેઓની સુંદરતામાં વધારો થઈ જશે, પછી જ્યારે તેઓ પોતાના ઘરવાળાઓ પાસે પાછા ફરશે ત્યારે તેમના હુસ્નો જમાલ કિંવા સુંદરતામાં ખૂબ વધારો થયેલો હશે. તેમની બીવીઓ તેમને કહેશે, આપ તો અમારાથી જુદા પડયા પછી ખૂબ સુંદર અને ખૂબસુરત થઈ ગયા છે. તો એ મરદો કહેશે, આપ પણ ખુદાના સોગંદ સુંદરતા અને હુસ્નો જમાલમાં વધી ગઈ છે.

ફાયદો : આ હવા મુશ્કના ટેકરાઓ ઉપરથી ચલાવવામાં આવશે. જન્નતી મરદ અને ઔરતોના હુસ્નો જમાલમાં સુંદરતામાં વધારો થતો રહેશે, જ્યારે કે તેઓ થોડી વાર માટે એક બીજાથી અળગા થશે ત્યારે પણ તેઓ ખૂબસુરત થતા રહેશે. એ કારણે તેઓ એક બીજાની સુંદરતામાં વધારો થતો જોઈ હૈરાન અને લુત્ફ અંદોઝ થશે. જન્નતના બજારમાં હુસ્ન વ જમાલમાં મનપસંદ હસીન જમીલ ચહેરાઓ પણ હશે, જે ચહેરાને પસંદ કરશે. તેમાં ફેરબદલ થઈ શકશે.

હુસ્ને યૂસુફ

હદીસ : મિક્દામ બિન મઅદી કરીબ રદિયલ્લાહુ તઆલા અન્હૂથી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

"યહશ્રમા બેતાલ અકત અલલ શયખ અલ ફાની યવ્મિલ્ કિયામત ફી ખુલ્કે આદમ વ કલ્બે અય્યૂબ વ હુસ્ને યૂસુફ મરદામક હલીન."

તરજુમો : ઝઅિઅ થનાર બાળકથી લઈ વૃદ્ધ સુધી (મોમિન) કયામતના દિવસે હઝરત આદમની સૂરત હઝરત અય્યૂબના દિલ અને હઝરત યૂસુફના હુસ્ન સહિત દાઢી વિના આંખોમાં સૂરમો આજેલા (કબ્રોમાંથી) ઉઠાવવામાં આવશે.

તાજની શાનો-શૌકત

હદીસ : હઝરત અબૂ સઈદ ખુદરી રદિયલ્લાહુ તઆલા અન્હૂથી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

''અન અલય્હિમુલ સય્યજાન વ અન અદના લુઉલુઉ મિન્હા લતઝીઅ મા બય્નલ મશ્રિક વલ્ મગરિબ.''

તરજુમો : જન્નતીઓ પર તાજ સજાવવામાં આવેલા હશે તેમાંથી (પ્રત્યેક તાજનો) અદના દરજ્જાનો મોતી એ હશે. પૂર્વ અને પશ્ચિમની વચ્ચેના ફાસલાને પ્રકાશિત કરતો હશે.

જન્નતીઓના ચહેરા-મહોરા, કદ-કાઠી અને હુસ્નો-જમાલ

જન્નતીઓના કદ અને શકલો-સૂરત

હદીસ : હઝરત અબૂ હુરૈરહ રદિયલ્લાહુ તઆલા અન્હૂ ફરમાવે છે કે જનાબે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો : ''અલ્લાહ તઆલા અઝ્ઝ વ જલ્લ હઝરત આદમ અલયહિસ્સલામને તેમની (બેહતરીન) સૂરત પર પેદા ફરમાવ્યા. તેમનું કદ સાઈઠ હાથ હતું, જ્યારે અલ્લાહ તઆલાએ તેમને પેદા કર્યા તો ફરમાવ્યું. આપ જઈને એ જમાઅતને સલામ કરો. એ ફરિશ્તાઓની એક જમાઅત

હતી, જે બેઠેલી હતી. અને (તેમનાથી) સાંભળો કે તેઓ તમને શો જવાબ આપે છે એ જ આપનો અને આપની ઔલાદનો સલામ હશે. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઈરશાદ ફરમાવે છે. આમ હઝરત આદમ તશરીફ લઈ ગયા અને ફરમાવ્યું. અસ્સલામુ અલયકુમ. તો તેમણે જવાબમાં કહયું. અસ્સલામુ અલયક. તો તેમણે જવાબમાં કહયું, અસ્સલામુ અલયક વરહમતુલ્લાહિ વ બરકાતુહ. સલામમાં ફરિશ્તાઓએ વ રહમતુલ્લાહિ વ બરકાતુહનો વધારો કર્યો. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઈરશાદ ફરમાવે છે, જેથી કરીને જે પણ જન્નતમાં દાખલ થઈ રહયા હતા. તેઓ હઝરત આદમ અલયહિસસલામના ચહેરા–મોહરા પર હશે (કે કદની લંબાઈ) ૬૦ હાથ હશે, પરંતુ (હઝરત આદમ અલૈ.ના દુનિયાથી તશરીફ લઈ જવા) પછીથી અત્યાર સુધી હુસ્નો–જમાલ અને કદ–કાઠી ઓછા થઈ રહયા છે.

ફાયદો : જન્નતી મરદોની લંબાઈ ૬૦ હાથ હશે અને પહોળાઈ ૭ હાથ હશે. જેવું કે હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી અબૂ નઈમ (રહ.)એ રિવાયત કર્યું છે :

એક રિવાયતમાં આવે છે કે ૬૦ હાથની લંબાઈ અલ્લાહ જલ્લ શાનુહૂના હાથની છે અને તેનો અંદાજ આદમીના પોતાના હાથથી લગાવવો દુરુસ્ત નથી. કોણ જાણે કેટલી લંબાઈ હશે. ટૂંકમાં એ એટલી વધારે પણ નહી હોય કે જે ગૈર માનૂસ થઈ જાય. વલ્લાહુ અઅ્લમ.

ચાંદ–તારા જેવા ચહેરાઓ

હદીસ : હઝરત અબૂ હુરૈરહ (રદિ.) ફરમાવે છે કે જનાબ સૈયદે દો આલમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જે પ્રથમ સમૂહ જન્નતમાં દાખલ થશે તેમના ચહેરાઓ ચૌદવીંના ચાંદ સમાન હશે અને તેમના પછી જે લોકો દાખલ થશે તેમના ચહેરાઓની ચમક–દમક અને પ્રકાશ–રોશની હશે. આ જન્નતીઓ ન તો પેશાબ કરશે ન સંડાસ. તેઓ ન તો થૂંકશે ન તો તેમની નાકોમાં લીંટની ગંદકી આવશે. તેમના માથું શણગારવાના કાંસકાઓ સોનાના હશે. તેમનો પરસેવો કસ્તૂરીઓ હશે. તેમના ચુલ્હા અને સગડીઓ અગરની હશે. તેમની બીવીઓ હૂરો હશે. તેમના અખલાક એક જ આદમીના અખલાક જેવા હશે. તેમના ચહેરાઓ પોતાના અબ્બા હઝરત આદમ (અલૈ.)ના ચહેરા જેવા હશે. તેમના શરીરની લંબાઈ ૬૦ હાથ જેટલી હશે.

કાળી રંગતવાળાઓનું સૌંદર્ય

હદીસ : હઝરત ઈબ્ને ઉમર (રદિ.) ફરમાવે છે કે એક (હબશી) માણસ જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની પવિત્ર સેવામાં હાજર થઈ અમુક સવાલ કરવા લાગ્યો. આપે તેને ઈરશાદ ફરમાવ્યો. પૂછી લ્યો અને ખૂબ સમજી લ્યો. તો તેણે અરજ ગુજારી. યા રસૂલલ્લાહ ! આપને અમારા ઉપર ચહેરે–મ્હોરે સુંદરતા અને નુબુવ્વતમાં ફઝીલત શ્રેષ્ઠતા બખ્શવામાં આવી છે. આપ શું ફરમાવો છો. જો હું એ રીતે ઈમાન લઈ આવું, જેવી રીતે આપ અલ્લાહ તઆલા ઉપર ઈમાન લાવ્યા અને હું પણ એવાજ અમલ કરું જે પ્રકારના અમલ આપ કરો છો તો શું હું જન્નતમાં આપની સાથે હોઈ શકીશ ? આપે ઈરશાદ ફરમાવ્યો : "હાં" ત્યાર પછી આપે ઈરશાદ ફરમાવ્યો :

મને એ જાતની કસમ જેના કબજામાં મારી જાન છે. કાળા

રંગવાળા શખ્સની સફેદી જન્નતમાં ૧૦૦૦ વરસોની મસાફતથી જોઈ શકાશે. એ પછી રસૂલે ખુદા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો : "જેણે લા ઈલા–હ ઈલ્લલ્લાહ પઢયું તેના માટે અલ્લાહ તઆલા પાસે (નજાત અને જન્નતનો એક પરવાનો લખી આપવામાં આવે છે અને જેણે સુબ્હાનલ્લાહિ વબિ હમ્દિહી પઢયું તેના બદલામાં એક લાખ ચોવીસ હજાર નેકીઓ લખવામાં આવે છે. (આ સાંભળી) એ શખ્સે કહ્યું : યા રસૂલલ્લાહ આવા (ઈનામો મેળવવા) પછી અમે કઈ રીતે હલાક થઈ શકીએ છીએ ? તો જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો : "આદમી કયામતના દિવસે એવો અમલ કરીને આવશે કે જો તેને પર્વત પર મૂકી દેવામાં આવે તો એ તેને પણ ભારે પડે (અર્થાત મજબૂત અને શક્તિશાળી હોવાના એ અમલ કે પર્વત પણ તેનો ભાર ઉઠાવવાની શક્તિ ન ધરાવે) પછી અલ્લાહ તઆલાની નેમઅતોમાંથી (દુનિયાની કોઈ પણ) એક નેઅમત મુકાબલામાં પેશ થશે, જે તેની તમામ નેકીઓને બેવજન કરી દેશે, પરંતુ એ કે અલ્લાહ તઆલા પોતાની રહમતની સાથે બંદાની દસ્તગીરી કરશે (અને તેના નેક આ'માલનો દરજ્જો વધારીને તેને જન્નતનો હકદાર કરી દેવામાં આવશે.

આ હબ્શીએ અર્ઝ કરી : "મારી આંખો પણ શું એ જોઈ શકશે જે આપની આંખો જન્નતમાં જોશે ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો : "હાં" તો એ હબ્શી ખુશીમાં એટલો રડયો કે તેની જાન નીકળી ગઈ. હઝરત ઈબ્ને ઉમર (રદિ.) ફરમાવે છે કે મેં આં હઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને જોયા કે આપ સ્વયં પોતાના મુબારક હાથોથી એ હબ્શીને કબ્રમાં ઉતારી રહયા હતા.

મરદોની ઉમરો

૩૩ વર્ષની ઉમરના હશે

હદીસ : હઝરત મઆઝ બિન જબલ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

''યદ્‌ખલ અહ્‌લલ્ જન્નતુલ્ જન્નત જર્દા મર્દા મુક્‌હિલીન બની સલાસીન અવ્ સલાસ વ સલાસીન.''

તરજુમો : જન્નતી હઝરાત જન્નતમાં એ હાલતમાં જશે કે ન તો તેમના શરીરો ઉપર વાળ હશે ન દાઢી હશે. તેમની આંખોમાં સુરમો આંજેલો હશે અને તેમની ઉમર ૩૦ કે ૩૩ વરસની હશે.

ફાયદો : કેટલીએ રિવાયતોમાં ૩૩ વરસની ઉમરનો ઉલ્લેખ જોવા મળે છે. આ હદીસમાં ૩૦ વરસનો શબ્દ આવ્યો છે. આમાં રિવાયત કરનારને શક છે. જો આને ખરું માની લેવામાં આવે તો ખરી ઉમરો ૩૩ વરસની જ હશે પણ રાવીએ તેમાં કસરને છોડી દીધી અને ૩૩ ને બદલે સીધા ૩૦ નો જ ઉલ્લેખ કરી દીધો.

હંમેશા જવાન રહેશે

હદીસ : હઝરત અનસ બિન માલિક (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

''જન્નતીઓને હઝરત આદમ (અલૈ.)ની શકલો–સૂરતમાં ૩૩ વરસની ઉમરમાં શરીર ઉપરના વાળ વિના તેમજ દાઢી